
કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક · વર્ષ ૬૬મું · માર્ચ ૧૯૯૩ · સળંગ અંક ૭૮૨

તંત્રી : ધીરુ પરીખ

સંપાદક : બિહારીલાલ ટાંક



ભૂતકાલીન ગૌરવ • દરિયાની સપાટીથી અઢી હજાર ફીટ ઊંચે છવ્વીસ ચોરસ માઈલના ઘેરાવામાં પર્વતભૂમિ ઉપર કીર્તિસ્તંભ જેવો પાવાગઢ શોભે છે. સાત સદી પૂર્વે અહીં ચૌહાણ રાજપૂતોની આણ પ્રવર્તતી હતી. મુઘલો, ગુજરાતના સુલતાનો અને મરાઠાઓએ પણ આ સ્થળ મેળવવા યુદ્ધોમાં રક્ત વહાવેલું. આજે તો તેના કિલ્લાનાં અને મહેલ, કોઠાર વગેરેનાં ખંડેર જ રહ્યાં છે. અહીં પાવાગઢની તળેટીના કિલ્લાનું એક ભગ્ન દ્વાર દર્શાવ્યું છે.
(ફોટો · ચંદ્રકાન્ત બી. પટેલ)

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઓર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પુરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦ તથા આજીવન રૂ. ૯૦૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.
- ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવાનો આગ્રહ રાખવો. 'કુમાર'ની કોથળી પર તે દર્શાવવામાં આવ્યો હોય છે.
- સરનામામાં ફેરફાર કે એવી અન્ય કંઈ સૂચના જે માસની આખર સુધીમાં મળશે તેનો અમલ તે પછીના માસના અંકથી શક્ય બનશે. આવી સૂચના મળ્યા પહેલાં રવાના થઈ ચૂકેલો અંક ફરી મોકલવો શક્ય નથી.
- ગુમ થયેલા અંકો અંગે જો અમને એકાદ માસમાં ફરિયાદ મળશે તો જ તેનો નિકાલ થઈ શકશે. પરન્તુ એથી જૂના અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે અશક્ય છે.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.', ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

માર્ચ ૧૯૯૩

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૭૮૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશ માટે રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

'કુમાર'ના ઓક્ટોબર '૯૨ના અંકમાં શ્રી હસમુખ બારાડીનો અભ્યાસપ્રચૂર લેખ 'રૂપાંતરણની કળા - હેમ્લેટ' વાંચ્યો. હેમ્લેટ વિષેનું તેમનું વાચન પણ તલસ્પર્શી છે, તેવી છાપ પડી. એક ઇટાલિયન વિવેચકે હેમ્લેટ નાટકનાં ચાર લેવલ્સ પર લખેલું એક સુંદર પુસ્તક વાંચવામાં આવ્યું. શ્રી હસમુખભાઈની વાત પ્રમાણે જગત સાહિત્યમાં હેમ્લેટની ટ્રેજેડિ અનંતકાળ સુધી ભજવાતી જશે અને તેના ઉપર ટીકાઓ પણ લખાતી જશે. એક વાક્ય 'To a Nunnary go' ઉપર મેં પ્રો. એસ. આર. ભટ્ટના વિશ્લેષણના કેટલાંય વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો સાંભળેલાં. આ સાથે આવી મહાન ટ્રેજેડિને પારસીઓએ કેવી ખૂબીથી કોમેડિ બનાવીને ભજવી છે તેનો થોડો અંશ મોકલું છું. વાચકોને તેમાં રસ પડશે.

ઘણાં વર્ષો પહેલાં ધોબીતલાવથી ક્રાફર્ડ માર્કેટ ટહેલતાં ટહેલતાં એક સ્કૂલના રંગમંચ ઉપર પારસી નાટક જોયાનું યાદ છે. શીર્ષક હતું 'હેમ્લેટનું ઓમ્લેટ'. શેક્સપીઅરની આ અદ્ભુત ટ્રેજેડિને પારસી શિક્ષકે નાટકના ઘણા અંકોને ઊલટાસૂલટા ફેરવી પારસી બોલીમાં નાટક લખેલું તે શાળાના વિદ્યાર્થીઓએ ભજવેલું.

પહેલા અંકમાં હેમ્લેટ પારસી બુચાના વેશમાં પારસી સદરો, પારસી ટોપી, અડધિયા ચડ્ડી પહેરીને બાબાગાડીમાં પ્રવેશે છે. ઓફેલિઆ બનેલી પરવીન તેને ધકેલીને સ્ટેજ પર લાવે છે. પછી એ દૃશ્યમાં અંધારું કરીને કિલ્લાની પાછળથી હેમ્લેટના પિતાનો અવાજ સંભળાય છે. એ બોલે કે, 'બુચા...તારી માયજી અને કાકાએ મળીને મારું કાટલું કીધેલું છે! સમજ્યો! તું પાગલ થૈ ગયો તે મેં જોયું. પન તું હવે એવનને પાગલ કર તો મારા આત્માને બહિસ્તનો દરવાજો મળે.' પછી આવીને એક અત્તરની શીશી હેમ્લેટને આપીને કહે છે કે, 'મહેલની બાજુમાં શીરીન રહે છે, તેને મારી યાદ કહેજે અને આય અત્તરની શીશી આપજે.'

હેમ્લેટ તાડૂક્યો: 'બાવા, તમે બેહિશ્તમાં ગયા પન તમારાં લફરાં નહિ ભૂલીયાં ? ઠીક છે, મારી પરવીનના એવન માસીબા જ છે તેથી વાંધો નહિ.'

બીજો પ્રવેશ શરૂ થાય છે. તેમાં હેમ્લેટનો કાકો અને માયજી બંને સ્ટેજ પર બેઠેલાં છે અને સામે સોપારી લેનાર પહેલવાનને હાજર કરેલો છે. રાજા ક્લોડિઅસને કહે છે, 'ખૂન કરવાનો તમારો શો ચાર્જ છે ?' મારો બનનાર પહેલવાન એક કસાઈ જેવા વેશમાં આવેલો છે. તેની પાસે છરો, બંદૂક, ઝેરની શીશી, ભાલો અને તલવાર પણ છે. મારો પહેલવાન જવાબ આપે છે : કેટલાં ખૂન કરવાનાં છે ? મારો હોલસેલ અને રિટેલનો ચાર્જ જુદો છે. ફટાક દઈને ખંજર ભોંકી દઉં તો સસ્તામાં પતે, બાકી તલવારથી ડોકું કાપવાનો ભાવ જરા ઊંચો છે...લગભગ ૫૦૦૦!' રાજા ભડકીને કહે છે: 'ભાવ ખૂબ વધારે છે. કંઈક ઓછું કરો ને!' રાજાને કહે છે કે : 'તું યે શું ? મારા એકના એક ધનીને મારવા માટે તું આવો ખાટકી જેવો ખવીસ લઈ આવ્યો ? આય શું બકરો કાપવાનો છે કે ઝટકાથી મટન કાપવાનું છે ? તું બી જો આમ જ મારા ધનીને કાપવાનો હોશે તો નહિ અદરાવું ? હું ભાંડો ફોડીશ!'

રાજા રાણીને શાંત પાડે છે અને કહે છે કે : 'આપણે ધીમે ધીમે કાનમાં ઝેરથી મારીશું ડાર્લિંગ! હવે તો તું નહિ ડરે ને ?' રાણી કહે : 'એવું હોસે તો હેમ્લેટને હું પટાવી રમાડીને રાજી રાખીશ...'

આમ, દરેક પાત્રને અને તેમાંય ઓફેલિઆ હેમ્લેટનો હનીમૂન પણ સ્ટેજ પર ઊભો કરાવે છે. આખું નાટક ખૂબ જ રમૂજ ઉપજાવે છે અને તેના અંતમાં પાછા બધાં જ પાત્રો હાથ મિલાવે છે અને હેમ્લેટના લગનનું રિસેપ્શન પણ ગોઠવાય છે!

આમ, પારસી કોમની અને પારસી બોલીની છટા આ કરુણાન્તિકાને એક અફલાતૂન કોમેડિમાં ફેરવી બતાવે છે! - જગદીશ મહેતા (મુંબઈ ૫૪)

¤

કુમારનો ૭૮૦-૮૧મો અંક મળ્યો, વાંચ્યો - સતપર્ક રહ્યો. અશોક દવેએ કરાવેલો હુંદરાજ 'દુખાયલ'નો ચરિત્ર-પરિચય હૃદયસ્પર્શી રહ્યો. ગાંધીયુગ અને સ્વાતંત્ર્યના આંદોલનના કાળની ફનાગીરી અને ત્યાગની ભાવના તથા મિશનરી સ્પિરિટ તાદૃશ થયા. સિંધી નેતા ભાગલાની વેદના, મૂળિયાંમાંથી ઊખડી જવાનો પરિતાપ છતાં તેમની પ્રતિશોધ યાત્રામાં ક્યાંયે ડંખ, ધિક્કાર કે વૈમનસ્યની લાગણ નહીં. ગાંધી, વિનોબા પ્રત્યેની સમર્પિતતા માન ઉપજાવનારી, હૃદયોર્મિને કવિતામાં ઢાળીને રાષ્ટ્રિય જાગ્રતિ માટે, ગામેગામ રાષ્ટ્રપ્રેમ જાગ્રત કરનારા હુંદરાજજી માટે અનહદ આદર જન્મે છે. આજના કોમી અરાજકતાના વાતાવરણમાં ભાવોદ્રેક થઈ આવે છે કે હુંદરાજજીની ચેતનાનો સ્પર્શ આપણને થઈ આવે તો ?

ઉત્તમ પરમાર (કીમ)

¤

'કુમાર'ના જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૯૩ના અંકમાં 'હિંદ છોડો ચળવળના સ્વાતંત્ર્ય સૈનિકો' વિશેનો લેખ વાંચવામાં રસ પડ્યો. ભારતની આઝાદી માટે હજારો અનામી સ્વાતંત્ર્ય સૈનિકો કેવી વીરતા દર્શાવીને, પોતાના જાનની પરવા કર્યા વિના, પોલીસના લાઠીમાર તથા ગોળીબાર સામે ઝૂઝ્યા હતા, તેની ઝાંખી લેખમાંથી મળે છે. અગાઉ પણ હિંદ છોડો ચળવળ વિશેના લેખો વાંચીને આનંદ થયો હતો. સરકારી દફતર કે વર્તમાનપત્રોમાંથી ન મળી શકે એવી ઘણી ઉપયોગી માહિતી તેમાંથી પ્રાપ્ત થાય છે. એ દૃષ્ટિએ આ મુલાકાતોની માહિતી ઘણી લાભદાયી થશે.

ડી. બી. દેસાઈ (અમદાવાદ - ૧૪)

¤

લવાજમ વધારવાની યોજનાને અંગત રીતે હું તો ટેકો આપું છું. અન્ય કેટલા વાચકો સહમત થશે તે શ્રદ્ધાનો સવાલ છે... નવા ગ્રાહકો બનાવવાનું જરા મુશ્કેલ છે. છાપું પણ પડોશીનું માગીને વાંચનારી ગુજરાતી પ્રજાને એમ જ અપીલ કરવી રહી કે 'કુમાર' નું લવાજમ એક દૈનિકના લવાજમ કરતાં ત્રીજા ભાગનું જ થાય છે.

અશોક શાસ્ત્રી (ભાવનગર)

¤

ડિસેમ્બરનો અંક મળ્યો... તમોએ અંક મોડો પ્રકટ થવા અંગેના ખુલાસા સાથે દિલગીરી વ્યક્ત કરી તે તમારી વિવેકદૃષ્ટિ છે. તમારો કંઈ પણ દોષ અંક મોડા થવા અંગેનો નથી... તમારી મુશ્કેલ પરિસ્થિતિ સાથે અમારી સહાનુભૂતિ અને સહકાર છે. **પ્રેમજી ઘેલાભાઈ (મુંબઈ - ૧૮)**

નવું લવાજમ

'કુમાર'નું લવાજમ હવેથી રૂ. ૧૦૦ છે તેની ગ્રાહકો-એજન્ટોએ નોંધ લેવી.

પ્રભાતિયું/શશિશિવમ્

સ્વચ્છ આકાશમાં પૂર્ણિમાનો ઝગે
ચન્દ્રમા, સરવરે શાંત ઝળકે,
પોયણાંનાં ખીલે શુભ્રદલ સ્વચ્છ ને
અમી ઝીલી પૂર્ણનાં હૃદય મલકે.

પૃથ્વીની પારના લોક અણદીઠ ક્યિા
નેહ શીળો અભિરામ વરસે:
પોયણું ઊઘડશે નેહ તો પરસશે,
અન્યથા જીવ ઠાલા વિલપશે.

પૂર્ણ આ ચન્દ્રમા, પૂર્ણ આ પોયણું,
પૂર્ણ એ સકળમાં નિત વિલાસે;
પૂર્ણની ઝરમરે ચાંદની આભથી
અણુઅણુ પૂર્ણ થઈ નિત્ય હાસે.

પૂર્ણથી ઉદ્‌ભવ્યો પૂર્ણ તું સર્વદા
પરખતાં પૂર્ણતદ્રૂપ થાશે;
ના વધે ના ઘટે નિત્ય અવિનાશી એ
અખિલમાં એક પરિપૂર્ણ વાસે.

ચલ/મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'

(ગઝલ)

થાક કેવો ! થાકવાનું છોડ, ચલ.
દોડ, ખુદને આંબવાને દોડ, ચલ.

અન્યથા પાષાણ તો પાષાણ છે;
ફોડ, પરપોટો ગણીને ફોડ, ચલ.

શ્વાસ-સસલાને કદી રોકાય છે ?
છો હયાતી વાઘની છે બોડ, ચલ.

પ્રેમનું પરબીડિયું પ્હોંચાડવા -
ચલ, ટિકિટ 'પ્હોંચી જશે'ની ચોડ, ચલ.

નેણનાં નેવાં હવે ટપ...ટપ....ટપક !
આંગણામાં રોપીએ ગુલછોડ, ચલ.

યત્ન કર/'પ્રણય' જામનગરી

(મુક્તક)

મન મુલાયમ રાખવાનો યત્ન કર,
દર્દ કાયમ રાખવાનો યત્ન કર,
જે તને સુખ આપતી હો હર ઘડી
એ જ મોસમ રાખવાનો યત્ન કર.

સંવાદ વિલસે/દેવેન્દ્ર દવે

(શિખરિણી - સૉનેટ)

સખી, તારી મારી વચ અધૂરપો - ભેદ પણ કૈં:
સવારે તું વહેલી ઊઠતી, બ્રશ, ચ્હાના ઘૂંટ ભરે;
હું તો માણું કૉફી-કપની કડવાશો અલસથી !
પહેરે વસ્ત્રોના ઝલમલ થતા 'ઠાઠ' તુજને;
ધરું લેંઘા-ઝભ્ભા ધવલ -બસ 'ઢાંકે તન' ઘણું.
રસોઈમાં મારે મઘમઘ થતા સ્વાદ નવલા !
તને તંદુરસ્તી ભરી સઘળી 'ચીજો' જ ખપતી;
તને વ્હાલાં ટીવી-સિરિયલ, મને નાટક ગમે !

જપે માળા, દીવો, સ્તુતિ ઇશ તણી ભાવુક ઉરે,
મને ના મૂર્તિમાં રસ કદી પડે; 'નાસ્તિક' ગણે !
લતા-કંઠે ગાયાં ભજન તુજ એકાંત ભરતાં,
મને તો દર્દીલાં ગઝલ-ગીત આકર્ષણ ધરે !
વિરોધો 'તું' 'હું' માં તદપિ સખી, સંગે જીવી રહ્યાં
સુખે, કાં કે વચ્ચે હૃદયદ્વય સંવાદ વિલસે !

કોઈ/મનોહર ત્રિવેદી

(ગાન)

ઓચિંતો વરસ્યો વરસાદ રાતવેળા : હું ઝબકીને જાગી
દડ્યા ઉમ્બરના પાતળાક રેલા : હું ઝબકીને જાગી.

બાઈ રઈ રઈને ટપકે છે કેવાં હોજી રે,
રૂંવે રૂંવે ચટકે છે મને નેવાં હોજી રે,
જેમ ઝબકે છે અંકાશી વીજળી હોજી રે
હુંય કોની પછવાડે આમ નીકળી હોજી રે.

કોઈ હોય નહીં થાય તો ય મેળાં : હું ઝબકીને જાગી
ઓચિંતો વરસ્યો વરસાદ રાતવેળા : હું ઝબકીને જાગી.

ભીના વાળમાં મેં ફેરવી છે કાંસકી હોજી રે
પછી સૂપડામાં જાત સોતે ઝાટકી હોજી રે,
ભર્યો ચૂલે ઓબાળ મૂકી લાપસી હોજી રે
થતી ઝળહળતી ઓશરી ને આરસી હોજી રે.

કોઈ નીંદરમાં જાગે છે ભેળાં : હું ઝબકીને જાગી
દડ્યા ઉમ્બરના પાતળાક રેલા : હું ઝબકીને જાગી.

હું તો સાંજ લગી હતી નર્યું ચીંથરું હોજી રે
સોનવરણી કાયામાં હવે નીતરું હોજી રે,
મેં તો ખુલ્લાં ફટ્ટાક મેલ્યાં બારણાં હોજી રે
મર પલળે કોરીકટ્ટાક ધારણા હોજી રે.

કોઈ ઠારે છે જીવના ઝળેળા : હું ઝબકીને જાગી
ઓચિંતો વરસ્યો વરસાદ રાતવેળા : હું ઝબકીને જાગી.

ભારતની મહાન યોગી-પરંપરાના એક ઝળહળતા સિતારા સમા શ્રી પરમહંસ યોગાનંદજીનો જન્મ હિમાલયની તળેટીમાં આવેલા ગોરખપુર ગામમાં ૫ જાન્યુઆરી ૧૮૯૩ના રોજ થયો હતો. પિતાનું નામ ભગવતીચરણ ઘોષ અને માતાનું નામ જ્ઞાનપ્રભા. બંને ઋષિતુલ્ય આદર્શ દામ્પત્ય જીવન જીવતાં હતાં. તેમણે યોગાવતાર લાહિરી મહાશય પાસે 'ક્રિયાયોગ'ની દીક્ષા ગ્રહણ કરી હતી.

જન્મ પછી બાળકનું નામ 'મુકુન્દ' પાડવામાં આવ્યું. વડીલો તેને 'મુકુન' કે 'મુકો' કહી બોલાવતા. તેનાથી નાનાં ભાઈબહેન તેને 'મેજદા' કહેતા. મુકુન્દ તેનાં માતાપિતાનું ચોથું સંતાન. બધાં મળી તેઓ આઠ ભાઈ-બહેન હતાં, ચાર ભાઈ અને ચાર બહેન.

ભગવતીચરણ દયાળુ અને ગંભીર પ્રકૃતિના હતા. બાળકો તેમને ચાહતાં પણ થોડુંક અંતર રાખતાં. ગણિત અને તર્કશાસ્ત્ર તેમના પ્રિય વિષયો હતા. જ્ઞાનપ્રભા અત્યંત પ્રેમાળ હતી. તે બાળકોને પ્રેમપૂર્વક શીખવતી. રામાયણ-મહાભારતની વાર્તાઓ દ્વારા તે જીવનના ઉમદા ગુણો સમજાવતી.

મુકુન્દના જન્મ પછી થોડા સમયમાં જ લાહિરી મહાશયે દેહત્યાગ કર્યો. તેમનો એક ફોટોગ્રાફ ભગવતીબાબુના પૂજાખંડમાં હતો. જ્ઞાનપ્રભા રોજ એ ફોટા સામે બેસી પૂજા કરતી. એ સમયે મુકુન્દ મા પાસે જઈને બેસતો.

મુકુન્દને બાળપણથી જ એકાન્તવાસ ગમતો. અનુકૂળતા થતાં જ તે એકાંત સ્થળે પદ્માસનમાં બેસી આંખો બંધ કરી દેતો.

રવિવારે મુકુન્દનો સમગ્ર પરિવાર ગોરક્ષનાથના મંદિરમાં પૂજા કરવા જતો. એક રવિવારે ઘરમાં કોઈ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું. અનેક સ્નેહીસંબંધીઓ ઘરે આવ્યાં. બધાંનું ખાવાપીવાનું પૂરું થતાં રાત પડી ગઈ. જ્યારે એક પછી એક બધાં વિદાય થયાં ત્યારે અચાનક માને ખ્યાલ આવ્યો કે મુકુન્દ ક્યારનો દેખાતો નથી. ઘરમાં તથા આસપાસ તપાસ કરી, પણ તે મળ્યો નહીં. પુત્રની પ્રકૃતિથી પરિચિત માતાએ પતિને કહ્યું, 'આપણે દર રવિવારે પૂજા કરવા ગોરક્ષનાથના મંદિરે જઈએ છીએ. આજે જઈ શક્યાં નથી. એ ત્યાં જઈને બેઠો તો નહીં હોય ?'

ભગવતીબાબુ અને બીજાં કેટલાક કુટુંબીજનો મંદિરે ગયા. જ્ઞાનપ્રભાની ધારણા સાચી પડી. મુકુન્દ મંદિરમાં ધ્યાનસ્થ તપસ્વીની જેમ બેઠો હતો. ઘરમાં જ્યારે સહુ ઉત્સવના આનંદમાં મગ્ન હતા ત્યારે તે એક કિલોમીટરથી પણ વધુ અંતર કાપી મંદિરમાં પહોંચી ગયો હતો.

કોઈ મોટેથી બૂમ પાડવા જતું હતું, પણ ભગવતીબાબુએ તેને ઈશારાથી જ તેમ ન કરવા સૂચવ્યું. બધા રાહ જોવા લાગ્યા. ખાસ્સા સમય પછી આંખ ખોલી મુકુન્દે ચારે તરફ જોયું. સામે આટલા બધા માણસોને જોઈ તે થોડો અસ્વસ્થ થયો. પિતાને જોઈ તેણે મસ્તક ઝુકાવી દીધું. પિતાએ ગંભીર મોં કરી તેને કહ્યું, 'ઘરે ચાલ, રાત પડી ગઈ છે. આ બધા તારા અંગે ચિંતિત હતા.' પછી બધા ઘરે ગયા.

જ્ઞાનપ્રભા પુત્રને આધ્યાત્મિક વિકાસમાં મદદ કરતી. તેણે પોતાના હાથે લગભગ દોઢ ફૂટ લાંબી કાલી માતાની મૂર્તિ તૈયાર કરી હતી. મુકુન્દ તેની સામે બેસી પૂજા કરતો, ધ્યાન ધરતો. પૂજા સમયે તે એક ભગવો પડદો લગાવી પોતાને બધાથી અળગો કરી લેતો.

મુકુન્દ પ્રતિવર્ષ કાલીપૂજાનો ઉત્સવ ધામધૂમથી કરતો. પછી મા કાલીને પ્રાર્થના કરતો, 'મા, અમને બધાને દોષરહિત કરો, સમસ્ત કુપ્રવૃત્તિનો નાશ કરો.'

મુકુન્દના ઘરની બાજુમાં એક બંગાળી સન્નારી રહેતી હતી. મુકુન્દ તથા તેનાં ભાઈબહેનો તેને 'માસી' કહીને બોલાવતાં. તે તેમને ખૂબ વહાલ કરતી. બધાં ભાઈબહેનો પૈકી મુકુન્દ પર તેને વધારે હેત હતું. એક વાર તેણે મુકુન્દને લાલ રંગની સોનેરી માછલી આપી. મુકુન્દે તે તેમના ઘરમાં આવેલા


ગુરુ : શ્રી શ્રી યુક્તેશ્વર ગિરિ


પિતા : ભગવતીચરણ ઘોષ


માતા : જ્ઞાનપ્રભા ઘોષ

હોજમાં મૂકી દીધી. એ હોજના પાણીનો ઘરના કામકાજમાં ઉપયોગ થતો. મુકુન્દને ડર હતો કે પાણી કાઢતાં કોઈ માછલીને મારી ન નાખે. તેથી તે વારંવાર ત્યાં જઈ જોઈ આવતો કે માછલી જીવે છે કે નહીં. તે તથા અન્ય ભાઈબહેન હોજ પાસે બેસી માછલીની રમત જોયાં કરતાં. બધાને માછલીની માયા થઈ ગઈ હતી.

એક દિવસ વહેલી પરોઢે દુ:સ્વપ્ન જોઈ મોટીબહેન રમાની આંખો ખૂલી ગઈ. બંગાળીઓમાં એવી માન્યતા છે કે દુઃસ્વપ્નની વાત પાણી પાસે ઊભા રહી બોલવાથી તે પ્રમાણે થાય નહીં. એ વખતે બધાં ઊંઘતાં હતાં. મોટીબહેન ચૂપચાપ હોજ પાસે જઈ ઊભી રહી. તેણે જોયું કે માછલી તો નથી ! ધારીને જોયું તો માછલીને બહાર મરેલી જોઈ.

તે બૂમ પાડી ઊઠી, 'મા, મા, મુકોની માછલી મરી ગઈ છે.'

તેનો અવાજ સાંભળી બધાં ઊઠી ગયાં, હોજ પાસે એકઠાં થયાં. મુકુન્દ પણ ધીમેથી ત્યાં પહોંચ્યો. તેની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. નીતુ નામના નોકરે સ્વીકાર કર્યો કે તેની ભૂલથી માછલી મરી ગઈ છે. તેને ઉદ્દેશી મુકુન્દ કહેવા લાગ્યો, 'તેં મારી માછલીને કેમ મારી નાખી ?' માતા, પિતા, દીદી, મોટાભાઈ - બધાએ સમજાવવા પ્રયાસ કર્યો, પણ મુકુન્દ રડતો રડતો ઉપર જતો રહ્યો.

ધાબામાં જવાના દરવાજા પાસે દીવાલને માથું અઢેલીને મુકુન્દ રડવા લાગ્યો. તેના ડૂસકાંનો ધ્વનિ નીચેના માળે પણ સંભળાતો હતો. જમવાનો વખત થયો તો યે મુકુન્દનો રોષ, ગુસ્સો, શોક ઓછો થયો નહીં. માને ચિંતા થવા લાગી. સાંજ પડવા લાગી. આખરે દીદી તેને મનાવવા ગઈ; પણ તે માન્યો નહીં. રમાદીદીએ કહ્યું, 'મુકો, તું તો માને ખૂબ ચાહે છે. આ જ તારો પ્રેમ છે ? જે માને ચાહે તે માને દુઃખ દે ?'

આંખમાં આંસુ સાથે મુકુન્દે કહ્યું, 'મેં માને ક્યાં દુઃખ આપ્યું છે ?'

'મા અત્યાર સુધી ભૂખી બેઠી છે એ બીજું શું છે ?'

મુકુન્દ વિસ્મિત થઈ રમા સામે જોવા લાગ્યો. તે તેને ખૂબ વહાલ કરીને નીચે લઈ ગઈ. પછી તેને તેડીને કહેવા લાગી, 'બંને હાથે મને ગળે વળગ તો.'

મુકુન્દે માત્ર ડાબા હાથે બહેનનું ગળું પકડ્યું. તેને ધમકાવતાં દીદીએ કહ્યું, 'બે હાથે પકડવા કહ્યું ને; પકડ, નહીં તો બંને પડીશું.'

આમ કહેવા છતાં મુકુન્દે બંને હાથે ન પકડી ત્યારે તેના જમણા હાથ સામે રમાએ જોયું. મુઠ્ઠી બંધ હતી. તેણે જોરથી મુઠ્ઠી ખોલી તો તેમાંથી એક પેન્સિલ અને એક કાગળનો ટુકડો મળી આવ્યાં. કાગળ પર મુકુન્દે અંગ્રેજીમાં લખ્યું હતું :

my

red fish is die.

ગોરખપુરમાં મુકુન્દનો શાળાનો અભ્યાસ શરૂ થયો. તેને ત્યાંની સેન્ટ એન્ડ્રુઝ સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યો. પાલખીમાં બેસીને જતો-આવતો.

એ સમયે એક વિચિત્ર ઘટના ઘટી. ઘરમાં માતાપિતા અને મોટા ભાઈ ઉપર પત્રો આવતા. તેઓ જ્યારે પત્રો વાંચતા ત્યારે મુકુન્દ પૃચ્છા કરતો - કોણે લખ્યો છે, ક્યાંથી લખ્યો છે, શા માટે લખ્યો છે ? માતાપિતા તેને



આ વર્ષે જેમની જન્મશતાબ્દી વિશ્વભરમાં ઉજવાઈ રહી છે એવા ભારતની મહાન યોગીપરંપરાના ઝળહળતા સિતારા સમા

શ્રી પરમહંસ યોગાનંદ

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

સમુચિત જવાબો આપતાં. પરંતુ મોટાભાઈ ગુસ્સે થઈને કહેતા, "જુએ છે ને, મારા કેટલા બધા મિત્રો છે ! કેટલા દૂર દૂરથી તેઓ મને પત્રો લખે છે ! તને શું કોઈ કાગળ લખે છે ? તારે કોઈ મિત્ર જ ક્યાં છે જે તને પત્ર લખે !'

મુકુન્દ માબાપને પૂછતો, 'મને કેમ કોઈ પત્ર લખતું નથી ?' મા તેને સમજાવતી, 'થોડો મોટો થા, પછી જો જે, કેટલા લોકો તને પત્રો લખે છે. તને શું કોઈ કાગળ લખે છે ?'

પરંતુ મુકુન્દને સંતોષ ન થતો. તેને થયું કે બીજું કોઈ નહિ તો ભગવાન તો તેને પત્ર લખી શકે ને ! તે ખૂબ વિચાર કરીને એક મોટો કાગળ લઈ ભગવાનને પત્ર લખવા બેઠો :

શ્રી ચરણકમલેષુ 'ભગવાન'

તમે કેમ છો ? તમને શું તાવ આવ્યો છે ? રોજ તમારી સાથે કેટલી વાતો કરું છું ! તમને રોજ પત્ર લખવાનું કહું છું. લાગે છે કે તમે મારી વાત ભૂલી ગયા છો. મને ખૂબ ખરાબ લાગ્યું છે. તમને ખબર છે - મા, પિતાજી, અને મોટાભાઈ ઉપર રોજ કેટલા પત્રો આવે છે ? મને કોઈ લખતું નથી. તમે મને જરૂર પત્ર લખજો. જો જો, ભૂલી ન જતા. બીજું શું લખું ! તમે મારા પ્રણામ સ્વીકારો, સહુને આપો. હું મઝામાં જ છું. બાબાપુજી બધાં મઝામાં છે. એ જ, પ્રણામ સાથે, મુકુન્દ.

પછી પત્રને એક પરબીડિયામાં બંધ કરી ઉપર સરનામું લખ્યું - શ્રી ભગવાન, સ્વર્ગ. પરબીડિયું પોસ્ટની પેટીમાં પણ નાખ્યું.

દસ દિવસ વીતી ગયા. ભગવાને કોઈ પત્ર લખ્યો નહીં. મુકુન્દ ચિંતાતુર થયો. વિચારવા લાગ્યો : ભગવાનને પત્ર મળ્યો તો હશે ને ? ઘરે ટપાલી આવતાં જ તે જઈ પૃચ્છા કરતો. 'મારો પત્ર આવ્યો છે ?' ટપાલી હસીને કહેતો, 'ના, છોટે સરકાર, નથી આવ્યો. આવશે તો કોઈને નહીં આપું. તમારા હાથમાં જ મૂકીશ. પણ મને બક્ષિશ આપવી પડશે.'

થોડા વધુ દિવસો પસાર થઈ ગયા, પણ મુકુન્દના પત્રનો ઉત્તર આવ્યો નહીં. તે ભગવાન પર ગુસ્સે થતો, 'પૃથ્વીનું સંચાલન કરવું શું એવું કપરું કામ છે કે મને એક પત્ર લખવાનો વખત મળતો નથી ? ઠીક છે, હું તને બીજો પત્ર લખીશ નહીં.' પછી તે મનમાં ભગવાન સાથે વાત કરતો, 'અચ્છા, તું આટલો બધો નિષ્ઠુર કેમ છે, કહે તો ? તારી સાથે હું રોજ કેટલી બધી વાતો કરું છું ? તે દિવસે મેં એક પત્ર પણ પોસ્ટ કર્યો હતો...છતાં તું કેમ મારા પત્રનો ઉત્તર આપતો નથી ?'

આ રીતે મુકુન્દના દિવસો પસાર થતા હતા. એક દિવસ રાત્રે મુકુન્દે એકાએક જોયું, તેના શયનખંડમાં અજવાળું થઈ ગયું હતું. ભગવાને સંભવતઃ એ પ્રકાશ દ્વારા તેના પત્રનો ઉત્તર આપ્યો હતો. તેના મનમાં આનંદ માતો ન હતો. માને ઊંઘમાંથી ઉઠાડી તેણે બધી વાત કરી. પુત્રને છાતી સરસો ચાંપી મા બોલી, 'મને ખબર હતી, મુકુન્દ, તારા જેવા ભક્તથી તે લાંબો સમય દૂર રહી શકશે નહીં; તારા પત્રનો ઉત્તર એક દિવસ આવશે જ.'

ભગવતીબાબુની બદલી ગોરખપુરથી લાહોર થઈ. તેઓ ૨૪ નવેમ્બર ૧૯૦૨થી ૧૯૦૪ના એપ્રિલ સુધી લાહોર રહ્યા. નવા ઘરે આવી કુટુંબના અન્ય સભ્યો ઘર તથા આસપાસનો પરિવેશ જોવા લાગ્યા ત્યારે મુકુન્દ એ તપાસ કરવા લાગ્યો કે કાલી માતાની મૂર્તિની સ્થાપના ક્યાં કરવી જોઈએ. બધી બાજુનો વિચાર કરી તેણે બીજે માળ ગેલેરીમાં એક ખૂણામાં મૂર્તિ સ્થાપી. ઓઠું કરવા માટે એક પડદો પણ લગાવ્યો. લાહોરનિવાસ દરમ્યાન મુકુન્દ એ જગ્યાએ બેસી કાલી માતાની પૂજા-અર્ચના કરતો હતો.

મુકુન્દની અદમ્ય ઇચ્છા-શક્તિનું પ્રતિબિંબ પાડતો એક પ્રસંગ બન્યો. ટિક્કારસિંહ અને કલ્લુ નામના બે વિખ્યાત પહેલવાનો વચ્ચે કુસ્તીનું દંગલ ખેલાવાનું હતું. એની જાહેરાત કરતા પોસ્ટરો ઠેરઠેર લગાવવામાં આવ્યાં હતાં. એ દંગલ જોવા જવા દેવા માટે મુકુન્દે પિતાજીને વિનંતી કરી. કુસ્તીના અંતે બે પક્ષ તરફથી જે ધમાલ થતી તે પસંદ ન હોવાને કારણે ભગવતીબાબુએ મુકુન્દને રજા ન આપી. મુકુન્દે જવાની હઠ પકડી. પ્રેમાળ માતાએ તો રજા આપી, પણ પિતાજી સંમત ન થયા.

એક દિવસ તક મળતાં મુકુન્દ પિતાના રૂમમાં ઘૂસી ગયો અને અંદરથી બારણું બંધ કરી બેસી રહ્યો. પિતાએ બારણું ખોલવા ખૂબ સમજાવ્યો પણ તે એક જ વાત કરતો રહ્યો, "પહેલા કહો - 'જવા દઈશ' - પછી જ બારણું ખોલીશ". પિતાજીનાં વસ્ત્રો એ રૂમમાં હતાં તેથી તેઓ ઓફિસ જઈ ન શક્યા. ચોવીસ કલાક સુધી ખાધાપીધા વિના મુકુન્દ રૂમમાં બેસી રહ્યો. આખરે પિતાએ નમતું જોખ્યું. દરવાજો ખોલી પોતે દિગ્વિજયી થયો હોય તેમ મુકુન્દ બહાર નીકળ્યો. શરીર પર ક્યાંય ક્લાન્તિની નિશાની નહીં. બાળપણથી જ મુકુન્દમાં કેવી દૃઢ સંકલ્પશક્તિ હતી તેનો ખ્યાલ આ ઘટના દ્વારા આવે છે.

લાહોરમાં બે વર્ષ રહ્યા પછી ભગવતીબાબુની બદલી ઉત્તર પ્રદેશના બરેલી નગરમાં થઈ. તેમણે ૨૬મી એપ્રિલ ૧૯૦૪ના રોજ ત્યાંનો કાર્યભાર સંભાળ્યો. એ જ દિવસે તેમની પત્ની જ્ઞાનપ્રભાનું અવસાન થયું. એ વખતે મુકુન્દની ઉંમર ૧૧ વર્ષની હતી. માતાના મૃત્યુ પછી મુકુન્દની ઈશ્વરપ્રાપ્તિની ઝંખના તીવ્રતર બની. તેનું હિમાલયનું આકર્ષણ પણ વધવા લાગ્યું. તેમના બંગલાના પ્રાંગણમાં પારિજાતનું વૃક્ષ હતું. મુકુન્દ તે વૃક્ષની છાયામાં ધ્યાનમાં બેસતો.

એક દિવસ મુકુન્દનો એક પિતરાઈ તેમને મળવા આવ્યો. તે પહાડોમાં ફરી આવ્યો હતો. તે ઊંચા પર્વતોની અને તેમાં વસતા યોગીઓ અને સંન્યાસીઓની વાતો કરતો હતો. મુકુન્દ ખૂબ ધ્યાનપૂર્વક તે સાંભળતો હતો.

મુકુન્દે તેમના મકાનમાલિકના પુત્ર દ્વારકાપ્રસાદને એકવાર સૂચવ્યું, 'ચાલ, આપણે હિમાલયમાં જતા રહીએ.' તેણે કશો ઉમળકો બતાવ્યો નહિ; ઊલટાનું મુકુન્દના મોટાભાઈ અનંતને આ વાત કહી દીધી. અનંતે પહેલા તો મુકુન્દની મજાક ઉડાવી પણ પછી તેની ગતિવિધિ પર નજર રાખવા લાગ્યો.

મુકુન્દ એક દિવસ બપોરે કોઈને કહ્યા વિના હિમાલય તરફ જવા નીકળી પડ્યો. અનંતે તેનો પીછો કર્યો અને નૈનિતાલથી ઝડપી લીધો. પોતાની યોજના નિષ્ફળ જવાથી મુકુન્દ ઉદાસ થઈ ગયો.

આઠે ભાઈબહેનોમાં અનંત સૌથી મોટો હતો અને શિસ્તનો દૃઢ આગ્રહી હતો. સહેજ પણ અન્યાય તે સહી શકતો નહીં. માનુદિ નામની એક વિધવા તેમની દૂરની સગી હતી. તેમની સારસંભાળ રાખવા તે આવી હતી. બધાં ભાઈબહેનને કાબૂમાં રાખવા તે જાતજાતના પ્રયાસ કરતી. ક્યારેક અનુચિત પણ. ખાવાપીવામાં, સૂવાબેસવામાં - બધી વાતમાં તે બિનજરૂરી રોકટોક કરતી. મક્કમ મનનો મુકુન્દ તેની બધી વાત માનતો નહીં. તેને લાગતું કે તેની બધી વાત માની લેવી એ અન્યાયનો સ્વીકાર કરવા બરાબર છે. પરંતુ માનુદિ સહજ સરળ ન હતી. યેનકેન પ્રકારે પોતાનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરવા તે પ્રયત્નશીલ રહેતી. મુકુન્દ તેની કેટલીક વાતનો વિરોધ કરતો.

માનુદિને લાગ્યું કે મુકુન્દને વશમાં કરવો શક્ય નથી ત્યારે તેણે અનંતને મુકુન્દ વિરુદ્ધ ખોટી ફરિયાદ કરી. તે વડીલ સ્વજન હતી તેથી તેની વાત સાચી માની અનંતે મુકુન્દને માનુદિની માફી માગવા કહ્યું. મુકુન્દે કહ્યું, 'શા માટે ? મેં તો કશું ખોટું કર્યું નથી. ખાલી ખાલી માફી માગી મારી ભીતર જે ભગવાન છે તેને અને મારી જાતને હું શા માટે નાનાં કરું ?'

મુકુન્દના શબ્દો અનંતને ઉદ્ધતાઈપૂર્ણ લાગ્યા. તેણે ફરી કહ્યું, 'તારે માફી તો માગવી જ પડશે. ઘરમાં તું જ એકલો સત્યવાદી નથી. ગુરુજનોનું, વડીલોનું સન્માન કરતા શીખ.'

મુકુન્દ ટસથી મસ ન થયો. અનંતથી હવે રહેવાયું નહીં. એક સોટી હાથમાં લઈ તે મુકુન્દને મારવા લાગ્યો. તેના આખા શરીર પર સોળ પડ્યા. મુકુન્દ ચૂપચાપ માર ખાતો રહ્યો, પણ માફી માગવા તૈયાર ના થયો. અનંતે ઝનૂનપૂર્વક જોરથી મારવા માંડ્યું. આંખમાં એક આંસુ પણ લાવ્યા વિના મુકુન્દે મૌન રહી પ્રબળ પ્રતિકાર કર્યો. અંતે સોટી તૂટી ગઈ. અનંત ગુસ્સે થઈ ઘરની બહાર ચાલ્યો ગયો. મુકુન્દ ત્યારે પણ સ્થિર ઊભો રહ્યો.

એ દિવસે મોડી રાત્રે અનંતે બહેન નલિનીને બધી વાત કરી. તેને સમજાઈ ગયું કે માનુદિએ ખોટી ફરિયાદ કરી હતી. તેને ખૂબ પશ્ચાત્તાપ થયો. તેણે મુકુન્દની રૂમમાં જઈ તેને ખૂબ વહાલ કર્યું અને તેની ક્ષમા પણ માગી. પછી તેને સાથે લઈ તે માનુદિની રૂમમાં ગયો અને તેને ધમકાવીને બોલ્યો, 'હવે પછી આવું ક્યારેય ના થવું જોઈએ.'

આ પછી માનુદિએ એક દિવસ રડતાંરડતાં મુકુન્દને કહ્યું, 'આ તિરસ્કરણીય સ્ત્રીને ક્ષમા કર, ભાઈ. હું તને સમજી શકી નહીં, મુકુન્દ મારા પાપનો અંત નથી. જો તું મને માફ નહીં કરો તે મારો છુટકારો નહીં થાય. કહે ભાઈ, માફ કરીશ ને ?'

તેને શાંત કરીને મુકુન્દે કહ્યું, 'હું માફી આપનાર કોણ ? તમે ભગવાન પાસે માફી માગો. તે જ તમને માફી આપશે.'

ભગવતીબાબુ ૧૯૦૬ની ત્રીજી મેએ સપરિવાર બરેલીથી ચટ્ટગ્રામ આવ્યા. અંહી આવ્યા પછી મુકુન્દ નાના ભાઈ સનંદ સાથે બપોરે ફળોની વાડીમાં રખડતો અને ફળો તોડતો. એક વાડીવાળાએ અનંતને ફરિયાદ કરી. તેથી અનંતે બંને નાના ભાઈઓને ત્યાંની એક શાળામાં દાખલ કરાવી દીધા. મુકુન્દ પરીક્ષામાં સારું પરિણામ લાવવા માંડ્યો.

ચટ્ટગ્રામમાં મુકુન્દ સાથે એક બળવાન છોકરો ભણતો હતો. ઉંમરમાં પણ તે બધા છોકરા કરતા મોટો હતો. નાના છોકરા પાસે તે ધાર્યું કામ કરાવતો. જો કોઈ ઇન્કાર કરતું તો તે તેને પ્રસાદી ચખાડતો. એક દિવસ તે ભરત નામના એક છોકરાને મારતો હતો તે જોઈ મુકુન્દને ગુસ્સો આવ્યો. પેલા બળવાન છોકરાની સામે ઊભા રહી મુકુન્દે કહ્યું, 'એ... ઈ, સાંભળ, તને જો મારામારી કરવાનો બહુ શોખ હોય તો મારી સાથે લડ.'

આજુબાજુ ઊભેલા છોકરા મુકુન્દનું સાહસ જોઈ ચકિત થઈ ગયા. બધાને લાગ્યું કે હવે મુકુન્દનું આવી બન્યું. પેલો શક્તિશાળી છોકરો ઘવાયેલા વાઘની જેમ મુકુન્દ પર તૂટી પડ્યો. મુકાબલો શરૂ થયો. એકાએક એ છોકરાએ મુકુન્દને ઊંચો કરી જોરથી પછાડ્યો. એવો જોરદાર અવાજ થયો કે બધાને લાગ્યું, મુકુન્દનું માથું તૂટ્યું ! સનંત તો રડવા જ લાગ્યો. તેને લાગ્યું કે મેજદા મરી જશે.

પેલો છોકરો ફરી નીચે નમીને મુકુન્દને ઉપાડવાનો પ્રયત્ન કરવા ગયો. પણ મુકુન્દે પૂરી તાકાતથી તેની બોચી પકડી લીધી. પેલાએ ગરદન છોડાવવા ખૂબ મથામણ કરી પણ તે છોડાવી શક્યો નહીં. મુકુન્દે પકડ વધુ મજબૂત કરી. છોકરાનો શ્વાસ રૂંધાવા લાગ્યો. મુકુન્દે કહ્યું, 'આવું ક્યારેય નહીં કરું એમ કહે તો છોડું.'

બળવાન છોકરાએ મુકુન્દનું માથું અફાળવા માંડ્યું. આંખે અંધારાં આવવાં છતાં મુકુન્દે કહ્યું, 'જ્યાં સુધી તું હાર સ્વીકારીશ નહીં ત્યાં સુધી તને હું છોડીશ નહીં.'

છોકરાને ખાતરી થઈ કે હવે થોડી વાર થશે તો પોતનું મૃત્યુ થશે. તેથી નાછૂટકે તેણે હાર સ્વીકારી લીધી. પછી મુકુન્દે તેને છોડ્યો. સનંદે નજીક જઈને જોયું તો મુકુન્દના માથામાંથી લોહી નીકળી રહ્યું હતું. એકબે જગ્યાએ ઢીમચાં થઈ ગયાં હતાં. પણ મુકુન્દને તેનું દુઃખ ન હતું. તેણે અન્યાય ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો.

બે માસના ટૂંકા ગાળા પછી ભગવતીબાબુની બદલી કલકત્તા થઈ ગઈ. તેઓ બીજી જુલાઈ ૧૯૦૬ના રોજ સ્ટીમર મારફતે ચટ્ટગ્રામથી કલકત્તા આવી પહોંચ્યા. કલકત્તા આવ્યા પછી મુકુન્દને હિન્દુ સ્કૂલમાં આઠમા ધોરણમાં દાખલ કરવામાં આવ્યો.

મુકુન્દને રમતગમતમાં ખૂબ રસ હતો. દોડવાની અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ મુકુન્દે ઇનામો મેળવ્યાં. એક વાર તેણે ૪૪૦ અને ૬૬૦ મીટરની દોડમાં ભાગ લઈ બંનેમાં પ્રથમ ઇનામ પ્રાપ્ત કર્યું. એનાથી એનું નામ ખૂબ જાણીતું થયું. એક વાર મુકુન્દે પોતે હરીફાઈનું આયોજન કર્યું અને ખૂબ સારી વ્યવસ્થા કરી. તેનાથી ખુશ થઈ અનેક લોકોએ તેને પ્રતિવર્ષ આવી હરીફાઈ યોજાવા અનુરોધ કર્યો. પરંતુ કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓએ તેના માર્ગમાં આડખીલીઓ નાખવા માંડી. મુકુન્દ તેઓ સાથે ઘર્ષણમાં ઊતરવા ઇચ્છતો ન હતો, તેથી તેણે એવું આયોજન પડતું મૂક્યું. પણ રમતગમત ક્ષેત્રના લોકોની સંકુચિત અને સ્વાર્થી મનોવૃત્તિથી તેને ખૂબ દુઃખ થયું.

ત્યાર બાદ મુકુન્દે કુસ્તી શીખવી શરૂ કરી. તેમાં પણ તેણે કુશળતા હાંસલ કરી લીધી. શિશિર નામનો તેનો એક મિત્ર વાયુના પ્રકોપથી પીડાતો હતો. મુકુન્દે પહેલાં તેને લાહિરી મહાશય નિર્દેશિત ક્રિયાયોગ પદ્ધતિ શીખવાડી અને પછી અખાડામાં લઈ જઈ તેને તંદુરસ્ત બનાવ્યો.

મુકુન્દનું હિમાલયનું આકર્ષણ દિવસે દિવસે વધી રહ્યું હતું. અમર મિત્તર નામના સહાધ્યાયી સાથે તેણે હિમાલયમાં ભાગી જવાની યોજના બનાવી. જતીન ઘોષ નામના પિતરાઈને પણ લીધો. અનંતે ઝીણવટભરી તપાસ કરી તેમને પકડી પાડ્યા. પહેલાં તો તેણે મુકુન્દને ઠપકો આપ્યો. પછી તે તેને એક સાધુ સાથે મુલાકાત કરાવવા કાશી લઈ ગયો.

સાધુ કીમતી વસ્ત્રો પહેરી શિષ્યોથી ઘેરાઈને બેઠા હતા. બંને ભાઈઓ પ્રણામ કરીને બેઠા. સાધુએ મુકુન્દને કહ્યું કે 'હું જ ભગવાન છું.'

મુકુન્દે તેમને કહ્યું, "સંન્યાસી મહારાજ, 'હું જ ભગવાન છું' એવું ક્યારેય કહેતા નહીં." આ સાંભળી સાધુ ગુસ્સે થઈ ગયા. તેમને સમજાવતાં મુકુન્દે કહ્યું, 'શઠતા, છેતરપીંડીથી બીજું ગમે તે મળતું હશે. સત્ય, પરમેશ્વર ન મળે. પોતાના અહંનો ત્યાગ કર્યા વિના મુક્તિ મળતી નથી.'

કિશોર મુકુન્દના આ શબ્દો સાંભળી સાધુ સ્તબ્ધ થઈ ગયા. તેમણે મુકુન્દને કહ્યું, 'તું મારાથી વયમાં નાનો હોવાં છતાં હું તારો કૃતજ્ઞ છું. તેં મારું અજ્ઞાન દૂર કરી મારાં જ્ઞાનચક્ષુ ઉઘાડ્યાં છે.'

મુકુન્દ ઘરે આવ્યો પછી તેના પિતાએ તેને સમજાવ્યો અને શાળાનું શિક્ષણ પૂરું ન થાય ત્યાં સુધી જંપી જવા સલાહ આપી.તેને અભ્યાસમાં મદદ

કરવા માટે આશુતોષ ચટ્ટોપાધ્યાય નામના સંસ્કૃતના વિદ્વાન અને આધ્યાત્મિક અભિગમ ધરાવતા શાસ્ત્રીજી મહાશયને ઘરે શિક્ષણ આપવા માટે રોક્યા. આ શાસ્ત્રીજી લાહિરી મહાશયના ઊંચી કક્ષાના શિષ્ય હતા એ વાતની ભગવતીબાબુને જાણ ન હતી.

સમાન રુચિ હોવાથી ગુરુશિષ્યનો સારો મેળ જામ્યો. સંસ્કૃત અને શાસ્ત્રોના અભ્યાસની સાથે સાથે તેઓ ક્રિયાયોગની ચર્ચા પણ કરતા. તેના અભ્યાસમાં શાસ્ત્રીજીએ મુકુન્દને ખૂબ મદદ કરી. થોડાં વર્ષો પછી આ શાસ્ત્રીજી સંન્યાસ લઈને સ્વામી કેવલાનંદ બન્યા.

મુકુન્દ સૂરીલા કંઠે ગાઈ શકતો. ગાવાનો તેને શોખ હતો. કાલીકીર્તન, શ્યામા સંગીત કે રવીન્દ્ર સંગીત તે અવારનવાર ગાતો. ક્યારેક તેના મિત્રો તેને કહેતા, 'હમણાંથી જ તું મા, મા કરીશ તો સુંદર ચીજોનો ઉપયોગ કયારે કરીશ ?'

મુકુન્દ તેમને જવાબ આપતો, 'અંધારામાંથી એકદમ બહાર આવવાથી આંખોમાં ધૂંધળું દેખાય છે. તે રીતે અસલ સૌન્દર્યમાં કંઈક ઝળકતી પાર્થિવ સંપત્તિ તમારા મનમાં વિભ્રમ પેદા કરે છે.'

મિત્રોએ મુકુન્દને કોઈ સંગીતશિક્ષક પાસે તાલીમ લેવાની સલાહ આપી. તેણે સલાહ સ્વીકારી. તેણે ઇસરાજ, હાર્મોનિયમ તથા તબલાં ખરીદ્યાં અને ઉસ્તાદ પાસે શીખવું શરૂ કર્યું ભવિષ્યમાં તેનાં ગાયેલાં ગીતોની રેકર્ડ્સ પણ તૈયાર થઈ. રવીન્દ્રનાથનું ગીત 'મન્દિરે મમ કે' તેનું પ્રિય ગીત હતું.

ધ્યાન ધરવા માટે મુકુન્દ હંમેશાં શાંત, નિર્જન અને મનોરમ સ્થળોની તપાસ કરતો. એક દિવસ ધ્યાનમાંથી પાછા ફરતા મુકુન્દ અને તેના મિત્ર મનમોહને ગરીબો માટે એક ફંડ કરવાનું નક્કી કર્યું. જે રકમ ભેગી થઈ તે 'અર્ધોદય યોગ'ના દિવસે કાલીઘાટે જઈ ગરીબોને વહેંચી દીધી. નિઃસ્વાર્થ કાર્યથી કિશોરો ઉત્સાહમાં આવી ગયા. પછી ટ્રામમાં બેસી ઘરે જવાનું નક્કી કર્યું. માત્ર ટિકિટ ભાડાના પૈસા તેમની પાસે બાકી રહ્યા હતા. પણ તેઓ ટિકિટ લે તે પૂર્વે કેટલાક રક્તપિત્તિયાઓએ મદદ માગી. મુકુન્દે બધા પૈસા તેમને આપી દીધા. ત્રણે મિત્રો દસ કિલોમીટર જેટલું અંતર પગે ચાલીને પાછા ફર્યા. એ ઈ. ૧૯૦૮નું વર્ષ હતું. એ વખતે મુકુન્દની ઉંમર ચૌદ-પંદર વર્ષ હતી અને નાનો ભાઈ સનંદ તો માંડ ૧૧ વર્ષનો. તો યે તેઓ થાક્યા નહીં.

એ જ વર્ષે પોષ મહિનામાં સખત ઠંડીના દિવસો હતા. રાતના આઠેક વાગ્યા હતા. સનંદ પિતા સાથે વાત કરતો હતો. ત્યાં કોઈનો પગરવ સંભળાતાં પિતાએ કહ્યું, 'લાગે છે મુકુન આવી રહ્યો છે.' જોયું તો મુકુન્દ પગમાં બુટ અને માત્ર ધોતિયું પહેરી ઉઘાડા શરીરે આવી રહ્યો હતો.

પિતાએ પૂછ્યું, 'આ શું ! તારું શરીર ઉઘાડું કેમ છે ? રાતની કડકડતી ઠંડીમાં તું ખુલ્લા શરીરે શા માટે બહાર ગયો હતો ?'

બાળકની સરળતાથી મુકુન્દે કહ્યું, 'મેં રસ્તા પર એક ઘરડા માણસને ઠંડીમાં ધ્રૂજતો જોયો. શરીર પર માત્ર એક ફાટેલું વસ્ત્ર હતું. મને થયું કે આપણી પાસે તો પૈસા છે, જયારે આ બિચારા પાસે તો કશું જ નથી. તેથી મેં મારાં કપડાં તેને આપી દીધાં. ખુલ્લા શરીરે કેવી ટાઢ વાય એનો ખ્યાલ મને પણ આવી ગયો.'

મુકુન્દને ઠપકો આપવાની પિતાને ઇચ્છા થઈ, પણ સંયમ રાખી તેમણે માત્ર આટલું જ કહ્યું, 'સારું કર્યું. પણ એ માણસને તું તારું શર્ટ અને કોટ આપી શક્યો હોત. તું તો બનિયાન પણ આપી આવ્યો ! ઠંડી લાગવાથી બીમાર પડીશ તો ?'

મુકુન્દે હસીને કહ્યું, 'પિતાજી, તમારા આશીર્વાદથી મને કશું થશે નહીં.'

મુકુન્દ મિત્રો સાથે અવારનવાર દક્ષિણેશ્વરના કાલીમંદિરે જતો. તેઓ મા કાલીનાં દર્શન કરી સામેના મંડપમાં બેસી થોડી વાર ધ્યાન કરતા. પછી રામકૃષ્ણ પરમહંસના ઓરડામાં થોડો સમય ગાળી મુકુન્દ રામકૃષ્ણને જ્યાં સિદ્ધિલાભ થયેલો એ પંચવટીના વિશાળ વટવૃક્ષ નીચે કલાકો સુધી ધ્યાનમાં બેસતો. સંધ્યા-આરતીમાં સમ્મિલિત થઈ પ્રસાદ ગ્રહણ કરી બધા મિત્રો ઘરે પાછા ફરતા.

મુકુન્દને જ્યારે પણ કોઈ સાધુસંત આવ્યા છે એવી જાણ થતી ત્યારે તે તેમને મળવા દોડી જતો. કોણ ઊંચી કક્ષાના સાધુ છે અને કોણ દંભી-નકલી સાધુ છે એ તેને સમજાઈ જતું. આવા કેટલાક ઉચ્ચસ્તરીય સાધુ-સંતોની વાત મુકુન્દે જીવનની ઉત્તરાવસ્થામાં લખેલ આત્મકથા 'Autobiography of a Yogi' (ગુજરાતી અનુવાદ 'યોગી કથામૃત')માં કરી છે.

મુકુન્દને પણ આરંભિક સાધનામાં ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત થઈ હતી. એક દિવસ તેને લાગ્યું કે એક અદ્‌ભુત શક્તિ તેની ભીતર જન્મી રહી છે. એ શક્તિ દ્વારા તે અદૃશ્ય વસ્તુની શોધ કરી શકતો અને ભવિષ્યમાં શું થશે એ કહી શકતો. એ માટે તેને કોઈ 'માધ્યમ'ની જરૂર પડતી. ગોરાનો તે માધ્યમ તરીકે ઉપયોગ કરતો.

આ બાબતની ભગવતીબાબુને જાણ થતાં તેમણે મુકુન્દને પાસે બોલાવી કહ્યું, 'તારે ગોરાનો આ પ્રકારે ઉપયોગ કરવો નહીં. એમ કરવાથી એનું શરીર અને મન-બંને દુર્બળ થઈ જશે.' એ પછી મુકુન્દે ગોરાનો ક્યારેય માધ્યમ તરીકે ઉપયોગ ન કર્યો.

મુકુન્દ પ્રતિદિન સૂર્યોદય પહેલાં ઊઠી પ્રાતઃકર્મ પતાવી પ્રાર્થના કરવા બેસી જતો. પછી મા કાલીની સ્તુતિ કરતાં કરતાં ગંગાસ્નાન કરવા ચાલ્યો જતો. કોઈ કોઈ વાર ગોરા આગ્રહ કરતો તો તેને સાથે લઈ જતો. એ વખતે મુકુન્દ દસમા ધોરણમાં ભણતો હતો.

મુકુન્દને પક્ષીઓ બહુ ગમતાં. તેમનું ગાન ઈશ્વરીય આનંદની યાદ અપાવે છે એવું તે માનતો. આકાશમાં ઊડતાં પક્ષીઓ આપણને ક્ષણભંગુર અને પરિવર્તનશીલ સંસારને ત્યજી ઈશ્વરને પામવાનો સંદેશ આપે છે એવું તેને લાગતું.

મુકુન્દ બાળપણમાં ઈશ્વરની મા ભગવતીરૂપે અને યુવાવસ્થામાં મા કાલીરૂપે આરાધના કરતો. તેની તપસ્યાની ગંભીરતા જેમ જેમ વધવા લાગી તેમ તેમ સાકાર મૂર્તિની ઉપાસનાને બદલે નિરાકાર બ્રહ્મની ઉપાસના તરફ તેનું વલણ વધવા લાગ્યું. આધ્યાત્મિક અનુસંધાન માટે મુકુન્દે બધા જ માર્ગ પ્રતિ ઉત્સુકતા પ્રદર્શિત કરેલી. તે ઘણીવાર સંધ્યા સમયે નિમતલાના મહા-સ્મશાનમાં જતો. તેની માતાનો અગ્નિદાહ ત્યાં જ થયો હતો. સ્મશાનના નિર્જન વાતાવરણમાં તે દેહની ક્ષણભંગુરતાનો ખ્યાલ કરતો.

સ્વાદેન્દ્રિય પર કાબૂ મેળવવા મુકુન્દ શાકભાજીમાં વધુ પ્રમાણમાં મીઠું અને ખાંડ મિશ્રિત કરી એવી ચીજ બનાવતો જે અખાદ્ય-બેસ્વાદ બની જતી. પાંચછ દિવસ સુધી આવું ભોજન કરી તે સ્વાદની વૃત્તિને ખતમ કરવા પ્રયાસ કરતો.

ઈ. ૧૯૦૮માં મુકુન્દ જ્યારે માત્ર પંદર વર્ષનો હતો ત્યારે તેણે તેના પ્રથમ આશ્રમની સ્થાપના કરેલી. મિત્રોની સંખ્યા વધવાથી ઘરે તેમની સાથે ધ્યાન કરવામાં તેને અગવડ જણાવા લાગી. બધા મિત્રો સુવિધાજનક સ્થાનની તપાસ કરવા લાગ્યા. પુલિનવિહારી દાસે કાંકુરગાછિ વિસ્તારમાં બાગમારીમાં નાળિયેરનાં પાંદડાંથી ઢંકાયેલું એક મકાન સવા રૂપિયાના માસિક ભાડાથી રાખ્યું. મુકુન્દે તેનું નામ રાખ્યું 'સાધના મંદિર'. બધા મિત્રો ત્યાં નિયમિત એકત્રિત થતા. મુકુન્દ શાસ્ત્રોમાંથી સ્તોત્રપાઠ કરતો અને બાકી સહુ સાથે મળી ભજન, કીર્તન અને ધ્યાન કરતા.

દરરોજ રાત્રે ઘરનાં બધાં સૂઈ જતાં ત્યારે મુકુન્દ ક્યારેક મોડી રાત્રે તો ક્યારેક વહેલી સવારે સાધના મંદિરેથી પાછો ફરતો. એ વખતે સૌથી નાની બહેન પૂર્ણમયી ચૂપચાપ દીવાનખંડનું બારણું ખોલી તેને ઘરમાં લઈ લેતી. મુકુન્દ બધી રાત્રીઓ સાધના મંદિરમાં જ વિતાવતો.

સાધના મંદિર એકાદ વર્ષ ત્યાં ચાલ્યું. એ સ્થળ બધાને દૂર પડતું હતું. તેથી મુકુન્દના ઘરથી નજીક એક મકાનમાં સાધના મંદિર સ્થાનાંતરિત કરવામાં આવ્યું. ત્યાં 'સારસ્વત ગ્રંથાલય' નામનું એક પુસ્તકાલય પણ શરૂ કરવામાં આવ્યું. તેને સમૃદ્ધ કરવા તે પોતાના ઘરેથી ખુરશી, ટેબલ કબાટ અને અનેક પુસ્તકો, સામયિકો વગેરે લઈ ગયો. પરંતુ તુલસી અને પ્રકાશ નામના બે મિત્રોએ તેની વ્યવસ્થામાં મુકુન્દના માર્ગદર્શનની અવગણના કરવા માંડી. તેથી મુકુન્દે ગ્રંથાલય અન્યત્ર ખસેડવાનું નક્કી કર્યું. પરંતુ પેલા મિત્રોએ કોઈ પણ ચીજ આપવાનો ઇન્કાર કર્યો. એનાથી હતોત્સાહ થયા વિના નવું ગ્રંથાલય ઊભું કર્યું. ઈ. ૧૯૧૦ની ૧૦મી જાન્યુઆરીએ આ નવા ગ્રંથાલયની સ્થાપના કરવામાં આવી. આજે પણ એ ગ્રંથાલય મોજૂદ છે.

મુકુન્દે ઈ. ૧૯૦૯ના જૂન માસમાં હિન્દુ સ્કૂલમાંથી એન્ટ્રન્સ પરીક્ષા પાસ કરી. આ રીતે તેણે પિતાજીને આપેલું વચન પાળ્યું. આથી થોડા સમય પછી જ્યારે ઈશ્વરની ખોજમાં મુકુન્દે ગૃહત્યાગ કરવાનો નિર્ણય જાહેર કર્યો ત્યારે કોઈ તેને રોકી શક્યું નહીં. તેનો મિત્ર જિતેન્દ્ર મઝુમદાર શાસ્ત્રી મહાશય પાસે દીક્ષા લઈને કાશીમાં આવેલા સ્વામી દયાનંદના 'ભારત ધર્મ મહામંડલ'ના આશ્રમમાં દાખલ થયો હતો. આથી મુકુન્દે પણ આધ્યાત્મિક તાલીમ પ્રાપ્ત કરવા એ આશ્રમમાં જવાની ઇચ્છા પ્રદર્શિત કરી. પિતાજીએ અનુમતિ તો આપી પણ નાનાં ભાઈબહેનોને છોડતાં મુકુન્દને ખૂબ દુઃખ થયું. બે કલાક સુધી તેની આંખોમાંથી અશ્રુધારા વહેતી રહી. આખરે ઈશ્વરને શોધવાના દૃઢ નિર્ધાર આગળ દુન્યવી બંધનો શિથિલ પડ્યાં.

આશ્રમના યુવાન સંચાલક સ્વામી દયાનંદે મુકુન્દને પ્રેમપૂર્વક આવકાર્યો. આશ્રમમાં એક માળિયું પણ હતું. મુકુન્દ પરોઢનો સમય ત્યાં ધ્યાનમાં પસાર કરતો. અન્ય આશ્રમવાસીઓ ધ્યાનની પ્રક્રિયા વિશે ખાસ કંઈ જાણતા ન હતા. તે ઇચ્છતા કે મુકુન્દે આશ્રમની પ્રવૃત્તિઓને પૂરો સમય આપવો જોઈએ. તેઓ એકાંતમાં કલાકો ગાળવા માટે મુકુન્દની ટીકા પણ કરતા.

મુકુન્દનો દયાનંદજીના શિષ્યો સાથેનો સંબંધ વધુ ને વધુ વણસવા લાગ્યો. પોતે પરમેશ્વરના માર્ગે આગળ વધી શકતો નથી 'એમ લાગવાથી એક પરોઢે તે પેલા માળિયામાં ધ્યાનમાં બેસી પ્રાર્થના કરવા લાગ્યો. આર્દ્ર હૃદયની કલાકોની પ્રાર્થના પછી તેને કોઈ સ્ત્રીનો દિવ્ય ધ્વનિ સંભળાયો, 'તારા ગુરુ આજે આવે છે.'

થોડી વારમાં જ આશ્રમના હબુ નામના એક સાધુ સાથે મુકુન્દને ખરીદી કરવા બજાર જવું પડ્યું. બજારની ખરીદી પતાવી તેઓ એક સાંકડી ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ગલીને સામે છેડે ભગવાં વસ્ત્રો ધારણ કરેલ એક સૌમ્ય સંન્યાસી તેમની નજરે પડ્યો. તેના તેજસ્વી મુખ પર દાઢી અને મસ્તક પર દીર્ઘ કેશ હતા. તેમને જોતાં જ મુકુન્દને લાગ્યું કે તે જાણે તેમને જન્મજન્માંતરથી જાણે છે. મોડું થતું હોવાથી સાથી ઉતાવળ કરતો હતો, પણ મુકુન્દ એક ડગલું પણ આગળ વધી શક્યો નહીં. પેલા સંતનું આકર્ષણ પ્રબળ હતું. ખરીદેલાં પાર્સલો સાથીને સોંપી મુકુન્દ મહાત્મા તરફ આગળ વધ્યો. પાસે જઈ તેમના ચરણોમાં ઝૂકી બોલી ઊઠ્યો, 'ગુરુદેવ.'

સંન્યાસીએ આનંદથી ઊભરાતા હૈયે મુકુન્દને કહ્યું, 'પ્રાણાધિક, તું આવ્યો ખરો. કેટલાં વર્ષોથી હું તારી રાહ જોઈ રહ્યો છું !'

ગુરુ-શિષ્ય મિલન પછી મૌનમાં સરી ગયા. પછી ગુરુ શિષ્યનો હાથ પકડી તેને રાણામહેલ તરફ લઈ ગયા. ત્યાં ગંગાકિનારે તેમની માતાનું નિવાસસ્થાન હતું. ભોજન અને થોડી વાતચીત પછી ગુરુએ મુકુન્દને કાશી આશ્રમ છોડી કલકત્તા પાછા ફરવાનો અનુરોધ કર્યો. મુકુન્દે ગુરુનું નામ-સરનામું પૂછ્યું.

'મારું નામ સ્વામી યુક્તેશ્વર ગિરિ. મારા મુખ્ય આશ્રમનું સરનામું રાય ઘાટ લેન, શ્રીરામપુર.'

મુકુન્દની ઘરે પાછા ફરવાની અનિચ્છા છે એ જાણી ગુરુએ કહ્યું, 'એક મહિનામાં જ તારે ઘરે પાછા ફરવું પડશે. આટલી સહેલાઈથી તું મારો શિષ્ય થઈ શકીશ નહીં. મારું શિષ્યત્વ સ્વીકારવા માટે તારે સંપૂર્ણ આત્મસમર્પણ કરવું પડશે.'

મુકુન્દ ગુરુની વાત સ્વીકારવા તૈયાર ન હતો તે આશ્રમ પાછો ફર્યો. પણ ત્યાં ક્રમશઃ તેનો નિવાસ અસહ્ય બનવા લાગ્યો. ત્રણ સપ્તાહ પછી દયાનંદજી એક સંમેલનમાં ભાગ લેવા મુંબઈ ગયા. અનેક આશ્રમવાસીઓ ટીકા કરવા લાગ્યા, 'મુકુન્દ મજાથી રહે છે, બધો ઉપભોગ કરે છે પણ બદલામાં એક પૈસો પણ આપતો નથી.' આ સાંભળી મુકુન્દને આઘાત લાગ્યો. જિતેન્દ્રને કહી તેણે આશ્રમ છોડવાનો નિર્ણય કર્યો. જિતેન્દ્રે પણ તેને સાથ આપવાનું નક્કી કર્યું.

શ્રીરામપુરના આશ્રમમાં પહોંચી મુકુન્દે શ્રી યુક્તેશ્વરજીને નમીને પ્રણામ કર્યાં. ગુરુએ ઠંડો આવકાર આપ્યો. 'તું મારી ઇચ્છાઓની અવગણના કરે છે. હું શિષ્ય તરીકે તારો સ્વીકાર કેવી રીતે કરું ?'

'હવે એવું નહીં થાય, ગુરુજી ! આપની ઇચ્છા મારે માટે આદેશ બની રહેશે.'

'એ તો ઘણું સારું. હવે હું તારા જીવનની જવાબદારી સ્વીકારી શકું ખરો.' ગુરુએ કહ્યું.

'એ બોજ હું આપને સ્વેચ્છાએ સોંપું છું.'

'તો પછી તને મારો પહેલો અનુરોધ એ છે કે તું તારા કુટુંબને મળવા ઘરે જા. હું ઇચ્છું છું કે તું કલકત્તાની કૉલેજમાં દાખલ થાય. તારો અભ્યાસ આગળ ચાલવો જોઈએ.'

'ઘણું સારું, ગુરુદેવ.' મુકુન્દે ગભરાટ છુપાવી કહ્યું.

'એક દિવસ તું પશ્ચિમના દેશોમાં જઈશ. ત્યાંનાં લોકો ભારતના આધ્યાત્મિક જ્ઞાન માટે ઉત્સુક થયા છે. જો હિન્દુ ઉપદેશક યુનિવર્સિટિનો પદવીધારક હશે તો તેઓ હિન્દુસ્તાનના પ્રાચીન જ્ઞાનને વધુ સારી રીતે અપનાવશે.'

'તમે વધુ સરી રીતે જાણો,' કહી મુકુન્દે ગુરુને પ્રસન્ન કર્યા અને પોતાને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવવાનું વચન લઈ લીધું.

ગુરુની ઈચ્છા પ્રમાણે મુકુન્દે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાનું નક્કી કર્યું તેથી તેના પિતાજીને પ્રસન્નતા થઈ. તેમણે પુત્રના કોલેજ-પ્રવેશની વ્યવસ્થા કરી. મુકુન્દ ૧૯૧૦ના ઑગસ્ટ કે સપ્ટેમ્બરમાં કલકત્તાની સ્કૉટિશ ચર્ચ કોલેજમાં દાખલ થયો. કોલેજમાં પ્રવેશ મેળવ્યા છતાં મુકુન્દનો અધિકાંશ સમય ગુરુના આશ્રમમાં સાધનામાં પસાર થતો. ગુરુજીનો ઘનિષ્ટ પરિચય તેને થયો. પોતાના ગુરુ લાહિરી મહાશયના શિષ્ય છે એ જાણી મુકુન્દને ખૂબ ખુશી થઈ. ગુરુએ તેને ક્રિયાયોગની દીક્ષા આપી.

મુકુન્દ કૉલેજના અભ્યાસમાં ઓછું ધ્યાન આપતો છતાં પાસ થવા માટે જરૂરી ગુણ મેળવી લેતો. તેનો અધિકાંશ સમય ગુરુ પાસે પસાર થતો. યુક્તેશ્વરજી મુકુન્દના આમૂલાગ્ર પરિવર્તન માટે ભગીરથ પરિશ્રમ કરતા હતા. તેઓ તેની પાસે કડક શિસ્તની અપેક્ષા રાખતા. મુકુન્દ ગુરુની કઠોરતાને સ્વીકારી પોતાની નાનામાં નાની નિર્બળતા કે ક્ષતિને દૂર કરવા પ્રયત્ન કરવા લાગ્યો. તેની સમજણ જેમ જેમ કેળવાતી ગઈ તેમ તેમ ગુરુના ઠપકાનું પ્રમાણ પણ ઘટવા લાગ્યું. તે ગુરુ સાથે સંપૂર્ણ સંવાદિતા પ્રસ્થાપિત કરી શક્યો.

મહિનાઓ સુધી કઠોર સાધના કર્યા પછી એક વાર મુકુન્દે ગુરુને પૂછ્યું, 'ગુરુજી, મને ઈશ્વર ક્યારે મળશે ?'

ગુરુએ કહ્યું, 'ઈશ્વર તો તને મળી ગયા છે.' પછી તેની શંકાનું સમાધાન કરતા તેમણે સમજાવ્યું, 'પરમેશ્વર પૂજનીય વ્યક્તિ તરીકે વિશ્વના કોઈ ખૂણામાં બેઠો નથી. વળી, ચમત્કારિક શક્તિ પ્રાપ્ત કરવાની સિદ્ધિ એ પણ પરમેશ્વરને પ્રાપ્ત કર્યાની સાબિતી નથી. પ્રત્યેક નૂતન આનંદ એ ઈશ્વર છે. ક્રિયાયોગ દ્વારા મન જ્યારે વિષયવાસનાઓથી મુક્ત બની શુદ્ધ થાય ત્યારે ધ્યાન ઈશ્વરાનુભૂતિના બે પુરાવાઓ પૂરા પાડશે. આપણા રોમેરોમમાં અનુભવાતો નિત્ય નૂતન આનંદ એ એનો પ્રથમ પુરાવો છે અને પ્રત્યેક મુશ્કેલીના કાર્યસાધક પ્રત્યુત્તરરૂપે તેના તરફથી પ્રાપ્ત થતું ત્વરિત માર્ગદર્શન એ બીજો પુરાવો છે.'

મુકુન્દની સમસ્યા સુલઝાઈ ગઈ. પોતે પરમેશ્વરને પ્રાપ્ત કરી લીધા છે એની એને પ્રતીતિ થઈ ગઈ.

આશ્રમશિક્ષણની સાથે સાથે મુકુન્દનું કોલેજશિક્ષણ પણ ચાલુ હતું. અલબત્ત, કોલેજમાં તે જવલ્લે જ જતો. બે વર્ષ પછી આઈ.એ.પરીક્ષા સમયે તે ખૂબ બીમાર પડી ગયો. પરિણામે પરીક્ષા આપી શક્યો નહીં. એક વર્ષ પછી ઈ. ૧૯૧૩માં તે પરીક્ષા પાસ કરી ડિપ્લોમા પ્રાપ્ત કરી શક્યો. તે આગળ અભ્યાસ કરવા ઇચ્છતો ન હતો. પણ ગુરુએ તેને અભ્યાસ છોડવાની ના પાડી. તે વધુ સમય ગુરુના સાન્નિધ્યમાં રહેવા ઇચ્છતો હતો તેથી ગુરુએ તેને શ્રીરામપુરની કોલેજમાં દાખલ થવાની અનુમતિ આપી.

શ્રીરામપુર કોલેજમાં મુકુન્દ તેની ધર્મપ્રવણતા અને આધ્યાત્મિક અભિગમ માટે જાણીતો હતો. અધ્યાપકો તેના પ્રત્યે માયાળુ હતા પણ તેના સહાધ્યાયીઓ તેને Mad Monk (ગાંડો સાધુ) કહેતા. પરંતુ તેણે પરીક્ષા પાસ કરીને બધાને ચકિત કરી દીધા. જૂન ૧૯૧૫માં તેણે બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી.

મુકુન્દના પિતા ભગવતીબાબુ સમક્ષ બેંગાલ-નાગપુર રેલવેના જનરલ મેનેજર મિ. ગડફે આસિસ્ટન્ટ ટ્રાફિક સુપરિન્ટેન્ડન્ટની જગ્યા મુકુન્દને આપવાની લોભામણી ઑફર કરી. એ જમાનામાં આવી મહત્ત્વની પોસ્ટ સામાન્ય રીતે અંગ્રેજો સિવાય બીજા કોઈને ભાગ્યે જ મળતી. પણ મુકુન્દે નોકરી કરવાનો ઈન્કાર કરી દીધો. ત્યાર બાદ તેના લગ્ન માટે હલચલ ચાલી, પરંતુ લગ્ન કરવાની પણ તેણે ના પાડી દીધી. એ પછી તેના સંન્યાસગ્રહણ આડે કશી આડખીલી રહી નહીં.

એક દિવસ મુકુન્દે પોતાને સંન્યાસની દીક્ષા આપવા ગુરુને વિનંતી કરી. ગુરુએ કહ્યું, 'સારું, હું આવતીકાલે તને દીક્ષા આપીશ. સંન્યાસી બનવાના તારા સંકલ્પને તું વળગી રહ્યો એનો મને આનંદ છે. લાહિરી મહાશય ઘણીવાર કહેતા - ઈશ્વરને તમારા જીવનની વસંતમાં નહિ નિમંત્રો તો તે જીવનની પાનખરમાં નહીં આવે.'

૧૯૧૫ના જુલાઈના એક ગુરુવારે શ્રીરામપુર આશ્રમમાં શ્રી યુક્તેશ્વરજીએ મુકુન્દને વિધિવત્ સંન્યાસ દીક્ષા આપી. તેઓ ક્રિયાકાંડના વિરોધી હોવાથી તેમણે મુકુન્દને વિદ્વત્ સંન્યાસ આપ્યો, અને નવું નામ ધારણ કરવા સૂચવ્યું. મુકુન્દે 'યોગાનંદ' નામ પસંદ કર્યું.

બી.એ. થયા પછી યોગાનંદે વધુ અભ્યાસ અર્થે અમેરિકા જવાનું નક્કી કર્યું. એ વખતે પ્રથમ વિશ્વયુદ્ધ ચાલતું હોવાથી ભારતથી અમેરિકા જવું મુશ્કેલ હતું. તેથી યોગાનંદ પહેલા જાપાન ગયા. પરંતુ ત્યાંથી તેઓ અમેરિકા ન જઈ શક્યા તેથી પાછા ફર્યા.

શ્રી યુક્તેશ્વરજીએ યોગાનંદને સંગઠનાત્મક કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા. પરિણામે યોગાનંદજીએ ઈ. ૧૯૧૬માં એક આશ્રમ શરૂ કર્યો. બે બાળકો ત્યાં રહી શિક્ષણ પ્રાપ્ત કરતા અને અન્ય બાળકો નિયમિતપણે ત્યાં શીખવા આવતા. પેલાં બે બાળકોને શાળાનું શિક્ષણ પ્રાપ્ત કરવા આશ્રમની બહાર જવું પડતું. તેથી યોગાનંદજીએ નિવાસી શાળા સ્થાપવાનો સંકલ્પ કર્યો.

યોગાનંદજીને આધુનિક શિક્ષણપદ્ધતિમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો અભાવ પ્રતીત થયો. આ અભાવની પૂર્તિ કરી શકાય એવી શાળા શરૂ કરવાનું તેમણે વિચાર્યું. કાસીમબઝારના મહારાજા મનીન્દ્રચંદ્ર નાંદી તેમના વિચારોથી પ્રભાવિત થયા. તેમણે મદદ કરવાની હા પાડી. માર્ચ ૧૯૧૭માં પશ્ચિમ બંગાળના ડિહિકામાં મહારાજાના નાનકડા મકાનમાં માત્ર સાત બાળકોથી આશ્રમશાળાની શરૂઆત થઈ.

એક જ વર્ષમાં શાળાની લોકપ્રિયતા એટલી બધી વધી ગઈ કે વધતી વિદ્યાર્થીઓની સંખ્યાને સમાવવા વિશાળ જગ્યાની જરૂરત ઊભી થઈ. મહારાજાના રાંચીમાં આવેલ ઉદ્યાન મહેલમાં ઈ. ૧૯૧૮માં યોગદા સત્સંગ બ્રહ્મચર્ય વિદ્યાલય શરૂ થયું. પ્રારંભમાં માત્ર સો વિદ્યાર્થીઓ સાથે નિવાસી શાળા શરૂ થઈ. શાળાનું ઉચ્ચ સ્તર જોઈ પ્રવેશવાંછું વિદ્યાર્થીઓની સંખ્યા

હજાર કરતાં પણ વધી ગઈ. બીજી બે શાળાઓ પણ શરૂ કરવામાં આવી. બધી શાળાઓમાં શૈક્ષણિક અભ્યાસક્રમની સાથે આધ્યાત્મિક શિક્ષણને સાંકળવામાં આવ્યું. રમતગમત, ભ્રમણ, મનોરંજન વગેરેને પણ ઉચિત સ્થાન આપવામાં આવ્યું.

રાંચી વિદ્યાલયની સ્થાપના પછી લગભગ બે વર્ષે રવીન્દ્રનાથ ટાગોરે યોગાનંદજીને શાંતિનિકેતન આવવાનું અને બંને શૈક્ષણિક સંસ્થાઓના આદર્શો અંગે વિચારવિમર્શ કરવાનું નિમંત્રણ પાઠવેલું. મુલાકાત દરમ્યાન રવીન્દ્રનાથે પોતાનાં કેટલાંક ગીતો ગાઈ સંભળાવ્યાં હતાં.

ઈ. ૧૯૨૦માં યોગાનંદજી જ્યારે રાંચી વિદ્યાલયની પ્રવૃત્તિઓમાં ગળાડૂબ હતા ત્યારે એક દિવસ તેમને અમેરિકાના બોસ્ટન શહેરમાં એમિરિકાન યુનિટેરિયન એસોસિએશન તરફથી યોજાનાર ધાર્મિક ઉદાર મતવાદઓની આંતરરાષ્ટ્રિય કૉંગ્રેસમાં પ્રવચન આપવાનું નિમંત્રણ મળ્યું. યોગાનંદજીએ ગુરુને જાણ કરી. પોતે જવું કે નહીં એ અંગે પૂછ્યું. શ્રી યુક્તેશ્વરજીએ કહ્યું, 'તારે વિશાળ ફલક પર કાર્ય કરવા માટે ઉચિત સમય આવ્યો છે. આવી તક ફરી ક્યારેય નહીં આવે.'

પ્રથમ વિશ્વયુદ્ધ પછી ભારતથી અમેરિકા જતી પ્રથમ સ્ટીમર 'ધ સિટી ઑફ સ્પાર્ટા'માં બેસી યોગાનંદજીએ ઑગસ્ટ ૧૯૨૦માં અમેરિકા પ્રતિ પ્રયાણ કર્યું. ૬ઠ્ઠી ઑક્ટોબરે યોગાનંદજીએ ધર્મ સંમેલનમાં 'The Science of Religion' વિષયક પ્રથમ વ્યાખ્યાન-આપ્યું. તેની ખૂબ પ્રશંસા થઈ. એ પછી તેમને અમેરિકાની અનેક સંસ્થાઓએ વ્યાખ્યાનો આપવા નિમંત્રણ પાઠવ્યાં.

યોગાનંદજીએ અમેરિકામાં ઠેર ઠેર ભારતીય યોગ અને અધ્યાત્મ વિશે વ્યાખ્યાનો આપ્યાં. તેમના પ્રશંસકોની સહાયથી તેમણે ૧૯૨૫ના અંત ભાગમાં કેલિફોર્નિયાના લોસ એન્જેલસમાં માઉન્ટ વૉશિંગ્ટન ખાતે અમેરિકન વડામથકની સ્થાપના કરી. આ જગ્યાએ 'સેલ્ફ રીઅલાઈઝેશન ફેલોશિપ' સંસ્થાની સ્થાપના કરવામાં આવી, જેનાં અનેક કેન્દ્રો અમેરિકાના ૪૨ રાજ્યોમાં સ્થપાયાં.

ગુરુના આદેશને માન આપી યોગાનંદજી ઈ.૧૯૩૫માં કુ. બ્લેચ અને મિ. રાઈટ સાથે ભારત પાછા ફર્યા. ૨૨ ઑગસ્ટ ૧૯૩૫ના રોજ તેઓ મુંબઈ બંદરે ઊતર્યા. હાવરા સ્ટેશન પ- [illegible] જનમેદનીએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું.

રાંચી વિદ્યાલય અને આશ્રમ આર્થિક કટોકટીમાં હતાં. એક વર્ષના રોકાણ દરમ્યાન તેમણે સંસ્થાને પુનઃ સંગીન સ્થિતિમાં મૂકી આપી. તેમણે યોગદા સત્સંગ સેવાશ્રમ પણ શરૂ કર્યો, જેણે હજારો ગરીબ લોકોને મફત મેડિકલ સુવિધા, ઔષધો પૂરાં પાડ્યાં. રાંચીના પુસ્તકાલયને પણ તેમણે સમૃદ્ધ કર્યું. તેમની સંસ્થાઓના ઉપક્રમે અનેક શૈક્ષણિક, ધાર્મિક અને માનવતાવાદી પ્રવૃત્તિઓ આરંભાઈ.

શ્રીરામપુર આશ્રમમાં ડિસેમ્બરના અંત ભાગમાં ઉત્સવનું આયોજન થયું. શ્રી યુક્તેશ્વરજીએ આશિષવચનો સાથે યોગાનંદને ઉચ્ચતર સંન્યાસની 'પરમહંસ' પદવી પ્રદાન કરી. પછી તેમને કહ્યું, 'આ પૃથ્વી પર મારું કાર્ય પૂરું થયું છે. હવે આગળનું કાર્ય તારે કરવાનું છે.'

પરમહંસ યોગાનંદજી પોતાના કેટલાક શિષ્યો સાથે ૨૩ જાન્યુઆરી ૧૯૩૬ના રોજ અલ્હાબાદના કુંભમેળામાં ગયા. ત્યાંથી આગ્રા થઈ વૃંદાવન ગયા. ૯મી માર્ચ ૧૯૩૬ના રોજ શ્રી યુક્તેશ્વરગિરિજીએ પુરી ખાતે મહાસમાધિ લીધી. એ જાણી યોગાનંદજી બોલી ઊઠ્યા, 'બંગાળનો સિંહ ચાલ્યો ગયો.'

૧૯૩૫ના ઑગસ્ટમાં યોગાનંદજી ગાંધીજીને મળવા વર્ધા આશ્રમમાં ગયા અને ત્રણ દિવસ તેમની સાથે રહ્યા. ગાંધીજીએ યોગાનંદજી આગળ ક્રિયાયોગની દીક્ષા લેવાની ઇચ્છા પ્રદર્શિત કરી. ગાંધીજીની સાથે મહાદેવ દેસાઈ તથા અન્ય આશ્રમવાસીઓએ ક્રિયાયોગની દીક્ષા લીધી.

યોગાનંદજી સપ્ટેમ્બર ૧૯૩૬માં પુનઃ અમેરિકા ગયા. શિષ્યાવૃંદે તેમનું ભાવભીનું સ્વાગત કર્યું. તેમના એક પ્રિય શિષ્ય રાજર્ષિ જનકાનંદજીએ અમેરિકામાં ગુરુની ગેરહાજરી દરમ્યાન પ્રશાંત મહાસાગરના કાંઠે એનસીનીટાસ ખાતે લાખો ડૉલરના ખર્ચે એક ભવ્ય સુંદર આશ્રમ તૈયાર કરાવી રાખ્યો હતો. આ આશ્રમમાં યોગાનંદજીએ પોતાના અનેક પ્રકલ્પો પૂરા કરવા માંડ્યા. Cosmic Chantsનો પ્રકલ્પ તેમણે પૂરો કર્યો. આ પ્રકલ્પ અંતર્ગત તેમણે અનેક ભારતીય ભજનો અને સ્તોત્રોનું અંગ્રેજી ભાષામાં અને પાશ્ચાત્ય સંગીત-તરજોમાં રૂપાંતર કર્યું.

૧૯૩૯માં યોગાનંદજીએ SRFના બોસ્ટન કેન્દ્રની મુલાકાત લીધી. તેની ભૌતિક સમૃદ્ધિ તેમણે જોઈ. તેમની પ્રવૃત્તિઓ હવે પૂરજોશમાં વિસ્તરવા લાગી. અનેક નવાં નવાં કેન્દ્રો ખૂલવાં લાગ્યાં. ૧૯૫૦માં તેમણે અમેરિકામાં SRFની ત્રીસમી વર્ષગાંઠ નિમિત્તે ૨૭ ઑગસ્ટના રોજ ૫૦૦ વિદ્યાર્થીઓને ક્રિયાયોગની દીક્ષા પ્રદાન કરી.

૭મી માર્ચ ૧૯૫૨ના દિવસે અમેરિકા ખાતેના ભારતીય રાજદૂત શ્રી વિનયરંજન સેનના સન્માનમાં એક ભોજનસમારંભનું આયોજન કરવામાં આવ્યું. એ સમયે યોગાનંદજીએ સંક્ષિપ્ત પ્રવચન કર્યું. પ્રવચનની સમાપ્તિ તેમણે સ્વરચિત કાવ્ય 'My India'ની આ પંક્તિઓથી કર્યું :

Where Ganges, woods, Himalayan caves and
men dream God

I am hallowed, my body touched that Sod.

કાવ્યપાઠ કર્યા પછી કૂટસ્થમાં દૃષ્ટિ સ્થિર કરી યોગાનંદજીએ મહાસમાધિ લીધી.

વિશ્વભરમાં અનેક મહાનુભાવોએ યોગાનંદજીને અંજલી આપી હતી. ઋષિકેશના દિવ્યજીવન સંઘના સંસ્થાપક સ્વામી શિવાનંદજીએ કહેલું, 'તેઓ શાશ્વત, સર્વવ્યાપક, સ્થિર, અચળ અને પ્રાચીન છે. જવલ્લે જ પ્રાપ્ત થતા અમૂલ્ય રત્ન સમા અને જેમના સમી બીજી દિવ્ય વિભૂતિ વિશ્વને હજુ પ્રાપ્ત થઈ નથી એવા પૂજ્યપાદ પરમહંસ યોગાનંદ ભારતના ગૌરવ સમા અગાધ દિવ્યજ્ઞાનથી સભર પ્રાચીન ઋષિમુનિઓના આદર્શ પ્રતિનિધિરૂપ હતા.' □

વાર્તા

વિયોગ

ભગવતીકુમાર શર્મા

આજે અમદાવાદથી મોટાનો પત્ર આવ્યો છે. લખે છે': 'બાપુજી, તમારા અને વેણુના ખર્ચમાં ભાગ આપવા હું મુદ્દલ તૈયાર નથી. તમે બંને નાનાની સાથે રહો છો; તમારું ભરણપોષણ કરવાની ફરજ એની જ છે. તમારી મિલકત તો એ જ ખાવાનો છે !' પત્ર નાનાને વંચાવ્યો. તેણે મોઢું કટાણું કરીને કહ્યું : 'તમારા સાતસો રૂપરડીના પેન્શનમાં તમારું ને વેણુનું અમારે કેમ પૂરું કરવું ? વેણુને કોલેજ શા સારુ કરાવો છો ? બાપુજી, તમારે ને વેણુએ વરસે છ મહિના અમદાવાદ મોટાને ઘેર જઈને પણ રહેવું જોઈએ. એને ખબર તો પડે કે કેટલી વીસે સો થાય છે ? બાપની મિલકતમાં ભાગ તો એ પણ માગશે !' હું કાંઈ ન બોલ્યો. સાંજે વેણુ કોલેજથી આવી ત્યારે એકાંત શોધી મેં તેને મોટાનો કાગળ વંચાવ્યો અને નાનાએ જે ઝેર ઠાલવ્યું હતું તેની વાત કરી. વેણુની આંખોમાં ચોમાસું વર્તાયું. તે રાતે વાળુ કરતી વખતે રાધાવહુએ થાળી સાથે કડછી બે વાર વધારે પછાડી. મને સુભદ્રા સ્વપ્નામાં આવી - વેણુની મા.

*

નાનાની એ વાત નાખી દેવા જેવી નહોતી. મારે અને વેણુએ એકલા નાના પર શા માટે બધો બોજ નાખવો જોઈએ ? મેં મોટાને કાગળ લખ્યો : 'વેણુને રજાઓ પડ્યે હું તેની સાથે તારે ઘેર અમદાવાદ આવવા ધારું છું.' વેણુનું વેકેશન પૂરું થઈ ગયું, પણ મોટાનો જવાબ ન આવ્યો. સુભદ્રા હોત તો તેણે કાં તો મોટાને ધૂળથી ભૂંડો કર્યો હોત, કાં આપઘાત...મારે શું કરવું ? વેણુની જવાબદારી મોટી છે. તેના બંને ભાઈઓ પાસે આશા રાખવાપણું રહ્યું નથી. તેને સારું સાસરું મળે પછી તરત ભલે મારી આંખો મીંચાઈ જતી. આમ પણ એ જશે એટલે મારું જીવતર વધારે ઓશિયાળું બનવાનું છે. ઘડપણમાં હાથલાકડી છિનવાયા જેવું બીજું દુઃખ કયું હોય ? વેણુ મારી પીડા પૂરી સમજે છે. હું કશું બોલતો નથી તો ય તે કહે છે : 'હું તમને સાથે લઈને જ સાસરે જઈશ.' હું ફિક્કું હસીને તેને માથે હાથ મૂકી કહું છું : 'નેવનાં પાણી કદી મોભે ન ચઢે દીકરી ! આવી તો વાત જ ક્યારેય ન કરતી. તને કેવાં સાસરિયાં મળ્યાં - કેવાં નહિ ! અને તારા વરને તો હું આંખના કણાની જેમ જ....' મારે મોઢે હાથ દાબતાં તે કહે છે : 'તો હું લગ્ન જ નહિ કરું...!'

*

આજે નાનો એકાએક મારી ઓરડીમાં ધસી આવ્યો. વેણુ ત્યારે કોલેજમાં ગઈ હતી. મારા હાથમાંનું ઉપનિષદનું પુસ્તક આંચકી લઈ નાનો બરાડ્યો : 'બાપુજી ! આ તમારી વેણુ....!'

'એ તારી પણ બહેન તો છે, ભાઈ !' મેં શાંત અવાજે કહ્યું : નાનો ઊલટો વધારે સળગ્યો.

'હું આવી ભટકેલ બહેનનો ભાઈ કહેવડાવવા નથી માગતો !'

'વાત શી છે ?'

નાનો કાંઈ જવાબ આપે તે પહેલાં રાધાવહુ તેની મદદે આવી : 'વેણુ બહેનનાં લખ્ખણ સારાં નથી, બાપુજી ! કાંઈ નવાજૂની થાય તો પાછા તમે અમને દોષ ન દેતા !'

રાધાવહુની વાત નાનાએ આગળ વધારી : 'વેણુ કોઈ છોકરા સાથે રખડે છે....'

હું ચોંક્યો તો ખરો, પણ મારો પ્રતિભાવ પ્રકટ કર્યા વિના મેં એટલું જ કહ્યું : 'હું વેણુ સાથે વાત કરીશ.' બંને બબડતાં-ફફડતાં ચાલ્યાં ગયાં. વેણુ કોલેજથી આવી. આવી એટલે મેં તેને કહ્યું : 'દીકરી, ભાઈ-ભાભી તારે વિશે ફરિયાદ કરતાં હતાં.' પહેલાં તે જરાક ચમકી ગઈ, પછી તેણે સ્મિત કર્યું. ક્યાંય સુધી આંખો બીડી દઈ કશુંક મનમાં વાગોળતી હોય તેમ તે બેસી રહી. પછી તેણે કહ્યું : 'હું સમજી ગઈ છું, બાપુજી ! ભાઈ-ભાભીની વાત સાચી છે.' ક્ષુબ્ધતા પર જેમતેમ કાબૂ મેળવી મેં તેને પૂછ્યું : 'કોણ છે એ ?'

'વિશ્વ' કહી વેણુ ફરીથી આંખો મીંચી ગઈ. મારી મોતિયાની આંખો વડે ય હું તેના ચહેરા પરની સુરખી જોઈ શક્યો. ત્યાં વેણુએ કહ્યું : 'હું તમને વાત કરવાની જ હતી. વિશ્વ પણ તમને મળવા માગે છે.' મેં વગર બોલ્યે માત્ર તેને માથે હાથ ફેરવ્યા કર્યો.

*

દિવસો નવરાત્રિના છે. શહેર રાસગરબાના સૂર-તાલમાં હિલોળે ચઢ્યું છે. આ દિવસોમાં હંમેશાં સુભદ્રા મને વધારે સાંભરે છે. તેના જેવા ગરબા બહુ થોડી સખીઓ ગવડાવતી હશે. ઘૂંટાતી જતી ચાંદનીમાં તેને ગરબે રમતી જોવી અને તેના મીઠા સૂરની હલકના પડઘાઓમાં ખોવાવું એ તે સમયમાં મારી મનગમતી વાત હતી. એવી એક રાતે ગરબા ગાઈને પાછા ફરતી વખતે તેણે પોતાને ખભે સૂતેલી વેણુ તરફ એક અમીભરી મીટ માંડી મને કહ્યું હતું : 'હું હોઉં-ન હોઉં; મારી વેણુને સંભાળજો. મને એ બહુ વહાલી છે.' ત્યારે મેં હસીને કહ્યું હતું : 'હું તેને શું સંભાળવાનો હતો ? મોટી થઈને તો એ મને સંભાળશે ?' મજાકમાં કહેલી એ વાત વર્ષો પછી કેવી અજબ રીતે સાચી પડી રહી છે ! સુભદ્રા ન રહી, દીકરાઓમાં લાગણી નથી, વેણુ જ હવે મારો આધાર...પણ તેમ ક્યાં સુધી ?....વેણુને એની માનો કંઠ મળ્યો છે; અને રૂપ પણ. આ ઝાકઝમાળમાં એ એના મીઠા કંઠ અને સાદા રૂપથી જ નોખી તરી આવે છે. ગઈ રાત્રે તે જીદ કરીને મને તેના રાસગરબા જોવા ખેંચી ગઈ. તેને ગરબા ગાતી અને રાસમાં ઘૂમતી જોઈને હું છક થઈ ગયો. આ વેણુ-કયા સમુદ્રને એ મળશે ? મેં જોયું : રાસમાં તેનો એક સાથીદાર યુવાન હતો. સોહામણો. વેણુના જેવી જ છટાથી તે દાંડિયે રમતો હતો. બંનેના મેળથી લયની એક રેખા રચાતી હતી. રાસ પૂરો થયો. પરસેવે રેબઝેબ વેણુ મારી પાસે દોડી આવી. મેં તેનો વાંસો થાબડ્યો. પેલો જુવાન થોડેક જ છેટો ઊભો હતો. વેણુએ પાછળ વળીને જોયું, કહ્યું : 'અહીં આવ વિશ્વ, આ મારા બાપુજી છે.' તે નજીક આવ્યો. પૂરા વિવેકથી તેણે મને પ્રણામ કર્યાં. મારી સામે અડોઅડ ઊભેલાં વેણુ અને વિશ્વને હું થોડીક ક્ષણો સુધી એકીટશે

જોઈ રહ્યો. મારી આંખોમાં આછાં ઝળઝળિયાં ઊમટ્યાં. કેવી જુગતે જોડી છે ! પણ પળવારમાં જ બીજો વિચાર કાંટાની જેમ ભોંકાયો : વેણુ આ માણસની જોડે એક દહાડો ચાલી જશે - મારાથી દૂર...! એ વિચારને ફગાવતાં હું હાંફી ગયો. હું વધારે અસ્વસ્થ બનું તે પહેલાં મેં વિશ્વનો સ્પર્શ અનુભવ્યો, અને પછી તેના શબ્દો: 'પપ્પા, તમારી તબિયત કેમ છે ? મારે ક્યારેક તમારી પાસે ઉપનિષદો સમજવાં છે.' મારી સ્વસ્થતા પાછી ફરી. મેં તેનો હાથ પકડી લઈ, થોડીકવાર તેની સામે જોયા કર્યું. અને પછી સકંપ સ્વરે કહ્યું : 'વિશ્વ, રિલેશનશિપ ઇઝ ઓલ્વેઝ પેઈનફુલ (સંબંધ સદા સંતાપકારક) એવી એક ઉક્તિ છે, પણ તમારી સાથેનો મારો સંબંધ એમાં અપવાદરૂપ નીવડશે. ગૉડ બ્લેસ યૂ માય સન !' તે મારા પગ તરફ ઝૂક્યો. મેં તેને અટકાવી દીધો. પછીની ક્ષણે મારે એક ખભે વેણુ, બીજે ખભે વિશ્વ હતાં. ગરબાના મંડપનો ઉજાસ સંકેલાવા લાગ્યો હતો, પણ મને ખાતરી હતી : વેણુ અને વિશ્વને બત્રીસે કોઠે દીવા ઝગ્યા હશે.. હું પણ આસોની રાત જેવો. સુભદ્રા ફરીથી સાંભરી આવી. તે અમારી પાછળ તો નહોતી ચાલતીને !

*

મારી કે વેણુની ઇચ્છા કરતાં વધારે તો નાના અને રાધાવહુના આગ્રહને વશ થઈ અમે ઉનાળુ રજાઓમાં અમદાવાદ મોટાને ઘેર ગયાં, પણ રજાઓ હજુ અડધે રસ્તે નહોતી ત્યાં અમે પાછાં ફર્યાં. લાક્ષાગૃહમાં ક્યાં સુધી રહી શકાય? રોકાઈ જવાનો અમને મોટાએ વિવેકપૂરતોએ આગ્રહ ન કર્યો. તેની વહુ વેણુને એક સસ્તી સાડી આપે તેવી યે અમને અપેક્ષા નહોતી. અમે વહેલાં પાછા ફર્યાં. એટલે નાના અને રાધાવહુની જીભ કાતરની જેમ ચાલવા લાગી : 'મોટાએ પણ ન જ સંઘર્યાં ને ? એ તો અમે સારાં છીએ કે રાખીએ છીએ. તો યે અમને તો જશને બદલે જૂતિયાં !' મારી અને વેણુની આંખો વચ્ચે ઓશિયાળાપણાની લાગણીનો પુલ બંધાઈ ગયો.

વિશ્વ કોઈ કોઈ વાર આવે છે. તેના પ્રત્યેનો નાના અને રાધાવહુનો તુચ્છકાર અછતો રહેતો નથી. તેઓ તેની ગરીબીનો વારંવાર ઉલ્લેખ કરે છે. રાધાવહુ નાનાને વારવાનો દેખાડો કરી અમને સંભળાવે છે : 'તમે શા માટે ભૂંડા થાઓ છો ? બાપ-દીકરીને કૂવે પડવું હોય તો ભલે પડે ! મારા ભાઈનો દીકરો છેસ્તો ! પણ...' ક્યારેક તે કહે છે : 'તમે જોજોને ! બાપુજી બધી મિલકત દીકરીને નામે કરતા જશે ! તમે હાથ ઘસતા રહી જશો ! આટલા વરસ જાળવ્યાં તે ફોક ! પારકો જણ્યો મધ જેવો લાગે છે અને પોતાનાં કડવાં ઝેર !' દલીલથી વાત વધારે વણસે તેમ હતું તેથી ચૂપ રહેવું એ જ અમારો વિકલ્પ હતો.

*

તે દિવસે વિશ્વ આગ્રહ કરીને પહેલી વાર મને તેને ઘેર લઈ ગયો. વેણુ સાથે જ હતી. તે અવારનવાર ત્યાં જતી. ઘર ખાસ્સું દૂર હતું વિશ્વનું. જૂનું, નાનું, પણ સુઘડ. ખાદીનો સફેદ સાડલો પહેરેલાં સોનાબહેન મળ્યાં. ઘરની પાછળ નાનો વાડો હતો. પછી ઘાસનું મેદાન. વિશ્વે તે તરફ આંગળી ચીંધી કહ્યું : 'પપ્પા, મને અહીં તૃણબ્રહ્મનો અનુભવ થાય છે.' હું મનોમન બોલ્યો : 'જે સોમદેવતાને અર્ઘ્ય આપે છે તેને તેઓ ગાય, અશ્વ, કર્મવીર પુત્ર - ઘર, મંડળી અને સભા માટે યોગ્ય એવો પુત્ર આપે છે, જે પિતાની કીર્તિ વધારે છે.' તીવ્ર અભાવની વેદના અને સંતોષની આછેરી સુરખીના બેવડા અનુભવથી હું ઘેરાઈ ગયો. પછી અમે ચારેય જણાં ક્યાંય સુધી બેસી રહ્યાં. બહુ થોડી વાતો થઈ, પણ આત્મીયતા ઘૂંટાતી જતી હતી. મેં એકાએક પૂછ્યું : 'વિશ્વ, તમારા પપ્પા...? સોનાબહેને વચ્ચે કહ્યું : 'વિશ્વ તમારા દીકરા જેવો છે; તેને તુંકારો જ હોય.' મેં સંમતિમાં માથું હલાવ્યું. વિશ્વે કશું બોલ્યા વિના ખૂણામાંની ટિપોય પર એક ફોટોફ્રેમ ભણી આંગળી ચીંધી. સાંજના સંકોરાતા ઉજાસમાં મેં ચશ્મા ઠીક કરી એ તરફ જોયું : એક પ્રૌઢ, પ્રભાવશાળી પુરુષનો એ ફોટોગ્રાફ હતો. ટિપોય પર થોડાંક સુક્કાં ફૂલો પડ્યાં હતાં. સફેદ કપડાંનાં જ બન્યાં હોય એવા સોનાબહેનના ભીના શબ્દો વહી આવ્યા : 'વિશ્વ નવેક મહિનાનો હતો ત્યાં બ્લેડ વાગવાથી ધનુર થતાં તેમનું મોત...'

ખંડમાં ચુપકીદીનું ધુમ્મસ વધારે ઘેરું બન્યું. પછી વેણુએ ધીમેથી કહ્યું : 'બાપુજી, વિશ્વને એના પપ્પાનો અણસાર સરખોયે ક્યાંથી યાદ હોય ?'

'ફક્ત આ છબી...' વિશ્વ બોલ્યો.

'હં...' મેં સ્વગતની જેમ કહ્યું : 'પપ્પા હોત તો આજે વિશ્વને જોઈને કેવા રાજી થાત ! સાદન્યં વિદથ્યં સભેયં પિતૃશ્રવણં યો દદાશદ્ અસ્મૈ...'

વિશ્વે મારી પાસે આવીને કહ્યું : 'આ મંત્ર મેં પણ વાંચ્યો છે. પિતા કેવા પુત્રની ઇચ્છા રાખે છે તેની તેમાં વાત છે. મને પપ્પાની એવી ઇચ્છાનું કેન્દ્ર બનવાની તક પણ ન મળી...'

મેં કહ્યું : 'વિશ્વ, હોવું-ન હોવું એ કોઈ સ્થૂળ ઘટના નથી. તું તારા પપ્પાને આજે પણ અનુભવી શકે છે.'

'તમારી વાત સાચી છે. વેણુને હું એ જ કહું છું. મારો તૂટેલો તાર જોડાયો છે.' વિશ્વ બોલતો બોલતો મારી ખુરશીના હાથા પર બેસી ગયો.

થોડી વારે હું અને વેણુ ઊઠ્યાં. સાંજનો ફેલાવ હવે પૂરો હતો. અંધારું વરસાદની જેમ વરસવા લાગ્યું હતું. સોનાબહેન હાથ ઊંચો કરીને બારણાની ફ્રેમમાં છબી જેવાં લાગતાં હતાં. વિશ્વ અમને બસ સ્ટેન્ડ સુધી મૂકવા આવ્યો. વેણુ અમારાથી થોડીક આગળ નીકળી ગઈ હતી. અચાનક વિશ્વે અટકી જઈ, મારો હાથ પકડી લઈ ધ્રૂજતા સ્વરે કહ્યું : 'તમે મારા પપ્પા બનશો !'

મેં કંપ અનુભવ્યો. શબ્દ મોંમાં થોથવાઈ ગયા. થોડાક દૂરનાં છેડાઓ પર સોનાબહેન અને વેણુ, વચ્ચે અમે બે અને મારી ચોપાસ, મારી દશે દિશાઓમાં સુભદ્રા...સ્વસ્થતા મેળવી મેં કહ્યું : 'વિશ્વ, ઘટનાઓને પોતાની રીતે જ બનવા દે. પહેલેથી કશી ધારણા ન રાખવી. અપેક્ષા છોડવી...' બસ દૂરથી આવી રહી હતી. તેની હેડલાઈટ્સના પ્રકાશમાં હું, વેણુ અને વિશ્વ અજવાળાઈ ગયાં.

¤

વેણુ અને વિશ્વનાં લગ્નની તિથિ નક્કી થઈ. બધું બહુ સાદાઈથી આટોપવાનું હતું. મોટો ખર્ચ કરવાની કોઈની ગુંજાયશ પણ નહોતી. મોટાને

કાગળ લખ્યો હતો; ન આવ્યો. નાનો અને રાધાવહુ લોકોની જેમ હાજર રહ્યાં. આગલે દિવસે વેણુ મારી છાતીમાં મોં છુપાવી ક્યાંય સુધી રડતી રહી. ગાલ પરનાં આંસુ લૂછ્યા વિના તેણે કહ્યું : 'બાપુજી, તમે મારી સાથે ચાલો. વિશ્વ અને મમ્મીની પણ એ જ ઇચ્છા છે. આ ઘરમાં તો તમે...'

મેં જૂની દલીલ કરી : 'દીકરી, ગંગા અવળી ન વહી શકે.' વેણુ એકાએક વરસી પડી : 'તમે ક્યારથી આવી જુનવાણી વાતોમાં માનતા થયા ? તો તમે શાની શાના ? કહી દઉં છું તમને : હું લગ્ન નહિ કરું. વિશ્વનો વિયોગ આખી જિંદગી વેઠીશ, પણ તમને સબડતા નહિ મૂકું.' મેં તેને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો. બોલી : 'વિશ્વની અબળખા તમે નથી જોતા ? તેનો અભાવ પણ તમે નહિ પૂરો ?' મેં એટલું જ કહ્યું : 'આવતીકાલે નક્કી કરીશું.'

લગ્ન થઈ ગયાં. વેણુને વળાવવાની પળ આવી પહોંચી. વેણુ મારી નજીક આવી, આંસુભીની આંખે, તૂટેલા સ્વરે એટલું જ બોલી : 'બાપુજી...!'

મેં આશીર્વાદના શબ્દો ઉચ્ચારવાની મથામણ કરી. ત્યાં વેણુ વિશ્વ તરફ ફરીને બોલી : 'વિશ્વ, તું જ બાપુજીને કહે.' પછી સોનાબહેનને : 'અને મમ્મી, તમે પણ...' વિશ્વ મારી નજીક આવ્યો અને બોલ્યો : 'પપ્પા, અમારી ત્રણેયની સાચી લાગણી છે...અઢી દાયકા પહેલાં મૃત્યુએ મારું કંઈક છીનવી લીધું હતું. આટલે વર્ષે હું એ મૃત્યુને હરાવવા ઇચ્છું છું.'

સોનાબહેને કહ્યું : 'વિશ્વની વાત સાચી છે. હું તેની મા અને બાપ બંને ન બની શકી. તમે એ ખોટ પૂરો તો...'

મેં આજુબાજુ જોયું. નાના અને રાધાવહુની આંખોમાં સાપોલિયાં રમતાં હતાં. અચાનક સુભદ્રાને કંઠે ગવાયેલા ગીતની પંક્તિઓનો ગુંજારવ મને સંભળાયો :

'દાદાને આંગણે આંબલો,
આંબલો ઘોર ગંભીર જો...'

મારું વૃદ્ધત્વ જાણે બેવડાઈ-ત્રેવડાઈ ગયું. મને હાથમાં લાકડીની જરૂરત વર્તાઈ. મેં વિશ્વના આ ખભાનો ટેકો લઈ લીધો. નાનો અને રાધાવહુ ખૂબ દૂર, ઝાંખા પડછાયા જેવાં લાગ્યાં. સુભદ્રાનો કંઠ ફરીથી પડઘાઈ ઊઠ્યો :

'અમે રે લીલુડા વનની ચરકલડી,
ઊડી જાશું પરદેશ જો...'

સૂરોના એ ભણકારાને ખાળવાના મિથ્યા પ્રયત્નો શમ્યા પછી મેં વિશ્વ તરફ જોયું. મારા હોઠ સુધી શબ્દો ફરક્યા : 'વિશ્વ, દીકરા, ચાલ...જે સાચું છે તે જ ભલે સાચું સાબિત થાઓ...' પણ એ શબ્દો મારા મુખમાં જ ગોઠવાઈ ગયા. આંસુભીની માંએ પ્રકટપણે મેં એટલું જ કહ્યું : 'વિશ્વ, દીકરી વેણુ, સોનબહેન, કેટલીક ઝંખના ઝંખના રહે તેમાં જ તેની ગરવાઈ છે. તમારા ઘરની ટિપોય પર એક ફોટોફ્રેઈમ છે. તમે યાદ કરશો એટલે હું એ ફ્રેઈમમાંથી નીકળીને તમારી પાસે આવીશ. જાઓ, સુખી રહો...' અને જાણે આખું જગત ફ્રેઈમ બની ગયું...! □

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૭૭ પરથી

લોહી અને રંગમાં ભારતીય, પણ...

૮-૪-૧૯૭૮. ભારતમાં પ્રચલિત શિક્ષણવ્યવસ્થા આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલાં મેકોલેએ શરૂ કરેલી. તેનો હેતું સ્પષ્ટ કરતાં મેકોલેના શબ્દો હમણાં વાંચવા મળ્યા. મેકોલેએ લખ્યું છે કે, 'We must at present do our best to form a class who may be interpretters between us and the millions whom we govern; a class of persons, Indians in blood and colour, but English in taste, in opinion, in morals and in intellect.' મેકોલે તેના કામમાં કેટલો બધો સફળ થયો છે ! અંગ્રેજોનાં રાજ તો ગયાં પણ તેણે ઊભો કરેલો વર્ગ - લોહી અને રંગમાં ભારતીય પણ વિચાર અને વર્તનમાં વિલાયતી-તો હજુ ફૂલેફાલે છે. ગુજરાતમાં હતો ત્યાં સુધી આ વાત બહુ નજરે નહોતી પડતી, પણ અહીં દિલ્હીમાં તો અને તેમાંયે નવી દિલ્હીમાં તો ઠેર ઠેર ઈન્ડિયન્સ ઇન બ્લડ એન્ડ કલર બટ ઈંગ્લિશ ઇન ટેસ્ટ એન્ડ ઓપીનિયન જોવા મળે છે. અહીં નાનાં બાળકો રામાયણની વાર્તા અંગ્રેજીમાં વાંચે છે અને રામને રામાયણના હીરો તરીકે ઓળખે છે. બીજી વાત, દિલ્હીમાં રામ તો એક જ છે અને તે આપણા મિનિસ્ટર જગજીવનરામ. પેલો રામાયણનો હીરો તો 'રામા' છે. Rama એટલે રામા. બાળકો રામાયણની વાર્તામાં વાંચે છે. 'રામા મેરીડ સીતા... રાવણા કેરીડ અવે સીતા...' આ ઈન્ડિયન્સ ઈન બ્લડ અને કલર ! રામને રામા, રાવણને રાવણા અશોકને અશોકા અને રવીન્દ્રને રવીન્દ્રા કહે છે. પછી યોગને યોગા કહે તેની શી નવાઈ.

નવી દિલ્હીમાં એવાં હજારો કુટુંબો છે. (ઘણાખરા સરકારી નોકરો મેકોલેના શબ્દોમાં 'જે કરોડો પર આપણે રાજ કરીએ છીએ તેમની અને આપણી વચ્ચેના દુભાષીઆઓ.' જેમાં બાળકો કોઈ ભારતીય ભાષા ભણતાં જ નથી. લખવું, વાંચવું, બોલવું અંગ્રેજીમાં જ. ફક્ત પેલાં 'કરોડો' સાથે પ્રસંગ પડે તેટલું માતૃભાષામાં બોલવું, સરકારી નોકરી માટે આજે પણ ભાષામાં ફક્ત અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક ગણાય છે. એકાદ ભારતીય ભાષા પણ લખતાં ન આવડતી હોય એવા કેટલાયે ઓફિસરો છે !

અંગ્રેજો તો ગયા. પાછળ રહી ગયા પેલા કરોડો લોકો 'Millions we govern' અને પેલા દુભાષીઆઓ "Interpretters, Indians in blood and colour...' આનું પરિણામ હમણાં થયેલી ચૂંટણીઓમાં દેખાયું. મોરારજીભાઈની જનતા સરકારે જુદાં જુદાં કમિશનો નીમ્યાં, ઇન્દિરા ગાંધીની કેટલીયે બદબોઈ આ કમિશનોની સુનાવણીમાં થઈ, પણ આ ઈંગ્લિશ ઇન ટેસ્ટ એન્ડ ઓપિનિયનવાળા વર્ગો સુધી જ પહોંચી. પરિણામે બેંગલોરની બધી બેઠકો જનતાને મળી, પણ પેલા 'millions we govern' લોકોએ તો કર્ણાટકમાં (કર્ણાટકામાં નહીં) ઇન્દિરાને બે તૃતીયાંશ બહુમતી આપી ! □

કમ્પ્યૂટર - ૭

માઈક્રો પ્રોસેસર


પ્રહ્લાદ છ. પટેલ

કમ્પ્યૂટરના વર્ગીકરણનો મુખ્ય આધાર તેની કાર્યશક્તિ ઉપર નિર્ભર છે. કમ્પ્યૂટરની કાર્યશક્તિમાં તેની કાર્ય કરવાની ગુંજાશ અને સ્મૃતિતંત્ર (મેમરી)ની વિશાળતાનો સમાવેશ થાય છે. આ અર્થમાં કમ્પ્યૂટરોનું સુપર, મધ્યમ, લઘુ (મિની), અતિલઘુ (માઈક્રો) કમ્પ્યૂટરોમાં વર્ગીકરણ કરી શકાય છે. આવા કમ્પ્યૂટરો તેમના કદ, કિંમત અને કાર્યક્ષમતાની બાબતે જુદાં પડે છે. તેમની કિંમત હજારોથી કરોડો રૂપિયાની વચ્ચે હોય છે. વ્યાપક ફલક ઉપર બધાં જ કમ્પ્યૂટરોનો સિદ્ધાંત, રચના અને કાર્યપદ્ધતિ લગભગ સમાન હોય છે. જે હેતુ માટે કમ્પ્યૂટર તૈયાર કરવામા આવ્યું હોય તે મુજબ વિગતવાર આંતરિક રૂપાંતરો કરવામાં આવે છે. અત્રે લઘુ અને અતિલઘુ કમ્પ્યૂટરો વચ્ચે બરાબર ભેદરેખા દોરવાનું શક્ય નથી; કારણ કે બંને પ્રકારના કમ્પ્યૂટરોમાં એક જ પ્રકારનાં કાર્યકારી ઘટકોનો સમાવેશ થાય છે. ટૂંકમાં, કદ, કિંમત, કાર્યક્ષમતા અને કાર્યના હેતુ ઉપરથી કમ્પ્યૂટરનો પ્રકાર નક્કી થાય છે એમ કહી શકાય.

સામાન્ય પ્રકારના કમ્પ્યૂટર કરતાં માઈક્રો કમ્પ્યૂટર સૂક્ષ્મ વિગતે થોડુંક જુદું પડે છે, કારણ કે તેમાં કેટલાક એકમોનું સંગ્રહણ અને સંગઠન જુદી રીતે કરવામાં આવે છે. તેનું પાયાનું કારણ કમ્પ્યૂટરની રચનામાં માઈક્રો ઈલેક્ટ્રોનિક ટેકનોલૉજિનો ઉપયોગ છે. તેની સંરચના ભલે જુદી હોય પણ તેનું કાર્ય તો એક જ છે. જે કાર્યક્રમ (પ્રોગ્રામ) માઈક્રો કમ્પ્યૂટર ઉપર જે કાર્ય કરે છે તેવું જ કાર્ય, કોઈ પણ જાતના ફેરફાર વિના, મોટા કે મધ્યમ કદના કમ્પ્યૂટર ઉપર કરે છે. રચનાનો તફાવત ગણતરી કરવાની પ્રક્રિયા ઉપર અસર કરતો નથી.

મોટા પાયે સંકલન (Large Scale Integration)ની શોધ ૧૯૫૦માં થઈ. તેના આધારે માઈક્રો પ્રોસેસર (સૂક્ષ્મ સંસાધન)ની રચના અને ઉત્તરોત્તર પ્રગતિ થઈ. સંકલિત પરિપથો (Integrated Circuits)નું ઉત્પાદન ૧૯૭૧માં શક્ય બન્યું. વેફરના સ્તરિય ટુકડા જેવી સિલિકન ચીપ ઉપર સૌપ્રથમ માઈક્રો પ્રોસેસર તૈયાર કરવામાં આવેલ. અત્યારે ૫ મિલીમીટર પહોળી, ૮ મિલીમીટર લાંબી અને ૧ મિલીમીટર જાડી ચીપ ઉપર હજારો ઘટકોના કાર્યને સમાવિષ્ટ કરી શકાય છે. આવી એક જ ચીપ ઉપર અંકુશ(કંટ્રોલ) એકમ તથા ગણિતીય/તાર્કિક એકમો(Arithmatic/Logic Units-ALU)ના સંયુક્ત પરિપથોનો સમાવેશ કરી શકાય છે. આવી ચીપને માઈક્રો પ્રોસેસર એકમ (Micro Processor Unit - MPU) કહે છે. માઈક્રો પ્રોસેસર સંપૂર્ણ કમ્પ્યૂટર નથી તેની સાથે સ્મૃતિતંત્ર (મેમરી) અને નિવેશ/નિર્ગત (Input/Output-I/O) વિભાગોને બહારથી જોડવા પડે છે.

માઈક્રો પ્રોસેસરની જેમ ચીપ ઉપર સ્મૃતિતંત્ર (મેમરી) તૈયાર કરી શકાય છે. આવી મેમરી-ચીપનું મોટા પાયે ઉત્પાદન સસ્તું પણ પડે છે. મેમરીને માઈક્રો પ્રોસેસર એકમ ઉપર પણ સંયોજિત કરી શકાય છે તથા બંને એકમોને અલગ અલગ પણ રાખી શકાય છે. મેમરી-ચીપના પણ કેટલાક પ્રકાર છે. અને એક જ કમ્પ્યૂટરમાં જુદા જુદા પ્રકારની મેમરી ચીપનો ઉપયોગ કરી શકાય છે. પ્રણાલિકાગત કમ્પ્યૂટરમાં વાપરી શકાય તેવી સામાન્ય ચીપને યાદચ્છિક અભિગમન સ્મૃતિતંત્ર (Random Access Memory - RAM) કહે છે. પ્રથમ પ્રકારની RAM ચીપ ઉપર માહિતી 'લખી' શકાય છે તેમજ 'વાંચી' શકાય છે. જ્યારે તેની સાથે સંકળાયેલ પાવરની ચાંપ બંધ કરવામાં આવે છે ત્યારે મેમરીમાં સંચિત બધી માહિતી દૂર થાય છે. RAM સામાન્ય કમ્પ્યૂટરની મધ્યસ્થ મેમરીના જેવું જ કાર્ય કરે છે. 'માત્ર વાચો.' (Read Only Memory - ROM) એ મેમરીનો બીજો પ્રકાર છે. ROM - ચીપના ઉત્પાદન સમયે જ માહિતીનું તેની અંદર ઝરણ કરવામાં આવે છે. ત્યારબાદ આવી ચીપ ઉપરની માહિતીમાં કશો જ ફેરફાર કરી શકાતો નથી. અને નવી માહિતી તેના ઉપર 'લખી' શકાતી નથી. તેના ઉપર ઝારેલી માહિતીનું 'વાચન' થઈ શકે છે. ROMની માહિતીને RAM ઉપર લઈ જઈ શકાય છે. પાવર બંધ કરતાં જે મેમરી માહિતી ગુમાવે છે તેને બાષ્પશીલ (Volatile) મેમરી કહે છે. અને પાવર બંધ કરી દેવા છતાં જે મેમરી માહિતી સાચવી રાખે છે તેને બિનબાષ્પશીલ (Non-Volatile) મેમરી કહે છે. ROM અને RAM સાથે માઈક્રો કમ્પ્યૂટરની વિભાવનાત્મક બ્લોક આકૃતિ નીચે આપેલી છે. આ આકૃતિમાં ત્રણ જુદી જુદી ચીપ છે. અથવા ત્રણેનાં કાર્યોને એક જ ચીપ ઉપર સંકલિત કરી શકાય છે. એટલે કે માઈક્રો પ્રોસેસર એકમ એક અથવા વધુ ચીપ



ધરાવી શકે છે. Programmabe Read Only Memory (PROM) એ ROMનું વિભિન્ન સ્વરૂપ છે. તે મેમરીનો ત્રીજો પ્રકાર છે. માહિતીઓની નોંધ માટે PROM ઉપર કાર્યક્રમ તૈયાર કરી શકાય છે. ચીપ ઉપર એક વખત કાર્યક્રમ તૈયાર થઈ જાય પછી તેના ઉપર નોંધાયેલ માહિતીમાં કશો જ ફેરફાર કરી શકાતો નથી. એટલે કે PROM એ ROMનું કામ કરે છે. અને સંચિત માહિતી માત્ર 'વાંચી' શકાય છે.


PROM બિનબાષ્પશીલ સંગ્રહ છે. Erasable Programmable Read Only Memory - EPROM એ મેમરીનો ચોથો પ્રકાર છે. આ પ્રકારની મેમરીમાં PROMને દૂર કરી (ચેકી) શકાય છે. એટલે કે આવી ચીપ ઉપરથી માહિતી દૂર કરી શકાય છે. તથા બીજી નવી માહિતીની નોંધ તેના ઉપર કરી શકાય છે. આવી ચીપ ઉપરથી માહિતી કેવી રીતે દૂર કરવામાં આવતી હશે ? ઉપાય સરળ છે ? ચીપને પારજાંબલી (Ultra Violet) પ્રકાશ સામે ધરી રાખવાથી માહિતી દૂર થાય છે. EPROM જ્યાં સુધી કાર્યાન્વિત રહે છે ત્યાં સુધી તેના ઉપર માહિતી અકબંધ રહે છે.

ઈલેકટ્રોનિક ગેજેટ્સમાં કમ્પ્યૂટર, માઈક્રો કમ્પ્યૂટર અને માઈક્રો પ્રોસેસર જેવા શબ્દો સામાન્ય બની ગયા છે. બીટ, નીબલ, બાઈટ અને બસ પણ એટલા જ પ્રચલિત છે. એક જ દ્વિઅંકી આંકડાને બીટ કહે છે. ૪ બીટ્સનો એક નીબલ થાય છે. ૮ બીટ્સ અથવા ૨ નીબલનો એક બાઈટ થાય છે. ૧૬ બીટ્સ અથવા ૨ બાઈટ્સ અથવા ૪ નીબલનો શબ્દ થાય છે. માઈક્રો કમ્પ્યૂટરની વર્તમાન પેઢીમાં ૮ બીટરજિસ્ટરો અને સંગ્રાહકો વડે માઈક્રો પ્રોસેસરમાં માહિતી હાથ ધરાય છે. ૧૬-બીટ માઈક્રો પ્રોસેસરવાળી પેઢી તૈયાર થઈ રહી છે. આવાં માઈક્રો કમ્પ્યૂટર વધુ શક્તિશાળી અને સસ્તાં હોય છે. ૩૨-બીટ માઈક્રો પ્રોસેસરવાળું માઈક્રો કમ્પ્યૂટર વેપારી ધોરણે બજારમાં આવવાની તૈયારીમાં છે. RAMનાં જુદાં જુદાં પ્રમાણ ધરાવતાં માઈક્રો કમ્પ્યૂટરની રચના થઈ શકે છે. ૪ K (1 k = 1024) બાઈટ્સથી ૬૪ K બાઈટ્સ તથા ૩૨ K થી ૫૧૨ K બાઈટ્સના વિસ્તારવાળા માઈક્રો કમ્પ્યૂટરો હોય છે. ૪ K અથવા ૧૬Kના ગુણાંકમાં માઈક્રો કમ્પ્યૂટરને વિસ્તારી શકાય છે. એક લક્ષણ (Charactor) માટે જરૂરી અવકાશને ૧ બાઈટ કહે છે. તે મુજબ ૬૪ K એટલે ૬૪ x ૧૦૨૪ = માહિતીના ૬૫૫૩૬ લક્ષણો થાય છે. માઈક્રો કમ્પ્યૂટરના MPU, RAM, અને ROM જેવા જુદાં જુદાં અંગોને તથા I/Oઅને અન્ય જરૂરી રચનાઓને પીઠિકા (Chasis) ઉપર તૈયાર કરેલા ખાંચા (Slots) અથવા પ્લગમાં ગોઠવવામાં આવે છે. આ બધાને માઈક્રો કમ્પ્યૂટરના ખોખા (કેબિનેટ)માં રાખવામાં આવે છે.

માઈક્રો કમ્પ્યૂટર સાથે કિ-બોર્ડ જોડવામાં આવે છે, જેની મારફતે કોયડાને નિર્દેશ કરવામાં આવે છે. કોયડાના ઉકેલને નિર્ગત કરવા માટે તેને કેથોડ-રે-ટ્યૂબ (CRT) સાથે જોડવામાં આવે છે. ઉકેલ નિર્ગત કરવા માટે કેથોડ-રે-ટ્યૂબના સ્થાને પ્રિન્ટર પણ જોડી શકાય છે. માઈક્રો કમ્પ્યૂટરને નીચે આકૃતિ વડે ચિત્રિત કરવામાં આવેલ છે. કેટલીક વખત તેની સાથે ફ્લોપી-ડિસ્ક, હાર્ડ-ડિસ્ક અને મેગ્નેટિક ટેપ જેવા તંત્રનું જોડાણ કરવામાં આવે છે. ફ્લોપી એ ચુંબકીય પટ્ટી (Tape) છે જેના ઉપર માહિતીઓને ત્વરિત રીતે અને સસ્તાઈથી સંચિત કરવામાં આવે છે. લચીલા પ્લાસ્ટિક ઉપર ચુંબકીય ઓક્સાઈડનું પાતળું સ્તર ચઢાવવાથી ફ્લોપી તૈયાર થાય છે. ૮" પરિમાપની ફ્લોપીને ડિસ્કેટ કહે છે. ૫.૫" - પરિમાપની ફ્લોપીને લઘુ-ફ્લોપી કહે છે. ડિસ્કેટની ક્ષમતા ૨૫૦ Kથી ૧.૫M બાઈટ્સની (૧ M = ૧ મેગા = ૧૦૦૦૦૦૦) તથા લઘુ-ફ્લોપીની ૧૨૫ K થી ૫૦૦ K બાઈટ્સની ગુંજાશ હોય છે.

હાર્ડ-ડિસ્ક એક પ્રકારની ફ્લોપી છે. જે બેશુમાર માહિતીઓ સંચિત કરવા સક્ષમ હોય છે; પણ તેને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવાનું કામ અઘરું છે.

મેગ્નેટિક ટેપ ઉપર માહિતી નોંધી શકાય છે. જો તેના ઉપર નવી માહિતી દાખલ કરવામાં આવે તો જૂની માહિતી આપોઆપ દૂર થાય છે. આવી પટ્ટી ૧/૨" પહોળી હોય છે. પ્લાસ્ટિક ઉપર ફેરોમેગ્નેટિક પડ ચઢાવવાથી તે તૈયાર થાય છે. સાદા ટેપ રેકોર્ડરમાં તે વપરાય છે તેવી જ બહુ ટકાઉ અને વધુ ગુણવત્તાવાળી આ પટ્ટી છે. તે ૫૦ થી ૨૪૦૦ ફુટ સુધીની લંબાઈ ધરાવતું રીલ હોય છે. તેના ઉપર માહિતી ચુંબકીય ટપકા (જે ૧ (એક) દર્શાવે છે) અને બીન-ચુંબકીય ટપકા (જે ૦ (શૂન્ય) દર્શાવે છે) તરીકે નોંધાય છે.



પહેલાં સૂચનાઓના સમૂહનું (સોફ્ટવેર) સ્વરૂપ અત્યંત જટિલ હતું. પણ નવા માઈક્રો પ્રોસેસરને વધારે ઘનતાવાળી મેમરી તથા અતિ મોટા પાયે સંકલન (Very Large Scale Integration - VLSI) પરિપથો સાથે જોડવામાં આવે તો સુપર કમ્પ્યૂટર ટેબલ ઉપર રહી શકે એટલું સંક્ષિપ્ત અને મધ્યમ કદનું કમ્પ્યૂટર વ્યક્તિની જાંઘ ઉપર રહી શકે એટલું નાનું થઈ શકે છે. વળી, તેને બેટરી વડે પણ ચલાવી શકાશે. આ સંજોગોમાં કમ્પ્યૂટર સુવાહ્ય બનશે. પરિણામે રેલવે કે હવાઈ જહાજમાં બેઠા બેઠા નવરાશના સમયે કમ્પ્યૂટર વડે કોયડાના ઉકેલ અને કંપનીઓના હિસાબો તથા બજેટની કાર્યવાહી કરવાની સરળતા સુલભ બનશે. □

પસ્તીનાં પાનાં

પ્ર. ચુ. વૈદ્ય

સરકારી ઓફિસમાં શિક્ષક

૧-૫-૧૯૭૭. ગઈકાલે કમિશનની ખુરશી ખાલી કરી ઘેર આવી ગયો છું. યુનિવર્સિટીના ગણિત વિભાગની મારી રૂમ સાફ થઈ ગઈ છે અને કાલથી ત્યાં જવાનું શરૂ થઈ જશે. કમિશનમાં ૬ વરસ પહેલાં જોડાયો ત્યારે એ સરકારી તંત્રને આ માસ્તર આવ્યો તે પસંદ પડ્યું હોય તેવું લાગ્યું નહોતું; અને ગઈ કાલે મેં ઑફિસ છોડી ત્યારે એ જ સરકારી તંત્રના અમલદારોની આંખ ભીની હતી.

પબ્લિક સર્વિસ કમિશનમાં જોડાયા પછી તો હું કોપન હેગન ગયો. પાછા આવ્યા પછી ઇન્ટર્વ્યૂ ગોઠવાયા. એક દિવસ ઇન્ટર્વ્યૂનો સમય ૧૨-૩૦ હતો. ૧૨-૩૦ થયા એટલે મેં તો તૈયારી કરી હાજર ઉમેદવારોની યાદી મંગાવી. ત્યારે સેક્રેટરી આવીને કહે, ઇન્ટર્વ્યૂ તો ૧-૩૦ વાગે રાખ્યા છે. ૧૨-૩૦નો સમય સરકારી પ્રતિનિધિને ફાવતો નહોતો એટલે ૧-૩૦નો સમય રાખ્યો છે અને ચેરમેનને તે માટે પૂછ્યું પણ નહીં! સ્કૂલના વિદ્યાર્થી ઉપર ગુસ્સે થાઉં એવો, મારાથી પાંચ વર્ષ મોટી ઉંમરના સેક્રેટરી ઉપર હું ગુસ્સે થયો. ૧૨-૩૦ વાગે મેં તો ઇન્ટર્વ્યૂ શરૂ કરી દીધા. સેક્રેટરીએ દોડાદોડ સરકારી પ્રતિનિધિને ખબર આપી અને ત્રણ ઉમેદવારના ઇન્ટર્વ્યૂ થઈ ગયા પછી સરકારી પ્રતિનિધિ પધાર્યા. આ પ્રસંગ પછી આ જેવો તેવો માસ્તર નથી તે ઑફિસરોને દેખાઈ ગયું. ગઈ કાલે સાંજે જ્યારે ઑફિસમાંથી નીકળ્યો ત્યારે જૂના સેક્રેટરી તો બદલાઈ ગયા હતા. નવા સેક્રેટરીએ કહ્યું, 'હું ૩૪ વરસથી સરકારી નોકરી કરું છું. કેટલાયે ઑફિસરો સાથે મેં કામ કર્યું છે અને અમે બધા તો વહીવટી નિષ્ણાતો ગણાઈએ પણ જે ત્વરાથી અને સ્પષ્ટતાથી અહીં કમિશનમાં નિર્ણયો લેવાતા હતા તેવું મેં ૩૪ વર્ષમાં પહેલી જ વાર અનુભવ્યું...'

મને કોઈક વાર થાય છે કે "A teacher in a Government officer,' (સરકારી કચેરીમાં એક શિક્ષક) એવો એક મોટો લેખ લખું તો કદાચ તે લેખ માટે સાહિત્યની દુનિયામાં મારી નામના વધી જાય. ખેર-જીવનમાં અનેક પ્રયોગો કર્યા છે, તેમાંનો એક નવતર પ્રયોગ ગઈ કાલે પૂરો થયો.

આ દિલ્હી છે

૧૦-૯-૧૯૭૭. અમદાવાદ મુંબઈના વાતાવરણથી ટેવાયેલા આપણા જેવાને દિલ્હીનું વાતાવરણ તદ્દન જુદું જ લાગે. ગયા શનિવારનો પ્રસંગ છે. દિલ્હીની બે કોલેજના લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓ-યુવકયુવતીઓ, ચાર બસ ભરીને બડખલ સરોવર પિકનિક માટે ગયાં. દિલ્હીથી ૨૫ કિલોમીટર દૂર હરિયાણાના ફરિદાબાદ શહેર નજીક આ સરોવર આવેલું છે, અને હરિયાણા રાજ્યે તેને ટુરીસ્ટ મથક તરીકે વિકસાવ્યું છે. આખો દિવસ જુવાનીઆંઓએ મજા કરી. પણ કેવી મજા? દિવસ દરમિયાન બડખલની સરકારી દુકાનેથી ૨૦ બાટલી બિયર અને તેટલી જ બાટલી વ્હિસ્કી ખરીદાઈ. ઉપરાંત સાથે લાવેલી બાટલીઓ પણ પીવાઈ ગઈ. બપોરે રંગ જામ્યો. બે જૂથ વચ્ચે ચપ્પાં અને ડંડા ઊછળ્યાં. એક જુવાનનું ચપ્પાના ઘા વાગવાથી હોસ્પિટલમાં અવસાન થયું. કેટલાંક છોકરા-છોકરીઓ બે હોડકાં લઈને સરોવરમાં બોટિંગે નીકળ્યાં.

બે હોડી સાથે સાથે ચાલતી હતી અને અંદર બાટલીને લીધે યુવાનો મસ્ત હતા. તેમાંના એકને સૂઝ્યું તે કૂદકો મારીને એક હોડીમાંથી બીજીમાં કૂદ્યો, બે હોડી ભટકાણી અને ઊંધી વળી ગઈ. લાઈફગાર્ડે પાંચ જણને બચાવી લીધા. પાંચે દારૂથી ચૂર હતા. છઠ્ઠો એક લાપત્તા થયો, ડૂબી ગયો. પોલીસની મદદ લેવી પડી અને સાંજે બધાને માંડ બસમાં ચઢાવી ઘર ભેગાં કર્યા. ટાઈમ્સ ઓફ ઇન્ડિયાનો ખબરપત્રી બીજે દિવસે ત્યાં તપાસ કરવા ગયો ત્યારે દુકાનેથી કેટલી દારૂની બાટલી વેચાઈ હતી તે તો ખબર પડી પણ બીજી પણ ખબર પડી કે આ કોલેજિયનોમાંથી નવયુગલોએ ૩, ૩ કલાક માટે પિકનિક હટ પણ રીઝર્વ કરાવી તેનો ઉપયોગ કર્યો હતો!

¤

એક બીજો પ્રસંગ કામગારો અને કારખાનેદાર વચ્ચેનો બન્યો. દિલ્હી નજીક ઉત્તર પ્રદેશના ગાઝીઆબાદ વિસ્તારની એક ફેક્ટરીમાં હડતાલ હતી. એક સવારે સાડા સાત વાગ્યે કારખાનાને દરવાજે પાંચ-છ હજાર કારદારોનું ટોળું જમા થયું. કારખાનેદારે ૨૦ ગુંડાઓને નોકરીમાં રાખ્યા હતા. આ ગુંડાઓ કારખાનાની અગાશી ઉપર હતા. તેમણે અગાશીમાંથી ટોળાં ઉપર આડેધડ ગોળીબાર શરૂ કર્યો, ટોળું વિફર્યું. ગોળીબારથી ૧૭ ઘવાયા. બે ગુંડાને પણ ટોળાએ લાકડી-ડંડાથી ટીપી નાખ્યા. કારખાનાની ઑફિસનું મકાન, ફરનિચર બાળી નાખ્યાં. ઠેઠ નવ વાગ્યે પોલીસ આવી અને કઠ ચોકીદાર અને બે કામદારોની ધરપકડ થઈ.

¤

આજથી સાતેક વર્ષ પહેલાં જ્યારે હું શિક્ષક હતો ત્યારે એક વાર સામ્યવાદી પૂર્વ જર્મનીમાં મુંબઈ ખાતેના એલચી અમારા વિભાગમાં આવ્યા હતા. આ એલચી આઝાદી પહેલાંના ભારતમાં સાતેક વર્ષ ગાંધીજીના આશ્રમમાં રહ્યા હતા. શિક્ષકો સાથેની વાતચીત દરમિયાન તેમણે એક સવાલ પૂછ્યો - દક્ષિણ આફ્રિકાથી ભારત આવી ગાંધીજીએ પોતાનું થાણું અમદાવાદમાં નાખ્યું અને એમ તેમણે શરૂઆતનાં દસ-બાર વર્ષ ગુજરાતમાં પ્રવૃત્તિ કરી. ગાંધી સાથે આ પ્રકારના ઘનિષ્ઠ સંબંધની ગુજરાત ઉપર અને ખાસ કરીને અમદાવાદ ઉપર દૂરગામી અસર (lasting effect) થઈ હોવી જોઈએ. આવી કોઈ અસર બતાવી શકશો? આપણને તો આવો કોઈ વિચાર આવતો નથી. તે વખતે કફની પહેરેલા મેં કાંઈક જવાબ આપી દીધો હશે. પણ આજે લાગે છે કે ઉપર વર્ણવેલા બે પ્રસંગો આપણને કેટલા બધા વિચિત્ર લાગે છે. ગુજરાતમાં તો આવું થાય જ નહિ એ જે લાગણી આપણામાં જન્મે છે તે પેલા જર્મન એલચીએ નિર્દેશેલી ગાંધીની બહુગામી અસર જ છે ને!

(અનુસંધાન પાન ૭૪ ઉપર)

કરમાળની બે શિલ્પાકૃતિઓ


હસમુખ વ્યાસ

સમયની અનવરત ગતિની ઉપેક્ષા કરતી કેટલીક વસ્તુઓ વર્ષોથી - ક્વચિત સદીઓથી - યથાસ્થાને પડી રહેલી હોય તથા અચાનક અને અનાયાસ જોવા મળે ત્યારે હૃદય આનંદવિભોર બની જાય છે. આવી જ બે શિલ્પાકૃતિઓ અણધારી મળી આવી : ગોંડલ તાલુકાના મોટા દડવા (જિ. રાજકોટ)થી પશ્ચિમે સાત કિ.મી. દૂર આવેલી કરમાળ નદીના કાંઠે-કાંઠે ફરતાં 'ચરમાળીઆના ઓટા' તરીકે ઓળખાતા એક જીર્ણ ઓટા પર પડેલાં બે શિલ્પો મળી આવ્યાં (જૂન '૮૩માં). એ છે તો નાની આકૃતિઓ પણ શિલ્પસૌન્દર્ય અને સમયની દૃષ્ટિએ મહત્ત્વની છે. અલબત્ત, તેનું મૂળ પ્રાપ્તિસ્થાન નિશ્ચિત કહી શકાય નહીં. કેમ કે, જે ઓટા પરથી તે મળી છે તે તેનું મૂળ સ્થાન હોઈ શકે નહીં. આસપાસના ખેતરોવાળાને આ અંગે પૃચ્છા કરતાં જાણવા મળ્યું કે એ ન્ને તો એ ઓટા ઉપર વર્ષોથી પડેલી છે. સંભવ છે કે કોઈ ખેડૂતને ખેતર ખેડતા એ મળી આવી હોય ને તેમણે તેને ધાર્મિક વસ્તુ માની ઉક્ત ઓટા પર મૂકી દીધી હોય. આ એક શક્યતાભર્યું અનુમાન છે, હકીકત નહિ. ટૂંકમાં, આ બન્નેનું મૂળ પ્રાપ્તિસ્થાન નિશ્ચિત થઈ શકતું નથી.

આ બે શિલ્પોમાં એક તો શિવલિંગનું થાળું છે અને બીજું કોઈ દેવીની આકૃતિ છે.

માત્ર ૮ x ૮ x ૬ સે.મી.નું માપ ધરાવતું કાળા પથ્થરનું થાળું શિવમંદિરના થાળાનું પ્રતીક છે. વચ્ચેનું લિંગ ખંડિત છે, એ સિવાય બાકીનો ભાગ સારી સ્થિતિમાં છે. લિંગનું સ્થાન ૨.૫ સે.મી.નું છે. લિંગ નહીં હોવા છતાં સહેજે અનુમાન થઈ શકે છે કે તે ૩ થી ૪ સે.મી. ઊંચું હશે. થાળાની લિંગ સિવાયની સપાટી પર લીંબોળીના આકારની રેખાકૃતિઓ છે. આ ઉપરાંત આની જે મહત્ત્વની બાબત છે તે છે થાળાની ચોતરફ જોવા મળતી શિવપરિવારના સદસ્યોની આકૃતિઓ. તેની પૂર્વે નંદી, પશ્ચિમે સ્કંદ, દક્ષિણે ગણપતિ અને ઉત્તરે ગૌમુખ. ગૌમુખની નીચે કોઈ વ્યક્તિની મુખાકૃતિ. ગૌમુખની લંબાઈ ૩ સે.મી. છે (આકૃતિ. ૧) સાદું પણ સુંદર અને સ્પષ્ટ કોતરકામ ધરાવતા આ થાળા પર સ્પષ્ટતયા ગુપ્તકાળની શિલ્પશૈલીની અસર પામી શકાતી હોઈ આને પ્રાય: પાંચમી સદીનું ગણી શકાય. આવાં પ્રતીકથાળાં વલ્લભીપુરમાંથી પણ મળી આવ્યાં છે.

બીજી શિલ્પાકૃતિ કોઈ દેવી (ગૉડેસ)ની છે. ૯ x ૭ સે.મી.નું માપ ધરાવતા સેલખડીમાંથી બનાવાયેલ આ શિલ્પની મધ્યમાં ૫ x ૪ સે.મી.ના માપવાળી કોઈ દેવી - સંભવત: માતૃદેવીની આકૃતિ અખંડિત સ્વરૂપે જોવા મળે છે. હરપ્પા, મોહન-જો - દડોની ખોદકામ સંશોધનથી શક્તિની ઉપાસના અતિ પ્રાચીન હોવાનું સિદ્ધ થાય છે. દરેક યુગ દરમ્યાન કોઈના કોઈ સ્વરૂપે શક્તિની ઉપાસના પ્રચલિત રહી હોવાનુ નોંધાયું છે. વિભિન્ન સમયની તેની શિલ્પાકૃતિને મૂલવતાં તે ગુપ્તકાલીન શૈલીની પ્રબળ છાંટ ધરાવતી હોવાનું જોઈ શકાય છે. લંબગોળ મોં, મીન જેવી આંખો, ભરાવદાર વક્ષ:સ્થળ, પાતળી કમર અને રેખાંકિત મસ્તક વગેર લક્ષણો ધરાવતી આ કૃતિને પણ લગભગ પાંચમી સદીનું સર્જન ગણી શકાય. આની મુખ્ય આકૃતિની બન્ને બાજુએ પણ અંદરની આકૃતિના અર્ધા ભાગનું ઊભું આલેખન છે. એક બીજી વિશિષ્ટતા એ છે કે મુખ્યાકૃતિના ઉપરના ભાગમાં મુખનું પ્રતીક હોઈ તેવી સાત રેખાંકિત નિશાનીઓ છે. સપ્તમાતૃકાઓનો આ કોઈ સંકેત હશે ? તો, અન્ય એક વિશિષ્ટતા એ છે કે મુખ્યાકૃતિના મસ્તકની બન્ને બાજુએ પંખા જેવું કૈંક સ્પષ્ટ જોઈ શકાય છે. (આકૃતિ ૨) પૂર્વ-મૌર્યયુગમાં માતૃદેવીના મસ્તકને - શિરોભાગને - પંખા જેવાં પહોળાં અલંકારયુક્ત બનાવતાં હોવાનું ડૉ. વાસુદેવ ઉપાધ્યાયે નોંધ્યું છે. (જુઓ, 'પ્રાચીન ભારતીય મૂર્તિવિજ્ઞાન' પૃ. ૩૦૪) આકૃતિના નીચેના ભાગમાં કંઈ રેખાંકન નથી. સામાન્ય રીતે આ પ્રકારની શિલ્પાકૃતિઓ અલ્પ પ્રમાણમાં મળે છે. પ્રસ્તુત રચનાને મળતી એક શિલ્પ આકૃતિ 'લલિત કલા અકાદમી' (દિલ્હી)ના પ્રકાશન 'લલિત કલા' (એ જર્નલ ઑફ ઓરિએન્ટલ આર્ટ) નં. ૨૦માં પૃ. ૨૩ ઉપર છઠ્ઠી સદીની એક રચનાનું ચિત્ર પ્રસિદ્ધ થયેલ છે. ગુજરાતમાં આ પ્રકારની શિલ્પાકૃતિ મળ્યાનું જાણમાં નથી. □





'હિંદ છોડો' ચળવળના સ્વાતંત્ર્ય સૈનિકો

ડૉ. જયકુમાર ર. શુક્લ

કૃષ્ણવદન જોશી

કૃષ્ણવદન જોશીએ ૧૯૪૨થી રાજકારણમાં ભાગ લેવા માંડ્યો હતો. 'હિંદ છોડો' ચળવળ શરૂ થતાં કૃષ્ણવદનભાઈએ માંડવીની પોળના રમણલાલ સોમચંદ શાહ, બકાભાઈ (વસંત શેરી), નાગજી ભૂધરની પોળની ચીનુભાઈ અંબાલાલ નવાબ તથા કંસારાપોળના મોહનભાઈ રામજીભાઈ બુચ સાથે ભેગા મળીને ચળવળ ચલાવવા અંગે કાર્યક્રમ ઘડ્યો. કૃષ્ણવદને બી. કે. મજમુદાર, જયંતીભાઈ ઠાકોર (શહેરસૂબા), ઉત્સવ પરીખ, કાંતિલાલ ઘિયા, કે.જી. પ્રભુ વગેરેનો સંપર્ક સાધીને સરઘસો, પ્રભાતફેરીઓ, ગુપ્ત સભા, પત્રિકા વહેંચવી તથા ભાંગફોડના કાર્યક્રમની માહિતી મેળવી લીધી. વહેલી સવારે કૉંગ્રેસ પત્રિકા તથા વિદ્યાર્થી પત્રિકા લાવીને માંડવીની પોળની અનેક પોળોમાં વહેંચવાની વ્યવસ્થા તેમણે કરી હતી. કૃષ્ણવદન અને રમણલાલ સોમચંદ શાહ (ડુક્કર) બંને જમાલપુર વોર્ડના વોર્ડનાયક હતા. તે વારંવાર સરઘસો તથા પ્રભાતફેરીઓ યોજતા તથા વાનરસેનાને પથ્થરમારો કરવા પ્રોત્સાહિત કરતા. કાર્યક્રમો યોજવા માટે આવશ્યક આર્થિક સહાય તેમને રમણલાલ જાની મારફતે મળતી હતી. પોલીસ પાર્ટી પર સખત પથ્થરમારો કરવાથી પોલીસ ગોળીબારો કરતી. એવા એક ગોળીબારમાં લાલભાઈની પોળ પાસે ચન્દ્રકાન્ત જાનીને ગોળી વાગી હતી.

આ ચળવળ દરમિયાન માંડવીની પોળના સો જેટલા યુવાનોએ દાણાપીઠમાં આવેલી દસક્રોઈ મામલતદારની કચેરી પર ધારિયાં, લાઠીઓ વગેરે સહિત હુલ્લડો કર્યાં. તેઓ તેમની સાથે કેરોસીન પણ લઈ ગયા હતા. હલ્લો થતાં જ મામલતદાર બારીમાંથી કૂદીને નાસી ગયા. યુવાનોએ કેરોસીન છાંટીને કચેરીને આગ ચાંપી. તે મકાનનો ૧/૩ ભાગ બળી ગયો. એટલામાં પોલીસો દોડી આવ્યા. યુવાનો નાસી ગયા. પરંતુ જે હાથમાં આવ્યા તેઓને ઢોરમાર માર્યો. આ ચળવળ દરમિયાન કૃષ્ણવદનભાઈ, રમણલાલ સોમચંદ અને રમણલાલ જાની પોતાની પાસે રિવૉલ્વર રાખતા હતા. તેમની પાસે સો કારતૂસ પણ હતા. કૃષ્ણવદન આસ્ટોડિયા પોલીસ ચોકી પર બૉંબ નાખવા ગયા ત્યારે તેમની સાથે રિવોલ્વર લઈને ગયા હતા. તેમણે પાંચ મિત્રો સાથે શહેરમાં ટેલિફોનના તાર પણ કાપ્યા હતા. વાસુદેવ ભટ્ટ સાબરમતી જેલમાંથી નાસી છૂટ્યા બાદ કૃષ્ણવદનને ઘેર ગુપ્ત રહ્યા હતા. અમદાવાદમાં બૉંબ પ્રવૃત્તિમાં ભાગ લેનાર પચાસેક ક્રાંતિકારીઓના આગેવાન કેશવ ગોવિંદ પ્રભુની સૂચનાથી કૃષ્ણવદન આશરે પચાસ બૉંબ ભરેલી પેટી ખાડિયાની વ્યાયામશાળાએથી લઈ આવ્યા અને તે પડીપોળમાં એક ઘરમાં સાચવી રાખી. થોડા દિવસ તે બૉંબ મધુસૂદન ભોળાનાથ ત્રિવેદીને ઘેર મોકલી આપવામાં આવ્યા.

માંડવીની પોળમાં સુરદાસ શેઠની પોળમાં હર્ષદભાઈ વાઈવાળાને ઘેર અનેક ગુપ્ત કાર્યકરોને આશ્રય આપવામાં આવતો હતો. કાંતિલાલ ઘિયા તેમના ઘેર આશરે છ મહિના ગુપ્ત રહ્યા હતા. વાઈવાળાને ઘેર એક વાર લડત અંગે વિચારણા કરવા માટે ભૂગર્ભ કાર્યકરોની સભા રાખી હતી. ઘર પાસે ઘણી સાઈકલો મૂકેલી હોવાથી પોલીસને વહેમ પડ્યો અને રેડ પાડી. બાતમી આપવા ઊભેલા યુવકે એકાએક ગભરાઈ જઈને બૂમ પાડી 'પોઓઓ...લીસ'. તે સાંભળીને બધા કાર્યકરો છાપરાં કૂદીને નાસી ગએલા.

કૃષ્ણવદન જોશી માંડવીની પોળ સેવા સંઘની પ્રવૃત્તિમાં ઘણાં વરસો સુધી સક્રિય રહ્યા હતા. તે ખૂબ સાદું જીવન જીવતા. તેમની મૂક સેવા તથા ગાંધીવાદી સાદગીને કારણે સમગ્ર અમદાવાદમાં નિષ્ઠાવાન કાર્યકર તરીકે પ્રખ્યાત થયા હતા. કૃષ્ણવદન જોશીએ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મેયર તરીકે પણ સેવાઓ આપી હતી. જૂન ૧૯૮૮માં તેમનું અવસાન થયું.

મુલાકાત : ૧૭-૧૨-૧૯૬૮

પ્રભાકર સારાભાઈ શાહ

'હિંદ છોડો' ચળવળમાં પ્રભાકરભાઈએ બૉંબ પ્રવૃત્તિ, પત્રિકા વહેંચવી, ખાલી બલ્બમાં તેજાબ ભરવો તથા અન્ય ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. ૧૯૪૨ના ઑગસ્ટ મહિનામાં તેઓ બી.કૉમના વિદ્યાર્થી હતા અને સરદાર વલ્લભભાઈ પટેલના ભાષણથી પ્રેરાઈને તેમણે અભ્યાસ છોડી દીધો તથા ચળવળમાં ભાગ લેવા માંડ્યો હતો. ૯મી ઑગસ્ટના રોજ ખાડિયાની પોસ્ટ ઑફિસ પાસે ઉમાકાંત કડિયાને ગોળી વાગી ત્યારે પ્રભાકરભાઈ ત્યાં હાજર હતા. તે બનાવનું વર્ણન કરતા તેમણે જણાવ્યું, '૯મી ઑગસ્ટના દિવસે પોલીસ પાર્ટી ખાડિયા ચાર રસ્તા પાસે હતી. જેઠાભાઈની પોળે દરવાજો હતો. ત્યાં ચારસોથી પાંચસો માણસોનું ટોળું હતું. તેના ઉપર પોલીસે લાઠીચાર્જ કર્યો. તેથી ટોળામાંથી પથ્થરમારો કરવામાં આવ્યો. એટલામાં ઉમાકાંત કડિયા ત્યાં આવ્યા. સાઈકલ મૂકીને પોસ્ટ ઑફિસના ઓટલે ઉમાભાઈ ઊભા હતા. એટલામાં ચાર રસ્તેથી પોલીસે ગોળીઓ છોડી. ઉમાકાન્તને કપાળમાં ગોળી વાગી અને તે પડી ગયા. પોલીસ તેમને ઉપાડીને લઈ ગઈ અને લોકો ત્યાંથી નાસી ગયા.' એ જ દિવસે ઉમાભાઈનું અવસાન થયું.

બીજે દિવસે ૧૦ ઑગસ્ટના રોજ સવારે રાયપુરમાં સરઘસ કાઢવામાં આવ્યું. તેના ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો. તેમાં પ્રભાકરભાઈ સહિત અનેક યુવાનો ઘવાયા. પ્રભાકરભાઈ હાથે પાટો બાંધીને ગુજરાત કૉલેજ પર ગયા. ત્યાં સરઘસમાં વિનોદ કિનારીવાળાના હાથમાં ધ્વજ હતો. તેના ઉપર ગોળીબાર થયો એટલે પ્રભાકરભાઈ બચાવ માટે ઘાસમાં સૂઈ ગયા. પોલીસે

કોલેજના કમ્પાઉન્ડમાં આવેલી હોસ્ટેલની રૂમોમાં પ્રવેશીને નિર્દોષ વિદ્યાર્થીઓને ખૂબ માર્યા હતા.

પોલીસ દ્વારા પોળોમાં પેસી જઈને, નિર્દોષ લોકો પર લાઠીમાર કરવામાં આવતો હતો. તે રોકવાના ઇરાદાથી કેટલાક યુવાનોએ મિલોમાંથી તેજાબ મેળવીને, વીજળીના ૨૦૦ જેટલા બલ્બમાં તે ભરીને તૈયાર રાખ્યા હતા. ખાડિયામાં આવેલા અપાસરા ભોંયરામાં તેજાબ ભરેલા બલ્બ સંતાડી રાખ્યા. પોલીસ પોળમાં પ્રવેશે ત્યારે છાપરા ઉપરથી તેજાબ ભરેલા બલ્બ પોલીસ પર ફેંકવામાં આવતા. પ્રભાકરભાઈએ આ રીતે આઠ-નવ પોલીસને તેજાબથી દઝાડ્યા હતા.

લશ્કર સહિત આવી સ્પેશિયલ રેલવે ટ્રેન ઉથલાવી નાખવાના હેતુથી પ્રભાકરભાઈએ 'ડીરેલર' બનાવડાવ્યું. તે રેલવેના પાટાની વચ્ચે મૂકવા જતાં જ પોલીસે ગોળીબાર કર્યો; પરંતુ તેમાં તે બચી ગયા અને તેમનો પ્રયાસ નિષ્ફળતામાં પરિણમ્યો. એક વાર સાઈકલ ઉપર જઈ રહેલા ટેલિફોન ખાતાના મિકેનિક પર એકાએક હુમલો કરી, તેને મારી તેની પાસેથી સાધનો ખૂંચવી લઈને પ્રભાકરભાઈ નાસી ગયા હતા. ચળવળ દરમિયાન એક રાત્રે પહેરો ભરી રહેલા સંત્રી ઉપર પ્રભાકર શાહ અને ચન્દ્રવદન પટેલે એકાએક હુમલો કર્યો. તેને બંનેએ મારીને ગટરમાં નાખી દીધો અને બેયોનેટ સહિત તેની બંદૂક લઈને નાસી ગયા હતા.

પ્રભાકરભાઈને ઘેર સાઈકલોસ્ટાઈલ મશીન કેટલોક સમય રાખીને કોંગ્રેસ પત્રિકા છાપવામાં આવતી હતી. પ્રભાકરભાઈ સહિત કેટલાક યુવાનો રાત્રે વીજળીના રસ્તા ઉપરના ગોળા ફોડી નાખી અંધારું કરીને, રસ્તા ઉપર વટાણા પાથરી દેતા. ત્યાર બાદ પથ્થરમારો કરતા, એટલે પોલીસ છોકરાઓને પકડવા દોડે અને લપસીને પડી જાય. તરત જ બીજા યુવાનો પડી ગયેલા પોલીસોને હોકી વડે મારતા હતા.

ચળવળ દરમિયાન, તાલિયારખાન નામનો પોલીસ સબ-ઇન્સપેક્ટર છોકરાઓને ખૂબ મારતો હતો.તેથી તેને પાઠ ભણાવવા માટે ભાણ સદાવ્રતની પોળના નાકે, છાણ અને ગંદકી એક માટલામાં ભરીને , તે માટલું બે થાંભલે દોરડું બાંધીને લટકાવ્યું. તે માટલા પર'તાલિયારખાન પાવલી' એવા શબ્દ લખ્યા. તાલિયારખાને જાતે તે જોયું. તેથી માટલા નીચે ઊભા રહીને લાકડી મારી. માટલું ફૂટી જતાં તેના મોં અને શરીર ઉપર ગંદકી પડી. ત્યાર બાદ રોષે ભરાઈને તેણે પોલીસો સહિત ગોલવાડનાં મકાનોમાં જઈને લોકોને ખૂબ માર્યા.

ખેડા જિલ્લાનાં ગામોના દૂધના સંચામાંથી બ્રિટિશ લશ્કરના સૈનિકોને માખણનો પુરવઠો આપવામાં આવતો હતો. તેથી ભાદરણ, વીરસદ, વટાદરા વગેરે ગામોમાં જઈ, ત્યાંના યુવાનોની સહાય લઈને, દૂધના સંચા તોડી નાખવા માટે અન્ય યુવાનો સાથે પ્રભાકરભાઈ પણ ગયા હતા. નીલમણી નામના એક બંગાળીએ સાર્જન્ટ ડૉડલી પર ગોળીબાર કરવા, પ્રભાકરને એક રીવોલ્વર આપી હતી. પાંચકુવા દરવાજાની પાસે આવેલ ઈંગ્લિશ સિનેમાની ગલીમાંથી પ્રભાકરે ડૉડલી પર ગોળીબાર કરવાનો પ્રયા કર્યો. પરંતુ તે જ સમયે પથ્થરમારો થવાથી સાર્જન્ટ ડૉડલી બીજી તરફ દોડી જવાથી, તે કાર્યક્રમમાં સફળતા મળી નહીં.

. પ્રભાકર શાહે ખાડિયા, ભાણ સદાવ્રતની પોળની એક રૂમમાં બૉંબ બનાવવાનાં રસાયણો તથા રિવૉલ્વર રાખ્યાં હતાં. તળિયાની પોળના

લઘુકથા

અંગૂઠાછાપ

નરેન બારડ

તેને લકવા થઈ ગયો અને જમણું અંગ ઝલાઈ ગયું.

તેને તરત દવાખાનામાં દાખલ કરાયો. સમયસરની સારવાર મળવી શરૂ થઈ એટલે ધીરેધીરે તેની આંખ, જીભ, જડબું, પગ અને બોચી સુધીનો હાથ સારો થઈ ગયો, પણ તેના હાથની આંગળીઓ જડવત્ રહી ગઈ.

તેને દવાખાનામાંથી છૂટ્ટી અપાઈ ત્યારે ડૉક્ટરી-સર્ટિફીકેટ મળ્યું : 'સહી કરી શકે તેમ ન હોવાથી તેના જમણા હાથના અંગૂઠાનું નિશાન માન્ય રાખવું'

તે શિક્ષક હતો ! □

બાબુભાઈ મહાત્માએ પ્રભાકરભાઈને બોલાવીને રેડ મંચર (ખૂબ સ્ફોટક પદાર્થ), પોટાશ, સલ્ફર, ફોસ્ફરસ વગેરે રસાયણો સાચવી રાખવા આપ્યાં હતાં. પ્રભાકરે તે રસાયણો ઘોડાગાડીમાં લાવી, પોતાને ઘેર માળિયામાં મૂકી રાખ્યાં. અજિતકુમાર પટેલ તે રસાયણો બૉંબ બનાવવા માટે રાયપુર, પીપરડીની પોળે મૂકી આવ્યા હતા.

મિલોની હડતાળ ચાલુ રખાવવા માટે, વીજળીનાં પાંચ સ્વીચ હાઉસમાં બૉંબ મૂકવા માટે મનહરભાઈ રાવળ, રામપ્રસાદ વાડીલાલ શાહ, બાલમુકુંદ આચાર્ય વગેરે ક્રાંતિકારીઓએ ઘડેલી યોજનામાં પ્રભાકરભાઈ જોડાયા હતા. ઈદગાના ઇલેક્ટ્રિક સબ-સ્ટેશનમાં ૨૨ નવેમ્બર, ૧૯૪૨ની સાંજે ચામડાની સુટકેસમાં બૉંબ લઈને પ્રભાકરભાઈ સાઈકલ ઉપર ગયા અને સબ-સ્ટેશનનું તાળું ખોલી તેમાં ગન પાવડરના બૉંબ મૂકી, કાથીની દોરી સળગાવી નાસી ગયા. પાછા ફરતાં, રસ્તામાં જ બૉંબના ધડાકા તેમણે સાંભળ્યા. તે રાત્રે પ્રભાકર તેમના મિત્ર બાલમુકુંદ આચાર્યને ઘેર સૂઈ ગયા. તે પછી જુદા જુદા પરિચિતોને ઘેર, અમદાવાદમાં તેઓ ગુમ રહ્યા હતા. તેઓ વરરાજાના વેશમાં કે બીજો કોઈ વેશપલટો કરીને રાત્રે રહેવાની જગ્યા બદલતા હતા.

પોલીસે પ્રભાકરભાઈના ઘેર રેડ પાડી અને તેમને બદલે તેમના ભાઈ કંદર્પભાઈની, તે બીમાર હોવા છતાં ધરપકડ કરી હતી. પ્રભાકરભાઈ અમદાવાદથી નાસી જઈને ખેડા જિલ્લાનાં ગામોમાં કેટલોક સમય ગુમ રહ્યા હતા. ત્યાર પછી રમણભાઈ રાવળે તેમને સંદેશો મોકલીને બોલાવી લીધા. પોલીસ ઑફિસર સરયૂપ્રસાદ મહેતા ઇલેક્ટ્રિક સબ-સ્ટેશન બૉંબ કેસની તપાસ કરતા હતા. તેમને ટેલિફોન કરી, ખબર આપીને માર્ચ ૧૯૪૩માં પ્રભાકરભાઈ પોલીસ સમક્ષ હાજર થઈ ગયા. આશરે દોઢ વર્ષ અંડર ટ્રાયલ કેદી તરીકે સાબરમતી જેલમાં રહ્યા બાદ, ઇલેક્ટ્રિક સબ-સ્ટેશન બૉંબ કેસનો ચુકાદો એપ્રિલ ૧૯૪૪માં આવ્યો અને તેમાં તેઓ નિર્દોષ છૂટ્યા હતા.

મુલાકાત : તા. ૨-૭-૧૯૭૦

(પ્રભાકર સારાભાઈ શાહનું ૨૭ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ હૃદયરોગના હુમલાથી અવસાન થયું.)

નાટ્યતત્ત્વનું વાસ્તવ

હસમુખ બારાડી

અંગ્રેજી જોડાણીને કારણે એન્ટોન ચેખોવ તરીકે જાણીતા થયેલા રૂસી નાટ્યકાર - વાર્તાકારના નામનો ખરો ઉચ્ચાર અન્તોન ચેહફ (૧૮૬૦-૧૯૦૪) છે. એનાં પાંચ લાંબાં નાટકોમાંથી એક 'વાન્યામામા' (૧૮૯૭)ની વાતમાં, 'નાટકમાં વાસ્તવવાદ' અને 'નાટ્યતત્ત્વ અને મંચન-તત્ત્વ'ની ચર્ચાનો આપણો દોર પકડી લઈએ...

'વાન્યામામા' નાટકનો પ્રથમ નાટ્યાલેખ, એના સાત વર્ષ પહેલાં ૧૮૮૯માં 'વનભમતો આત્મા' નામે ચેહફે તૈયાર કર્યો હતો. એની મંચન-નિષ્ફળતા પછી આ રૂસી નાટ્યકારે 'ફરી કદી નાટક ન લખવાનું' નક્કી કર્યા છતાં, મોસ્કો આર્ટ થીએટરના દિગ્દર્શકો સ્તાનિસ્લાવ્સ્કિય અને દનશેન્કોના આગ્રહે, ત્રણેક નાટકો લખ્યાં અને 'વનભમતો આત્મા'નું ફેરલેખન પણ કર્યું. આ ફેરલેખન તેણે શા માટે કર્યું, શા ફેરફારો કર્યા, ચેહફની નાટ્યસમજ અને મંચનતત્ત્વની સૂઝબૂઝમાં એ દરમ્યાન શું પરિવર્તન આવ્યું હતું એની તપાસ આપણે બેત્રણ તબક્કામાં કરીએ.

એમાં સૌ પહેલું તે 'વાન્યામામા'ની રજૂઆત જોઈ, વાન્યાના નિષ્ફળ ગોળીબારના પ્રસંગ વિશેની, દિગ્દર્શકને ઉદ્દેશી ચેહફે કરેલી ટકોર :

'સોન્યા પિતા પાસે ઘૂંટણિયે પડી શા માટે વિનવણી કરે છે ? એથી એ નાટક નથી બનતું. નાટ્યવિચાર તો અંદર છે; બાહ્ય પ્રસંગોમાં નહીં. મેં લખેલી સોન્યાની વિનવણી એ તો સામાન્ય કહી શકાય એવો પ્રસંગ છે - ગોળીબાર પછીની કડીરૂપ. અને ગોળીબાર પણ કંઈ 'નાટક' નથી; એય છે એક સામાન્ય ઘટના !'

ચેહફના આ નાટ્યવિચારવિકાસને સમજવા આપણે પ્રથમ નાટ્યાલેખ 'વનભમતો આત્મા'ની વાર્તા જોઈએ :



પ્રોફેસર સિરિબ્રયાકફ નિવૃત્ત થઈને પોતાની બીજીવારની યુવાન પત્ની યિલિનાને લઈને પ્રથમ મૃત પત્નીની ગામડામાંની જાગીરે આવ્યા છે. પ્રથમ પત્નીથી થયેલી દીકરી સોન્યા અને પ્રોફેસરનો સાળો ઇગર વઈનિત્સ્કિય (મામા વાન્યા) આ જાગીર સંભાળે છે. મામાભાણી 'પેટે પાટા બાંધીને જાગીરની બધી આવક' પ્રોફેસરને શહેરમાં મોકલતાં રહ્યાં છે કે જેથી કલાતત્ત્વસંશોધન અને લેખન-કારકિર્દીમાં પ્રોફેસર શાંતિથી ધ્યાન આપી શકે.

આ સિરિબ્રયાકફ દંપતીને એના ધનિક મિત્ર ઝેલ્તુખીન પોતાના જન્મદિને જમવા બોલાવે છે એ પ્રસંગથી નાટકની શરૂઆત થાય છે. ઝેલ્તુખીનને સોન્યામાં રસ છે, અને સોન્યા એવો વળતો રસ લે એ માટે એની સમવયસ્ક સખી યુલિયા એને સમજાવે છે. એવાં જ બીજાં બે પાત્રો છે અર્લૉવ્સ્કિય અને એનો પુત્ ફયોદ્ર. આ ફ્યોદ્ર પ્રોફેસરની પત્ની યિલિનાને 'નનામા પત્રો' લખે છે, એની આજુબાજુ ઘૂમ્યા કરે છે. વાન્યા પણ યિલિનાને પોતાના પ્રેમના પ્રત્યુત્તર માટે વિનવણી કર્યા કરે છે. નાટકનો 'વનભમતો આત્મા' - ડૉ. ખ્રુશ્શોફ ભારે જંગલપ્રેમી છે એટલે, પ્રોફેસર સિરિબ્રયાકફ પૈસા માટે જાગીરનાં એક હજાર વૃક્ષો કાપીને લાકડું વેચવાનું નક્કી કરે છે ત્યારે, એમ ન કરવા વિનંતી કરે છે, અને છેવટે, વૃક્ષો ન કાપવાનું વચન મળે તો, ત્રણ મહિના પછી પ્રોફેસરને એટલા જ પૈસા આપવાની તૈયારી પણ બતાવે છે.

સંધિવાથી પીડાતા પ્રોફેસરને અહીં ફાવતું નથી અને પોતાની યુવાન પત્નીની આજુબાજુ વરણાગિયા જુવાનિયાઓને જોઈ, બીજે ચાલ્યા જવા માટે આ જાગીર વેચવાની એ દરખાસ્ત મૂકે છે. વાન્યા એથી ક્રોધે ભરાઈને પ્રોફેસર સામે બાખડે છે અને પછી 'આપઘાત' કરે છે. યિલિના 'પતિત્યાગ' કરીને ધનિક પડોશીને ત્યાં 'ગુપ્તવાસ' કરે છે. સોન્યા અને પિતા પ્રોફેસર પણ પોતાના મિત્ર અર્લૉવ્સ્કિયને ત્યાં ચાલ્યાં જાય છે.

વાન્યાના મૃત્યુને પંદર જ દિવસ થયા છતાં પ્રોફેસર અને સોન્યા જંગલમાં દ્યાદિનના ઘરે પિકનિક માટે આવે છે ત્યાંથી એના છેલ્લા અને ચોથા અંકની શરૂઆત થાય છે. અહીં જ યિલિના ગુપ્તવાસ કરી રહી છે અને ડૉ. ખ્રુશ્શોફ પણ ભૂંસાતા જતા જંગલના નકશા ચીતરવા અવારનવાર આવે છે. જાણવા મળે છે કે વાન્યા 'ડાયરી લખતો' હતો, જેમા યિલિના પ્રત્યેના પોતાના પ્રેમની વાત એણે કબૂલી છે. ડૉ. ખ્રુશ્શોફ પ્રત્યેની ભાણી સોન્યાની લાગણી બદલ પણ વાન્યાએ એને ઠપકો આપ્યો છે. આખા અંક દરમ્યાન સોન્યા ઝેલ્તુખીન તરફ ઢળેલી દેખાય છે. એથી ખ્રુશ્શોફ જીવન અને પ્રેમ પ્રત્યે ખૂબ નિરાશાવાદી કથનો ઉચ્ચારે છે. એ બધું 'છુપાઈને સાંભળી' યિલિના પ્રોફેસર-પતિ પાસે 'છતી થાય છે.' ત્યાં દૂર 'જંગલમાં દવ લાગ્યા'ના સમાચાર મળે છે, ખ્રુશ્શોફ એ તરફ દોડે છે. સોન્યાને થાય છે કે પોતે એને 'અન્યાય કર્યો' છે એટલે, એની પાછળ પોતાને લઈ જવા દ્યાદિનને વિનંતી કરે છે. ત્યાં જ ખ્રુશ્શોફ ઘોડા લેવા 'પાછો આવે' છે, કારણ કે પગે ચાલીને ત્યાં પહોંચાય તેમ નથી. આ તકે સોન્યા ખ્રુશ્શોફ પ્રત્યેનો પ્રેમ કબૂલે છે. ફયોદ્ર અને યુલિયા પણ એકબીજાંનો સ્વીકાર કરે છે. પ્રોફેસર અને યિલિનાનો મેળ તો અગાઉ



થયો જ છે. વાન્યાએ આપઘાત ભલે કર્યો, પરંતુ આ ત્રણ યુગલો તો 'અનેક ગેરસમજો પછી જોડાય' છે; અને પેલો 'દાવાનળ ભૂલી જવાયા' છતાં, ત્રણેય-યુગલોની સમજૂતી સુખાન્તનો અનુભવ કરાવે છે : ઘાદિન તો જાણે ભરતવાક્યનું આશીર્વચન પણ ઉચ્ચારે છે : 'આ તો બહુ ભલું થયું, ભાઈ !'

પ્રથમ નાટ્યાલેખની આ વાર્તા (વચ્ચેના અવતરણ ચિહ્નો મારાં છે.) અને સ્થૂળ પ્રસંગ અંગેનું ચેહફનું પેલું કથન સાથે મૂકીએ તો ? એ તકે એ પણ યાદ રાખીએ, કે એ બન્નેને એક આખો સૈકો વીતી ગયો છે, નાટ્યવિચાર-વિકાસમાં અનેક પરિવર્તન આવ્યાં છે, અને ફિલ્મ/ટી.વી.ના ખાસ કરીને છેલ્લા દાયકા દરમ્યાનના, સ્થૂળ હિંસાના અતિનાટકીય પ્રસંગોના ચિત્રણનો આપણને આટલો અનુભવ છે !

જો કે ચેહફે 'વાન્યામામા'ના બીજા નાટ્યાલેખમાં 'સ્થૂળ ઘટનાઓ' દૂર કરી હતી : વાન્યાનો આપઘાત, યિલિનાનો પતિત્યાગ, ધનિક પડોશીને ત્યાં એનો ગુમવાસ, છાનાંમાનાં સાંભળવું અને પ્રકટ થવું, દાવાનળ વગેરે.

નવા નાટ્યાલેખમાં સિરિબ્રયાકફના આવ્યા-ગયા વચ્ચેની આટલી ઘટનાઓ છે : વાન્યાને યિલિના પ્રત્યે આકર્ષણ છે; પણ તેનો પ્રત્યુત્તર મળતો નથી; જાગીર વેચવાની દરખાસ્તથી ઉત્તેજિત થઈ બનેવી સિરિબ્રયાકફ પર એ નિષ્ફળ ગોળીબાર કરે છે, પરંતુ પછી ભાણી સોન્યાના આગ્રહે એમની સાથે મન વાળી લે છે, અને જાગીર સંભાળવાનું નીરસ કામ આગળ ચલાવે છે. ડૉ. અસ્ત્રોવ (મૂળ વાર્તાનો ડૉ. ખ્રુશ્ચોફ) માટે આ ઘર વિશ્રામસ્થાન છે; જંગલના નકશા દોરવાનું એક ટેબલ પણ ત્યાં અલાયદું રખાયું છે. સોન્યાના પ્રેમનો એ સ્વીકાર કરે છે, યિલિના એના તરફ થોડું ઢળી પોતાના પતિ સાથે વિદાય લે છે ત્યારે ડૉ. અસ્ત્રોવ આ ઘરમાંથીય જાણે વિદાય લઈ લે છે. યિલિનાએ સિરિબ્રયાકફની પંડિતાઈથી આકર્ષાઈ લગ્ન કર્યાં છે અને તેથી સાવકી પુત્રી સોન્યાનો અનાદર સહેતી આવી છે, તેની સાથે પણ 'તું' કહેવાનું મનસંધાણ કરે છે, વાન્યાનું રોમિયોપણું એને કંટાળો આપે છે અને છેવટે પતિ સાથે ચાલી જાય છે. વાન્યા અને સોન્યા જાગીરના હિસાબનું કંટાળાનજક કામ ચાલુ રાખે છે, અને સોન્યા કહે છે : 'આ જીવાદોરી ટૂંકાશે ત્યારે આપણે ઈશ્વરને કહી શકીશું કે અમે કડવાશને જીરવી જાણી છે.'

બન્ને નાટ્યાલેખોની સરખામણી સ્પષ્ટ કરી આપે છે કે વચ્ચેનાં સાત વર્ષમાં આ નાટ્યકારે લખેલી વાર્તાઓ ('વોર્ડ નં. ૬', 'ત્રણ વર્ષ', 'ગલૂડિયાંની માલકણ'), ફારસ એકાંકીઓ અને પોતાનાં ('દરિયાઈ પંખી' વગેરે) નાટકોનાં મંચન જોયાં પછી પહેલાં નાટ્યાલેખમાંથી બધી સ્થૂળ ઘટનાઓ દૂર કરી છે, અને જે નિષ્ફળ ગોળીબાર રાખ્યો છે તે તો 'વાન્યામામા'ની જીવનની નિષ્ફળતાનું બહુ મોટું પ્રતીક જ બની ગયો છે. એ ઉપરાંત પાત્રાલેખનમાં વ્યાપ અને ઊંડાણ આવ્યાં છે. નવો નાટ્યાલેખ તત્કાલીન રૂસી જીવનના ચિત્રને બળૂકી રીતે ઝીલે છે. આખા નાટકમાં ક્યાંય શોરબકોર કે આરોપો-આક્ષેપો નથી. પાત્રો અને એનું પ્રત્યાયન અંડર સ્ટેટમેન્ટ (અલ્પકથન)થી સિદ્ધ કરવાનું ચેહફે ધાર્યું છે. પેલા બધા અવતરણિયા અતિનાટકીય પ્રસંગોને બદલે આવી નાની વિગતોથી ચેહફ નવા નાટ્યાલેખને સમૃદ્ધ કરે છે : પાનખર ઋતુ, આફ્રિકાનો તાપ, અસ્ત્રોવની સીટી, મીઠાં સંભારણાંની પેન્સિલ, પંખીનું પીંજરું, નિષ્ફળ ગોળીબારનું એકશન વગેરે.

આ નાટકની ત્રણ રજૂઆતો (મોસ્કો આર્ટ થીએટરમાં સ્તનિસ્લાવ્સ્કિયના દિગ્દર્શન મુજબની નવાં પાત્રો દ્વારા થયેલી; અને ઓખ્લો-પ્કોવ તથા તફત્સ્નોગોવ દ્વારા દિગ્દર્શિત લેનિનગ્રાદ અને બેલ્ગ્રેડમાંની રજૂઆતો) મેં જોઈ છે, એ ત્રણેનાં દિગ્દર્શકોએ ક્યારેક અસ્ત્રોવ ક્યારેક વાન્યા, તો વળી ક્યારેક યિલિના / સોન્યા પર ફોકસ કરેલું. એક રજૂઆતમાં ખરો ગોળીબાર જ નહોતો કર્યો, તો બીજીમાં ત્રોઈકાના ઘોડાનો હણહણાટ, મરિનાનાં મરઘાંબતકાંનો બકબકાટ, ચોકીદારની લાકડીનો ઠકઠકાટ અને ગણતરી માટે વપરાતાં લાકડાના સાધન - અબાક્કસ-નો થપથપાટ વગેરે ધ્વનિઓ જીવંત કર્યા હતા. રજૂઆત વાસ્તવવાદી, પણ વાસ્તવવાદની આગળ એ તાકતી હતી. જીવન જાણે મહાનદીની જેમ વહેતું હતું અને વાન્યા / સોન્યા / યિલિના / અસ્ત્રોવની વેદનાને પેટાળમાં રાખી એ લોકોના રોજિંદા જીવનમાંથી ક્યારેક અલ્પકથન જેવું કોઈ વાક્ય નીકળી આવતું કે 'સો-બસો વર્ષ પછી આ જીવન વેડફાયાં બદલ બધાં આપણને ઠપકો આપશે...'

* * *

તું તો નાટક કરે છે; આજે તો નાટક જેવું થઈ ગયું, નાટકની જેમ કવિન્યાય મળતો હોય તેવું એને થયું, વગેરે વાક્યો આપણે સાંભળીએ છીએ; આ લેખમાં પણ અત્યાર સુધીમાં આપણે બે-ત્રણ જગ્યાએ કેટલીક ઘટનાઓ વિશે નાટકીય અને અતિનાટકીય એવો ઉલ્લેખ પણ કર્યો છે; તેમ 'નાટકીય ઢબે', 'નાટ્યાત્મક રીતે' વગેરે શબ્દોથી પણ આપણે કેટલીક ઘટનાઓ સમજાવીએ છીએ એ શું છે ? કશુંક અસાધારણ ? કશુંક ઓચિંતું ? કોઈક વિશેષ પ્રકારના વળાંકવાળી ઘટના ? માત્ર આશ્ચર્યજનક ? શું એ એક વાત; અને બીજી વાત એ કે સામાન્ય જીવનમાં એવી ઘટનાઓ એકસામટી, ક્રમબદ્ધ, ટૂંકા ગાળામાં બને ? અને ખરેખર બને તો આપણે એના આઘાતો સહન કરી શકીએ ?

ખરેખર, તખ્તાને પેલે ચોખંડે જે 'બને' છે તે તો "નિરૂપાય" છે, એટલે કે 'પ્રસ્તુતિની કલાપ્રક્રિયા'નો પાસ એને મળેલો છે. બાકી સામાન્ય જીવન તો એટલું શાંત, સરળ, મોટે ભાગે ઘટનાહીન વહ્યું જતું હોય છે કે વર્ષોનાં વર્ષો સુધી, અનેક સ્થળોએ જીવાતા જીવનમાં તખ્તે મૂકવા જેવું કંઈ જણાય જ નહીં.

તખ્તાના એ ચોખંડે જે બને છે તે એ રીતે ભલે વાસ્તવિક નહીં, પણ વાસ્તવનો આભાસ ઊભો કરે, સત્ય લાગે એ રીતે સ્વીકારી શકાય, એવી રીતે નિરૂપાયેલું હોવું જોઈએ. જીવનમાં ઓચિંતું ઘણું ઘટે, પણ એનું વાસ્તવ તખ્તે વાસ્તવિક ન પણ લાગે; જ્યારે તખ્તાના બે-અઢી કલાકના સમયખંડમાં કોઈ પાત્રનું પચાસેક વર્ષનું જીવન નિરૂપાતું હોય, તો એ પચાસ વર્ષના સમયને એક/અનેક સ્થળોમાં સંકોચીને વાસ્તવિક/સત્ય/સ્વીકાર્ય લાગે એ રીતે રજૂ કરતાં, કેટલીક ઘટનાઓ ત્વરિત બનતી જણાય, અને છતાં એ 'જીવાતા જીવન' તરીકે સ્વીકાર્ય પણ બને. અને એટલે પેલી 'નાટકીયતા'માં સમયસ્થળનું તત્ત્વ નિર્ણાયક બને.

ચેહફને મન પણ 'એકશન' જે રીતે નાટક-થીએટરમાં સમજાવાય છે તે દંભી અને કૃતક વિભાવના હતી. એણે કહ્યું છે કે 'લોકો આવતાં-જતાં, ખાતાં-પીતાં, ઠંડી-ગરમીની વાત કરતાં અને ગંજીફેય રમતાં, એટલે કે સામાન્ય જીવનમાં જીવતાં હોય એ રીતે, નાટક લખાવું જોઈએ. તખ્તે નિરૂપાતું હોય એ તો 'જીવન જેવું છે તેવું જ' લાગવું જોઈએ; આડંબરી અને તાલમેલિયું નહિ જ.' ટૂંકમાં, પાત્ર અને એના હાલહવાલ, એનું અંતરજગત, એની ઝંખનાઓ, નિરાશાઓ, એનો કંટાળો અને આનંદ...ટૂંકમાં એવી એવી ક્ષણોને આ સર્જક તખ્તે મૂકતો હતો. એટલે તો એક જ નાટકના પેલા બે આલેખોની અગાઉ કહેલી કથામાં, અને એનાં પાત્રોમાં, આટલો તફાવત છે: દા.ત., ડૉ. અસ્ત્રોવ યિલિના પાસેથી મીઠાં સંભારણાંની પેન્સિલ લેતાં કહે છે : 'સો-બસો વર્ષ પછી આપણાં આ વલોપાત વિશે કોઈને પેટમાં બળશે ખરું ?' અસ્ત્રોવનો અસ્વીકાર પામ્યા પછી સોન્યા કહે છે : 'હું હતાશ નહિ થાઉં, અને મને કરાર વળશે.' યિલિના અસ્ત્રોવને કહે છે : 'મારા વિશે સારું વિચારજો. હું એવી હીણી નથી.' જ્યારે વાન્યા સોન્યાને સથવારે, સુડતાલીસમે વર્ષે નવું જીવન શરૂ કરી શકે છે. આ બધું ઉપરછલ્લી દેખીતી ઘટનાઓ નથી. પણ એમનાં જીવનમાં અનેક વર્ષો પર્યન્ત જે ઘટી ગયું છે એનું **પરિણામ** છે. અને એ ક્ષણોને પસંદ કરીને તખ્તાને ચોખંડે અઢી-ત્રણ કલાકના સ્થળ-સમય ખંડમાં ચેહફે 'લોકો ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં હોય એ રીતે જીવાતા જીવનની વચ્ચે મૂકી છે; કોઈક ઘટના, વાત, લાગણી કે વાક્ય પ્રથમ નજરે ઉપલકિયાં જણાય, અસંબદ્ધ લાગે એ રીતે વેરવિખેર નિરૂપાયાં છે; અને છતાં એ 'નાટક' બને છે.

ફ્રેન્ચ લેખક આયોનેસ્કોએ આ વાત આ રીતે મૂકી છે : 'વાર્તા' કહેવા હું નાટક લખતો નથી. એ કામ તો પુરાણોનું, થીએટરનું નહિ...માત્ર ઘટનાક્રમનું વર્ણન તો નવલકથા કે ફિલ્મમાં કરાય. મનોસ્થિતિઓ, પરિસ્થિતિઓ વગેરે તીવ્ર બને, એકબીજામાં ભેરવાય અને ગૂંચવાય; વધુ તીવ્ર અને કદાચ અસહ્ય પણ બને; ફરી કદાચ એક દિશામાં વહે કે કદાચ અટકી પડે; આવી મનોસ્થિતિ/પરિસ્થિતિઓની શ્રેણીબદ્ધ-રૂપબદ્ધ રજૂઆત એટલે મારે મન નાટક !'

તો પ્રેક્ષકોની સામેની પેલી રમણભૂમિમાં કદાચ એક પાત્ર છે, એના જીવનમાં અગાઉ કશું ઘટી ગયું હોવું જોઈએ, અત્યારે એ કોઈક તીવ્ર મનોસ્થિતિએ પહોંચ્યું છે, એ શરીરથી થોડી મુદ્રાઓ કરી શકે એમ છે, 'વાક' પ્રયોજીને થોડા શબ્દો/ધ્વનિઓ સર્જે છે, એ ઇચ્છે તો થોડી હાથસામગ્રી




ઉપયોગમાં લે, કોઈ પોષાક કે મહોરુંય પહેરે; જરૂર જણાય તો સન્નિવેશ કે રાચરચીલાનો ઉપયોગ કરે.....અને પછી વાત માંડે પોતાની સીધી, આડકતરી, મૂળ વાતને ચાતરતી/ઉવેખતી અને છતાં એને જ કેન્દ્રે રાખી....એના શરીર/વાક્/સામગ્રી/પોષાક બધાં ઉપકરણો પ્રયોજી પેલા પ્રત્યાયન પર જ ફોકસ કરી આપે...એટલી ઝીણવટથી કે હાથની નાની મુદ્રા/આંખ-ફરક/સિસકારો જાદુઈ બને, પ્રત્યાયક બને....

તો જ વાન્યામામાની નિષ્ફળતા આપણને સમજાય (વાન્યામામા-ચેહફ), નોરાને ઢીંગલી તરીકે આપણે સ્વીકારીએ (ઢીંગલીઘર, ઇબ્સન), લોરાના પ્રભુત્વ સામેની કેપ્ટનની ચીસ સંભળાય (ધ ફાધર, સ્ટ્રીન્ડબર્ગ), પેલાં છ પાત્રો લેખકની શોધમાં પોતાનું વાસ્તવ કેમ ગુમાવી બેસે છે એ પકડાય (સિક્સ કૅરેક્ટર્સ, પિરાન્દેલો), વીલી લોમન દીવાલોની આરપાર ચાલે તે ય સ્વીકાર્ય બને (ડેથ ઑફ અ સેલ્સમૅન, આર્થર મિલર) વગેરે; અને એ જ રીતે, રાજમહેલમાં દર્પણો તોડવાના વૃદ્ધ રાજાના આદેશ સામે લોકો દર્પણપંથનું આંદોલન કરે તે આપણે સ્વીકારીએ (રાઈનો પર્વત, રમણભાઈ નીલકંઠ), આંધળા જીવરામ ભટ્ટ પર આપણે હસી શકીએ (મિથ્યાભિમાન, દલપતરામ), માણસ શું વૃક્ષ બની જાય એવો પ્રશ્ન ન પૂછીએ (મનસુખલાલ, લાભશંકર), માણસ પોતાનું શબ ખભે લઈને નીકળે તો શું થાય એ પ્રક્રિયામાં રસ પડે (કાળો કામળો, બારાડી)....

નાટ્યાલેખથી આગળ વધીને દિગ્દર્શકો શું કરી શકે...? એટલે તો કડકડાટ સંવાદ અને સડસડાટ પ્રસંગોને બદલે ઊભરાતા દૂધને જોતા પાત્રમાં આપણને નાટક દેખાય (લાભશંકર), અનિવાર્ય અનિષ્ટના ચિત્રણ માટે લેખકે સૂચિત રાખેલું પાત્ર વિશિષ્ટ રીતે હસતું પ્રવેશે એ જ નાટક બને (કિરણ ત્રિવેદી), શેતરંજીની સ્થળમર્યાદામાં અભિનય કરી એને 'ખાડા' તરીકે પ્રેક્ષકો સ્વીકારે (જનક રાવળ), કે માત્ર પ્રકાશ/સંગીતથી સ્થળ/સમય અને પરિબળોનાં પરિવર્તનો નાટ્યાત્મક લાગે (મન્વીતા)...

વળી પ્રજા, સંસ્કૃતિ, દેશ, કાળ, ભાષા વગેરે પ્રમાણે આજ પર્યંત નાટ્યપ્રણાલિઓએ વિવિધ રૂપો ધર્યાં છે, આ નાટ્ય કઈ રમણભૂમિમાં ખેલાય છે એનોય બહુ મોટો પ્રભાવ એના પર રહ્યો છે, અન્ય કલાઓના પ્રવાહો એને સ્પર્શ્યા છે, એમાંથીય અનેક માધ્યમો સર્જાયાં છે. એ બધું જ એની ત્રેવડ નિર્દેશે છે : જીવનને પ્રસ્તુત કરવાની, નટની રમણભૂમિમાં પ્રેક્ષકોને એકાત્મ બનાવવાની જ્યાં બધું કૃતક ઓગળી જાય અને એનું વાસ્તવ નાટ્યક્ષમ બને...

□



'ધ લાસ્ટ સપર.' ઇસુના અંતિમ ભોજનવેળાનું આ ચિત્ર છે. ઇસુએ પોતાની સાથે ભોજન લેતા બાર બાર અનુયાયીઓને ઉદ્દેશીને ત્યારે કહેલું કે, 'તમારામાંથી એક જણ મને દગો દેશે.' એના એ બોલવાની પળ તથા તે સાંભળતા બારેય અનુયાયીઓના ચહેરા પર જોવા મળતા પ્રતિભાવો બહુ સચોટ રીતે ચિત્રાંકિત કરવાનો તે ચિત્રકાર લીઓનાર્દો દ વિન્ચિનો સફળ પ્રયાસ તથા તેની સાદગીભરી પણ સુંદર રજૂઆત આજ પાંચ સદી પછી યે અદ્વિતીય રહ્યાં છે. દુનિયાનું આ એક અજોડ ચિત્રરત્ન છે. મિલાનમાં સાન્તા મારિઆ દેલ્લે ગ્રાત્ઝીના નાનકડા ડોમિનિકન મઠના ભોજનકક્ષની એક દીવાલ ઉપર ૧૪ X ૩૦ ફુટના વિસ્તારમાં, ઈ. ૧૪૯૫માં ત્યારના ત્યાંના શાસક લોડોવિક ઇલ મોરોના આદેશથી લીઑનાર્દોએ આ ભીંતચિત્ર બનાવેલું. એને પૂરું કરતાં ત્રણ વર્ષ લાગેલાં. એમાંનાં પાત્રોના સચોટ આલેખન માટે લીઓનાર્દોએ સેંકડો જીવંત વ્યક્તિઓનો અભ્યાસ કરી તેની ચિત્રનોંધો કરેલી. પત્થરની ભીંત ઉપર પ્લાસ્ટર લગાડી તેની ઉપર ઓઈલ ટેમ્પેરાથી તેણે તે ચીતર્યું છે. એ પૂરું થયા પછી થોડાં વર્ષો બાદ ભારે વર્ષા તથા ભેજને કારણે ધીરે ધીરે તેના રંગના પોપડા ઊખડવા લાગ્યા અને તેને ઘણું નુકસાન થતું રહ્યું. અવારનવાર તેની મરામતો થતી રહી, પણ અણઘડ ચિત્રકારો તેની અસલીઅત બગાડતા ગયા. છેલ્લે ૧૯૪૬ થી '૫૪ દરમિયાન માઉરો પેલિસીઓલી નામના ચિત્રકારે આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી તેને તેના મૂળ સ્વરૂપમાં લાવી દીધું છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૪૩માં બૉંબવર્ષાને લીધે આ મઠ લગભગ નાશ પામ્યો, પણ આ ચિત્રવાળી ભીંતને ચિત્રના રક્ષણ માટે રેતીના થેલા મૂકીને બચાવી લેવાઈ હતી. પછી મઠ ફરી બંધાયો અને આજે જોકે અહીં કોઈ રહેતું નથી, પણ આ મહાન ચિત્રના સંગ્રહસ્થાન તરીકે તે સ્થાન સચવાઈ રહ્યું છે. અહીં આવેલી તે ચિત્રની છાપ મૂળ ચિત્ર પરથી રફાએલ મોરઘન નામના એક કલાકારે કરેલા એન્ગ્રેવિંગ પરથી લીધી છે, જે અસલ ચિત્રની ઘણી પ્રામાણિક અનુકૃતિ છે. ગયા અંકમાં સરતચૂકથી આ ચિત્ર અપાયું નહોતું. આ બદલ અમે દિલગીર છીએ.

ભૂમધ્યને બે કાંઠે : ૧૯ મિલાનો (ચાલુ)

પ્રીતિ સેનગુપ્તા

મનોમન નક્કી કર્યા પ્રમાણે મિલાનો શહેરમાં જુદા જુદા રસ્તાઓ પર થઈને ચાલવા નીકળી. 'કોર્સો બુએનોસ આઈરિસ' નામના રસ્તે જમણી બાજુ વળી તો તરત એક જાહેર ઉદ્યાન આવ્યો. અંદર ચેસ્ટનટનાં ઘણાં બધાં વૃક્ષ હતાં - પીળાં પડી ગયેલાં, ને સૂકાઈ ગયેલાં; અકાળે વૃધ્ધ થયેલાં. શહેરમાંનાં બીજાં વૃક્ષ કરતાં ઘણી વધારે જલદી આ ચેસ્ટનટનાં ઝાડ પર ઉંમર લાગી ગઈ હતી. આમેય, પાનખરનો સમય તો હતો જ. પાંદડાં પડતાં હતાં, ને ધુમ્મસ હતું છતાં સોનેરી ઝાંય અછતી નહોતી રહેતી. ઉદ્યાન ઘણો મોટો હતો, પણ બહુ લોકો નહોતા. ત્રણ-ચાર યુવાન યુગલો, ને નાનાં છોકરાં સાથેની કેટલીક સ્ત્રીઓ હતી. બાજુમાંના નેચરલ હિસ્ટરીનાં સંગ્રહાલયની પાસે અનેક છોકરાં હતાં. કોઈ શાળાના બપોરના વર્ગો માટે આવ્યા લાગતા હતા. કળા-સંગ્રહાલય પણ પાસે જ છે. બાગની એક બેન્ચ પર બેસીને થોડી વાર મેં હલનચલન જોયા કરી.

મિલાનોમાંનું એટલું બધું સ્થાપત્ય બારોક શૈલીનું છે કે આખું શહેર ભારેખમ, સ્થૂળ પરિમાણવાળું લાગે છે. 'પોન્ના વેનેત્ઝિયા' નામનો એક પુલ તે જાણે જાડો, પહોળો, બે કટકે વહેંચાયેલો દરવાજો ના હોય !

આ પછી 'વિઆ સ્પિગા' નામનો રસ્તો મઝાનો છે. ફક્ત પાદચારીઓ માટેનો, તેથી નિરાંતે ટહેલી શકાય. બંને બાજુ સરસ, ફેન્સી દુકાનો છે. ઇટાલી તો વસ્ત્ર-શૈલીના રચયિતાઓ માટે પણ વિખ્યાત છે. એવાં મોંઘાં કપડાં પણ અહીં વેચાતાં હતાં. હું તો ફક્ત જોતી જોતી ધીરે ધીરે આખી ગલીમાં ચાલી. 'વિઆ માન્ઝોની' પર વળતાં બ્રિટિશ કાઉન્સિલનું મકાન દેખાયું.

અંદર એમના પુસ્તકાલયમાં જઈ બે દિવ જૂનું હેરોલ્ડ ટ્રિબ્યુન વાંચ્યું. સમય જલદી જતો રહ્યો. નજીકમાં બીજા પણ બે મોટા રસ્તાઓ છે કે જે ખરીદી માટે વખણાય છે. પણ મારું એમાં ધ્યાન નહોતું. બપોરના ભોજનનો સમય હતો, ને લોકો બહાર નીકળેલા હતા. અસંખ્ય જણાં ચાલતાં હતાં, કાફેમાં ભીડ કરી બેઠેલાં હતાં.

મારે તો શહેરના મુખ્ય વિસ્તારોમાં ચાલવું જ હતું. એક ઇમારત જે બહારથી અત્યંત વિશાળ અને સાધારણ જેવી દેખાય છે તે 'સ્ફોર્ઝા કેસલ' છે. ૧૪૫૦માં ધનાઢ્ય કુટુંબના વડા ડ્યૂક સ્ફોર્ઝાએ આ પ્રસાદ બંધાવેલો. એની ચારે બાજુ ખાઈ બનાવેલી છે, જેમાં અત્યારે પાણી નથી. કમાનવાળા એક મોટા દરવાજામાંથી જતાં બે ખુલ્લાં મેદાન આવે. ત્યાંથી આ કિલ્લો ખાસ્સો પ્રભાવશાળી લાગે છે. દરવાજા પાસે, અંદરની તરફ, એક યુવાન ગાઈ રહ્યો હતો, ને બીજાએ પોતાનાં કરેલાં ચિત્રો જમીન પર ગોઠવ્યાં હતાં. બંનેનો ઇરાદો પૈસા મેળવવાનો હતો. સાવ ભીખ માગવા કરતાં, આમ કળા દ્વારા પૈસા મેળવવામાં ઘણું વધારે સન્માન હતું.

સ્ફોર્ઝા પ્રાસાદમાં જુદાં જુદાં અનેક સંગ્રહાલયો છે. હું તો યાદી જોઈને જ મૂંઝાઈ ગયેલી. બંધ થવાનો સમય પણ બહુ દૂર નહોતો. હું જે પ્રદર્શનમાં જઈ ચડી તે ઇટાલીના લોકપ્રચલિત, વિશ્વમાં લોકપ્રિય એવા આહાર 'પાસ્તા' પરનું હતું. મુખ્યત્વે પાસ્તા મેંદામાંથી બનાવવામાં આવે છે, ને જાડા-પાતળાં લાંબા-ટૂંકા કટકા, અને શંખ, ચક્ર, તારા, પેચના આંટા, ચકરી વગેરે જાતજાતના આકારમાં જોવા મળે છે. એ પ્રદર્શનમાં પહેલાં તો ઇટાલીનો નકશો હતો, એના વિભિન્ન પ્રદેશોમાં પ્રચલિત પાસ્તાનાં નામોની યાદીઓ મૂકેલી હતી અને પછી ખંડમાં બધી બાજુ જુદાં જુદાં ટેબલો પર પ્રદેશોના આકારો, તે તે જગ્યાએ મળતા પાસ્તામાંના કેટલાક નમૂના, તથા બનાવવાના સંચા વગેરે સાધનો ગોઠવેલાં હતાં. અમુક તો બરાબર સેવ, ચકરી વગેરેના સંચા જેવા જ લાગે. કેટકેટલી જાતના પાસ્તા, ને દરેકનાં પાછાં નામ ! મને આ ઇટાલિયન આહાર બહુ જ ભાવે, ને એનાં કેટલાક આકારો ને રસોઈની રીતો સાથે પરિચિતતા પણ ખરી, છતાં એ પ્રદર્શનમાંની પાસ્તાની વિવિધતા હું જોતી રહી ગઈ.

સ્ફોર્ઝા કિલ્લાની પાછલી બાજુ વળી પાછો એક ઉદ્યાન હતો. એમાં મેળો ભરાયો હોય તેમ લાગતું હતું. ઊંચું ચકડોળ દેખાયું. ત્યાં જવાની કોઈ ઇચ્છા નહોતી. મિલાનોમાં ઘણી જગ્યાઓ છે, જે દુનિયાના બીજા કોઈ સ્થળે જોવા ના મળે. અતિશયોક્તિ લાગે છે ? પણ નથી. ખરેખર નથી.

દાખલા તરીકે, સ્ફોર્ઝામાંના એક કળાસંગ્રહાલયમાં 'પિએતા રોન્દાનિની' નામનું, અદ્વિતીય કળા-સર્જક મિકેલાન્જેલોનું કરેલું એક ચિત્ર છે. આખા વિશ્વમાંની શ્રેષ્ઠ કળાકૃતિઓમાં એનો સમાવેશ થાય છે. ઉપરાંત, મિકેલાન્જેલોએ સર્જેલી આ છેલ્લામાં છેલ્લી કળાકૃતિ છે.

મિલાનોની પ્રશંસા માટે આટલું પૂરતું ના હોય ત્યાં હજી એક એવું કળાસર્જન છે કે જે કળાના સંદર્ભે, તેમજ ઐતિહાસિક સંદર્ભે અસાધારણ અગત્ય ધરાવે છે. એને વિષેની વાતની શરૂઆત ૧૫મી સદીથી થાય છે. મિલાનોના એક સાદા લત્તામાં 'સાન્તા મારિઆ દેલ્લે ગ્રાત્ઝી' નામનું દેવળ આવેલું છે. રેનેસાઁ શૈલીનું આ ઉદાહરણ-રૂપ દેવળ છે. બહારથી અને અંદરથી ઘણું જ મહોત્તમ છે. એ ૧૪૬૩ થી ૧૪૯૨ સુધી બંધાતું રહેલું. રોમન સામ્રાજ્યનો મુખ્ય ધર્મ ખ્રિસ્તી હતો - છેક ચોથી સદીથી સ્થાપિત થયેલો. તેથી એ ધર્મને વધાવતાં, અનેક સર્જકોની પ્રતિભાને મૂર્તિમંત કરતાં હજારો સ્થાપત્ય આખા દેશમાં સર્વત્ર જોવા મળે છે. એમાંનું એક સાન્તા મારિઆનું આ દેવળ છે.

સમાંતર સમયે, ૧૪૮૨માં, સર્જન-શક્તિથી ભરપૂર, ત્રીસ વર્ષના કળાકાર લિઓનાર્દો દ વિન્ચિ મિલાનો આવી ચડેલા. એ આવ્યા હતા તો સંગીતકાર તરીકે, પણ ચિત્ર, રેખાંકન, આકૃતિ, શિલ્પ વગેરે કરવા માટે પણ એ ઉત્સુક હતા. કશો નવો નવો પ્રયોગ કરવાના વિચારથી એમણે એક ચિત્ર આ સાન્તા મારિઆના દેવળની એક દીવાલ પર સીધું ઉપસાવવા માંડ્યું. તેલ મિશ્રિત રંગો વાપર્યા. દીવાલના ચૂના પર ભળતાં પરિણામ બહુ જ સારું ના આવ્યું, પણ પૂરું થયેલું ચિત્ર ઘણું જ અસરકારક બન્યું જરૂર.

૧૪૯૪થી ૧૪૯૭નાં વર્ષોના લાંબા ગાળા દરમ્યાન જે એ એક ચિત્ર ચિતરાયું તે હતું, 'ધ લાસ્ટ સપર' નામનું અપૂર્વ, અર્થઘન ચિત્ર. ઇશુ ખ્રિસ્તના જીવન સાથે આ વિષય સંકળાયેલો છે. એક લાંબા ટેબલ પર ઇશુ એમના અનુયાયીઓ સાથે જમવા બેઠા છે. આ એમનું 'છેલ્લું જમણ' છે, કારણ કે દગાખોર જુડાસે એમને પકડાવી દીધા છે. ઇશુના મુખ પર કરુણા અને અનુકંપાનો ભાવ છે. બાઈબલમાંની ખ્રિસ્તી ધર્મને લગતી એ આધ્યાત્મિક કથાનું કળાક્ષેત્રે થયેલું આ ગંભીરતમ, ઊંડામાં ઊંડું અર્થઘટન ગણાય છે.

દ્વિતીય વિશ્વયુદ્ધ દરમ્યાન, ૧૯૪૩માં મિલાનો ખૂબ ખરાબ બોમ્બમારાનો ભોગ બન્યું હતું. પહેલાં જર્મનીના પક્ષમાં, ને પછી, મુસોલિનીની પડતી થતાં ઇટાલી મિત્ર-દેશો સાથે વિશ્વયુદ્ધમાં જોડાયું હતું, અને ઘણું નુકસાન પામ્યું હતું. મિલાનોમાંનું સાન્તા મારિઆનું આખું દેવળ બોમ્બથી નાશ પામ્યું હતું. કોઈ અદ્ભુત ચમત્કાર હોય તે રીતે 'અંતિમ જમણ'ના ચિત્રવાળી એ એક દીવાલ બચી ગઈ હતી. આ દૈવી કૃપાને કળાપ્રેમીઓ હજી વધાવી રહે છે !

૧૯૭૭થી આ કળાકૃતિની સફાઈ થઈ રહી છે, એને પૂર્વવત્ સ્થિતિમાં લાવવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. આ કારણે દીવાલની બહુ પાસે જઈ શકાતું નથી. ઝાંખો પ્રકાશ રાખવામાં આવ્યો છે કે જેથી મૂળ રંગોને નુકસાન ન થાય. ધીમી ગતિએ એને સુધારવાના, બચાવવાના પ્રયાસ ચાલે છે, જેથી કોઈ અક્ષમ્ય ભૂલ ન થઈ જાય. ભિત્તીચિત્રની અનેકાનેક વિગતો સારી રીતે જોઈ શકાય તે માટે ચિત્ર-ખંડોના મોટા ફોટા, તેમજ આ પ્રયાસ અંગેની માહિતી, મૂકેલાં છે. એ ફોટાઓમાં ઇશુ અને એમના અનુયાયીઓનાં મોઢાં પરના ભાવ પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

પાછલી દીવાલ પર, નજીકથી જોવાય તે રીતે, દોનાતો મોન્તોરાફાનો, નામના ચિત્રકારનું કરેલું, ખૂબ મોટું, 'ક્રૂસ પર ચડાવેલા ઇસુ'નું હૃદયદ્રાવક ચિત્ર છે. એ પણ કુશળ હસ્તે જ થયેલું છે, પણ એ દેવળની બાજુના નાના દરવાજામાંથી, એ અંધારા ઓરડામાં, ચાર હજાર લિરા (૭૫-૮૦ રૂપિયા) ખર્ચીને લોકો જોવા આવે છે લિઓનાર્દો દ વિન્ચિનું મહાન ચિત્ર 'ધ લાસ્ટ સપર.'

ભીડ ઓછી થઈ ગઈ ત્યાં સુધી હું ખસી નહીં. દેવધામમાંના રિવાજ પ્રમાણે થોડી વાર બેઠી. વારંવાર ફોટા ને ભિત્તીચિત્ર જોયા કર્યાં. બે-ત્રણ અમેરિકનો વાતો કરતા હતા તે પરથી જાણ્યું કે સાન ફ્રાન્સિસ્કોના પરિસરમાં એટલો મોટો ધરતીકંપ થયો હતો કે ત્યાંનો લાંબો એક પુલ તૂટી પડ્યો હતો. વિગતો કશી મળી નહીં, ને ત્યાંના મિત્રોની ચિંતા થવા માંડી.

દેવળમાંથી બહાર નીકળી તો મુખ્યત્વે રહેઠાણોવાળા એ લત્તામાં પોલીસનાં વાહનોની ભીડ થઈ ગઈ હતી. શું થયું હશે તે કોણ જાણે. સારું હતું કે હું વાહન વગરની હતી. જલદીથી સરકી જઈ શકી. પણ મનમાં થયું, યુદ્ધ ક્યાં અટકે છે ? 'અંતિમ જમણ'નું એ ઉત્તમ કળારત્ન ક્યારેય સંપૂર્ણપણે સુરક્ષિત થશે ખરું ? યુદ્ધના બોમ્બ નહીં, પણ રોજિંદા જીવનના સંઘર્ષની સંજ્ઞા સમા પોલીસની ગાડીઓના સાયરન. એક તરફ કળાની ઉદાત્તતા, ને બીજી તરફ વાસ્તવિકતાની કુરૂપતા. □

કથાસરિત્સાગર

(તરંગ ૨, લંબક ૪)

લોહજંઘ કથા (ચાલુ)

કનુભાઈ જાની

લોહજંઘને ઘરબહાર હાંકી કાઢવાના ઉપાયો મકરદંષ્ટ્રા વિચારતી ઊભી હતી ત્યાં એણે સશસ્ત્ર પુરુષોથી વીંટળાઈને રસ્તે જતો કોઈ રાજપુત્ર [૧] જોયો; એની સંપત્તિ જાણે ધસાઈ ગઈ લાગતી હતી. તરત જ એ એની પાસે પહોંચી એકાન્તે લઈ જઈને કહેવા લાગી : 'મારું, આ આખું ભવન એક ભીખારચોટ્ટાએ હડપી લીધું છે. તમે હમણાં જ મારે ઘેર આવો અને એને તગડી મૂકવાનું કરો. એ જાય પછી આપ મારી પુત્રી સાથે મોજ કરજો.' 'ભલે', કહીને રાજકુંવર તો તરત જ ઘરમાં પ્રવેશ્યો. ત્યારે રૂપણિકા મંદિરે ગઈ હતી અને લોહજંઘ પણ કંઈ નિમિત્તે બહાર ગયો હતો. થોડી વારે જેવો એ આવ્યો અને બેફિકર ઘરમાં પેઠો એવો જ પેલા રાજપુત્રના માણસો તૂટી પડ્યા. ગડદાપાટુથી એનું અંગેઅંગ ખોખરું કરી નાંખ્યું; ઉકરડાના ખાડે એને ફેંકી દીધો. ત્યાંથી એ જેમતેમ કરીને જીવ લઈને નાઠો.

રૂપણિકા આવી. બધું જાણ્યું. વલોપાત કરવા લાગી. એ જોઈને રાજપુત્રે પણ જેમ આવ્યો હતો એમ જ પોબારા ભણ્યા.

આ ડોકરીએ હાંકી કાઢેલો લોહજંઘ, પ્રિયાવિયોગમાં તીર્થાટન કરી દેહ પાડવા ચાલી નીકળ્યો. અટવિએ [૨] જઈને અટક્યો; હૈયું ડોકરી પ્રત્યેના ક્રોધથી તપેલું, ચામડી બહારના તાપથી તતડી ગયેલી. ક્યાંક છાયા મળે એવી ઇચ્છા જાગી. ઝાડ તો ક્યાંય ન મળ્યું. પણ એક (મરેલા) હાથીનું ક્લેવર (ખોખું થઈને) પડયું હતું, તે મળ્યું. શિયાળવાંએ પૂંઠેથી પેસીને કરડી-કરડી મહીંથી સાવ નિર્માંસ (કોરું કટ) કરી મૂક્યું હતું. બચેલું કેવળ ચામડું જ. હવાથી એ (મહીંથી) શીતળ થઈ ગયું હું. લોહજંઘ તો થાક્યો-પાક્યો એ (ખોખા)માં પેઠો, અને ઊંઘવા લાગ્યો.

ત્યાં અચાનક એક ક્ષણમાં ચોપાસથી વાદળો ઊમટી આવ્યાં ને મૂશળધાર મેઘ તૂટી પડ્યો. ચામડું ફૂલ્યું ને દ્વાર (કાણું) બિડાઈ ગયું. એ હાથીનું ખોખું નિર્વિવર (કાણા વિનાનું) થયું ! ચોપાસથી જલના જોરદાર પ્રવાહોમાં તણાંતું-તણાંતું ગંગામાં જાતું પડયું; ને ત્યાંથી પ્રવાહ એને સમુદ્રમાં ખેંચી ગયો. ત્યાં વળી એને જોયું એક ગરુડવંશજે ! એ ચામડાંને માંસયુક્ત ધારીને તરત હડપતુંકને એ સાગરપાર લઈ ગયું. ચાંચ મારીને જોતાં જ કેવળ હાથીનું ચામડું જ લાગ્યું. મહીં વળી મનુષ્ય જોતાં, એ પલાયન થઈ ગયું. [૩]

પક્ષીના ચંચુપાતે લોહજંઘ ઊંઘમાંથી જાગ્યો; ચાંચ મારીને ચામડાને પક્ષીએ જ્યાંથી ઊતરડ્યું હતું એ માર્ગથી બહાર નીકળ્યો. પોતે સમુદ્રની સામે પાર સાગરતટે પડ્યો છે એ જોઈને આશ્ચર્ય પામ્યો. આ શું ?! જાગ્રત અવસ્થામાંનું કોઈ દિવાસ્વપ્ન તો ન હોય, એમ લાગ્યું. ત્યાં તો, વળી, એણે જોયા બે ઘોર રાક્ષસો - પણ બીનેલા ! દૂરથી રાક્ષસોએ આને જોયો કે એમને યાદ આવ્યો - માનવ(રામ)ને હાથે રાક્ષસોનો પરાભવ એમણે સાંભળેલો. ને આ પણ ફરીથી સાગર ઓળંગીને આવ્યો છે માનવ ! દિલમાં ડર પેઠો. માંહોમાંહે ઝડપથી ચર્ચા કરીને, એ બેમાંથી એક જણ તરત વિભીષણ પાસે પહોંચી ગયો, ને જે નજરોનજર જોયું હતું તે કહી સંભળાવ્યું. વિભીષણે રામનો પ્રભાવ જોયો હતો. એટલે માણસ આવ્યાનું [૪] જાણતાં જ એ રાક્ષસ કહે, "ભાઈ, તું ત્યાં જા; ને મારી વતી એ માનવને પ્રેમપૂર્વક કહે કે 'અમારે ઘેર પધારવાની કૃપા આપ કરો." 'ભલે', કહીને ચકિત થયેલા રાક્ષસે તો પાછા ત્યાં (સમુદ્રતટે) જઈને લોહજંઘને પોતાના સ્વામીએ પાઠવેલ વિનંતીવચન કહી સંભળાવ્યું. લોહજંઘ સ્વસ્થ બુદ્ધિનો વિપ્ર. એણે એ વચન સ્વીકાર્યું અને રાક્ષસની સાથે લંકામાં પ્રવેશ કર્યો.

સુવર્ણના પ્રાસાદો જોઈ ચકિત થયો. રાજભવનમાં પ્રવેશ્યો. વિભીષણને જોયો. રાજાએ એનો આદર-સત્કાર કર્યો, આતિથ્ય કર્યું; એને એણે આપ્યા આશીર્વાદ. રાજાએ પૂછ્યું, 'ભૂદેવ ! આપ અહીં પહોંચ્યા કેવી રીતે ?' ત્યારે એ ચકોર લોહજંઘે વિભીષણને કહ્યું, "હું બ્રાહ્મણ છું. નામ છે લોહજંઘ. રહેઠાણ મથુરા. ગરીબાઈ ન વેઠાતાં, નારાયણ સમક્ષ જઈ અન્ન ત્યાગી તપસ્યા આદરી. ત્યાં, 'વિભીષણ પાસે જા. મારો આ ભક્ત તને ધન આપશે' એમ સ્વપ્નમાં આવીને ખુદ ભગવાને મને આદેશ આપ્યો. મેં કહ્યું : 'ક્યાં હું ને ક્યાં (પણે ત્યાં) વિભીષણ !' ત્યારે એ કહે : 'જા, આજે જ વિભીષણને તું જોઈશ.' ભગવાને આમ કહ્યું ને હું તરત જાગ્યો તો સાગરને આ પાર અહીં પડ્યો હતો ! બસ, આ સિવાય બીજું કશુંય હું જાણતો નથી." લોહજંઘને આમ કહેતો સાંભળ્યો, ને વળી લંકા સુધી પહોંચવું તો દુર્ગમ છે જ, માટે જરૂર આનામાં કોઈ દિવ્ય પ્રભાવ તો છે જ એમ વિભીષણને લાગ્યું. 'ઊભા રહો, તમને ધન દઉં.' કહીને, આ બ્રાહ્મણને અવધ્ય માનીને રાક્ષસ (દાસો)ને સોંપ્યો. પછી કેટલાક રાક્ષસોને, સુવર્ણમૂલ નામે પર્વતની તળેટીએ મોકલીને, ત્યાંથી ગરુડનું એક શાવક (બચ્ચું) લાવી મંગાવ્યું, ને લોહજંઘ મથુરા જઈ શકે એ માટે તરત જ આપ્યું જેથી એ લંકામાં પણ થોડો સમય (નિરાંતે) રહે. લોહજંઘ પણ લંકામાં એ વાહને ચડીને હર્યો-ફર્યો. વિભીષણનું આતિથ્ય માણ્યું, વિશ્રામ કર્યો.

એક વાર ઉત્સુકતાથી એણે રાક્ષસરાજને પૂછ્યું, 'આ આખીયે લંકાની ભૂમિ કેમ કાષ્ઠની (લાકડાની) છે ?' સાંભળીને વિભીષણે એને એ વિષે કહેવા માંડ્યું. "તમારે જો, બ્રહ્મદેવ, (આ જાણવાની) જિજ્ઞાસા હોય તો કહું છું. સાંભળો : પ્રાચીન કાળે, શરતમાં હારી જનારી પોતાની માતાને નાગોના દાસત્વમાંથી છોડાવવા માટે એની મુક્તિનું મૂલ્ય ચૂકવવા દેવો પાસેથી અમૃત ચોરી લાવવા માટે કશ્યપનો પુત્ર ગરુડ [૫] તત્પર થયો; પિતા પાસે પહોંચ્યો ને બળની યાચના કરી. 'સાગરમાં એક ગંજાવર હાથી ને કાચબો છે, એને, હે પુત્ર, તું (બળ માટે) ખા ને (એ બંનેને) શાપમુક્ત કર.'

પછી એ તો ત્યાં જઈને આ બંનેને (લઈને) ખાવા માટે એક મોટા કલ્પવૃક્ષની [૬] ઘટામાં પેઠો, (ડાળ પર બેઠો) એવી જ એ બંનેના ભારથી વૃક્ષની શાખા તૂટી પડી ! નીચે મુનિ બાલખિલ્ય [૭] તપમગ્ન હતા, એમને

બચાવી લેવા તરત જ એણે એ શાખાને પોતાની ચાંચમાં તોળી રાખી અને ક્યાંક લોક કચરાઈ મરશે એવા ભયથી, ને પિતાની આજ્ઞાથી, આ એક નિર્જન પ્રદેશમાં લાવીને અહીં નાંખી; એની ઉપર પછી આ મોટી નગરી બંધાઈ. એમ આ લંકાની ભૂમિ કાષ્ઠમયી થઈ ગઈ છે."

વિભીષણ પાસેથી આ કથા સાંભળીને લોહજંઘ સંતોષ પામ્યો. પછી મથુરા જવાની ઇચ્છા કરી, ત્યારે એને વિભીષણે ઘણાં બધાં (બહુમૂલાં) રત્નો આપ્યાં અને મથુરાપતિ પ્રત્યેની (પોતાની) ભક્તિને કારણે શ્રીહરિને માટે સોનાનાં શંખ, ચક્ર, ગદા ને પદ્મ (બનાવડાવીને) ભક્તિપૂર્વક મોકલ્યાં. □

પાદટીપ



મૂળનો 'રાજપુત્ર' શબ્દ જ્ઞાતિ/જાતિ સૂચક નથી, પણ ટૉનીમહાશયે 'રાજપૂત' કર્યું પછી પરંપરા ચાલી !

મૂળના 'અટવિ' શબ્દનું 'ફૉરેસ્ટ' કરતાં ટૉની-પેન્ઝરને વિચાર આવ્યો કે એમ ન થાય કારણ કે મૂળ શબ્દ વૃક્ષ-વનરાજી સૂચક નથી. આપણે માટેય કદાચ આ તો નવી વાત છે. Forest નું મૂળ છે લૅટિન forisમાં, Foris એટલે બારણાં બહાર; વૃક્ષો જોડેને એનો અર્થ તો બહુ પાછળથી ઉમેરાયો.

પક્ષી દ્વારા માનવહરણ એ જૂની કથાઓનું જાણીતું મોટિફ. જૂની ગુજરાતી અતિપ્રસિદ્ધ પ્રશિષ્ટ ગદ્યકથા 'પૃથ્વીચંદ્રચરિત્ર'માં કન્યાનું હરણ ગરુડ કરે છે. 'એરેબિયન નાઈટ્સ'માં સિન્દબાદ ખલાસીની કથામાં તેમ જ ત્રણ ફકીરો અને તરુણીઓની કથામાં ત્રીજો ફકીર જે કથા કહે છે તે આવી જ છે; અલબત્ત ત્યાં પક્ષી છે 'રૉક'.

અનેક કથાઓમાં પાત્ર તરીકે ગરુડ આવે છે. એ પક્ષીરાજ ગણાય. એનું કિરણોત્સર્ગી ઉડ્ડયન, એનો જવ, એનું જાજરમાનપણું, એનું બળ, એનું દેહસૌષ્ઠવ બધાંની સુંદર કલ્પના કરીને અત્યંત કલામય ચિત્ર દોર્યું છે નંદલાલ બોઝે.

'હાઉ આવ્યો' કે 'રાક્ષસ આવ્યો' એવી ડરામણીની કથાઓ પાર વિનાની. અહીં રાક્ષસ ડરે છે માણસથી ! એમાંય રાક્ષસને માણસે મહાત તો કર્યો છે જ !

યાદ કરો કદ્રૂ-વિનતાની કથા : કશ્યપની બે રાણીઓ. સૂર્યાશ્વનાં પૂંછડાં કાળાં કે ધોળાં એ બાબતમાં હોંસાતોંસી. હારે એણે દાસત્વ સ્વીકારવું એવી શરત. કદ્રૂ જીતી; વિનતા દાસી બની. એના પુત્ર ગરુડે, દેવોના અમૃતના બદલામાં માતાને મુક્ત કરવાનું પરાક્રમ કર્યું, એ કથા.

કલ્પવૃક્ષ : સ્વર્ગોદ્યાનનું એવું દેવવૃક્ષ જેની નીચે બેસી જે ઇચ્છો તે મળે. પ્રસિદ્ધ કવિકલ્પના.

અંગૂઠા જેવડા મુનિવર્યો ! સૂર્ય જેવા દેદીપ્યમાન ને પવિત્ર. સૂર્યની આગળની એની આભા બનીને કાયમ સૂર્યના રથ ફરતા ફરતા હોય. બ્રહ્માના માનસપુત્રોમાંનો એક હતો ક્રતુ. એ બ્રહ્માના કરમાંથી ઉત્પન્ન થયો હતો. એથી કહેવાયો 'ક્રતુ'. સૂર્યની આભમાંના સાત મુખ્ય પ્રજાપતિઓમાંનો તે એક હતો. દક્ષ પ્રજાપતિની એક કન્યા સન્નતિને તે પરણ્યો હતો. એને થયા સાઠ હજાર પુત્રો. પણ એને (સન્નતિને) શંકરનો શાપ હતો; તેથી એ પુત્રો મૃત્યુ પામ્યા ત્યારે બ્રહ્મદેવે તેમને પુનઃ ઉત્પન્ન કર્યા ને ગાયની ખરીના એક ખાડામાં રાખ્યા-ઉછેર્યા. એમને આટલા નાના જોઈને ઇન્દ્રે એમનો ઉપહાસ કર્યો. એથી કોપાયમાન થઈ, ઇન્દ્રને સજા કરવા બ્રહ્માએ ગરુડને ઉત્પન્ન કર્યો. આ ગાયની ખરીના ખાડામાં ઉછરેલા સાઠ હજાર મુનિઓ અંગૂઠા જેવડા હતા તે કહેવાયા વાલખિલ્ય કે બાલખિલ્ય.

□

નવા ગ્રાહકો જોગ : 'કુમાર'નું લવાજમ જાન્યુઆરી ૧૯૯૩થી રૂ. ૧૦૦ કરવામાં આવ્યું છે. જૂના ગ્રાહકોનું લવાજમ માર્ચ ૧૯૯૩ સુધી રૂપિયા ૭૫ના જૂના દરે સ્વીકારાશે. નવા ગ્રાહકો તરફથી જો રૂપિયા ૭૫ લવાજમ મળ્યું હશે તો તેમને સપ્ટેમ્બર ૧૯૯૩ સુધી અંકો મોકલાશે; અથવા નવા ગ્રાહકો જો ઇચ્છશે તો રૂ. ૨૫ વધુ મોકલી ડિસેમ્બર ૧૯૯૩ સુધી આખા વર્ષનું લવાજમ પૂરું ભરી શકશે. જૂના ગ્રાહકોએ પણ માર્ચ પછી નવું લવાજમ રૂપિયા ૧૦૦ મોકલવાનું રહેશે.

- તંત્રી

હેન્રી મેકેન્ઝી (Henry Mackenzie- -૧૭૪૫-૧૮૩૧)

લાગણીપ્રધાન નવલકથાના લેખક તરીકે હેન્રી મેકેન્ઝી વિશે નોંધ લેવી પડે. એની ત્રણ નવલકથાઓ છે : 'ધ મૅન ઓફ ફીલિંગ' (The Man of Feeling - ૧૭૭૧); 'ધ મૅન ઑફ ધ વર્લ્ડ' (The Man of the World - ૧૭૭૩); જુલિયા દ રોબિન (Julia be Roubigne -૧૭૭૭)

પહેલી નવલકથા 'ધ મૅન ઓફ ફીલિંગ'માં કથાનું આયોજન એવું છે કે કથાનાયક હાર્લે (Harley)ના જીવન પર પ્રકાશ નાખતાં કેટલાંક પત્રો અકસ્માત કોઈને મળી આવે છે અને એમાંથી વાર્તા ગૂંથાતી આવે છે. કથાનાયક હાર્લે એટલો બધો ભોળો, સરળ, કોમળ હૃદયનો છે કે એ સહેલાઈથી બીજાઓના પ્રપંચનો શિકાર બન્યા કરે છે. હંમેશાં લાગણીથી જ એ દોરવાય છે અને વિનાશ નોતરે છે. મૃત્યુ સમયે તેને એટલું જ કહેવાનું છે કે આ દુનિયા તેને માટે આનંદદાયક બની નથી. ટોળા અને ઘોંઘાટ સાથે એનો મનમેળ થયો નથી. એની અભિલાષા સદ્ગુણસભર આનંદદાયક દુનિયામાં જીવવાની છે.

સમગ્ર કથામાં ઊર્મિના આવેગ આલેખાયા છે. સ્ટર્ન (Sterne)ની 'સેન્ટીમેન્ટલ જર્ની' (Sentimental Journey)નું બહુધા અનુકરણ એમાં છે. પણ સ્ટર્નની કળા તેમાં આવી નથી. કથાનાયકના જીવનમાં કોઈ ગૂંચ કે ગરબડ આવતી નથી. એ આસાનીથી બીજાઓની જાળમાં ફસાતો જ જાય છે. દુનિયાના વ્યવહારો સાથે મનમેળ ન હોવાથી બાબત હવે પછી આવનારી રોમેન્ટિક નવલકથાઓ માટે આગાહી રૂપ બની રહે છે. ટૂંકમાં, આ નવલકથા ભલે એના જમાનામાં લોકપ્રિય બની હોવા છતાં મધ્યમકક્ષાની કૃતિ છે. નવલકથાકાર રુસો (Rousseau)નો પ્રભાવ પણ આ નવલકથા પર દેખાશે.

મેકેન્ઝીની બીજી નવલકથા 'ધ મૅન ઑફ ધ વર્લ્ડ' પણ આગળની કૃતિની જેમ પોચટ લાગણીવેડામાં રાચતી કૃતિ છે. લાગણીપ્રધાન (Sentimental) નવલકથાનાં રૂઢ લક્ષણો આ નવલકથામાં પણ છે.

એની ત્રીજી, છેલ્લી નવલકથા 'જુલિયા દ રોબિન' અગાઉની બે કરતાં વિશેષ પ્રસન્નકર છે. પત્રાત્મકરૂપે લાગણી અને દુઃખીનાં સ્મરણોમાં રાચતી આ નવલકથા છે. એમાં ઘટનાઓનું સંકલન પ્રમાણમાં ઠીક છે. એક સુશીલ છોકરી પોતાના એક લાગણીસભર પ્રેમીને નૈતિક કારણોસર પરહરીને બીજા યુવાન સાથે લગ્નથી જોડાય છે અને એની યાતનાઓનો અંત જ આવતો નથી. મૃત્યુ જ તેને લલાટે લખાયું છે.

આ પ્રકારની નવલકથાઓ તત્કાલીન સમાજમાં વાચકોની પ્રશંસા પામતી હતી. નવલકથાના આ પ્રવાહમાં ડૉ. જહોન્સન (Dr. Johnson)ની 'રાસેલાઝ' (Rasselas - ૧૭૫૯) એક બોધપ્રધાન અને વિચારપ્રેરક નવલકથા તરીકે જુદી તરી આવે છે.

હૉરેસ વૉલપોલ (Horace Walpole - - ૧૭૧૭-૧૭૯૭)

લાગણીપ્રધાન નવલકથામાં લાગણીના પૂરમાં તણાવું, એમાંથી આવી પડતી આપત્તિઓ વેઠવી અને એમાં જ આનંદથી અવસાન પામવું - એ પરાકાષ્ઠા મેકેન્ઝીની નવલકથામાં આવી જતી દેખાય છે.

નવલકથાપ્રવાહ

ડૉ. મધુસૂદન પારેખ

હવે ૧૮મા સૈકાના નવલકથાપ્રવાહમાં એક નવો વળાંક ભય અને વિસ્મયના ભાવો આલેખતી નવલકથાથી આવતો દેખાય છે. આ પ્રકારની 'ધ નોવેલ ઑફ ટેરર' (The Novel of Terror) અથવા ગૉથિક નવલ (Gothic Novel) તરીકે જાણીતી થઈ છે. એના આરંભના ખેડાણમાં હોરેસ વૉલપોલ ધ્યાનપાત્ર છે. તત્કાલીન વાર્તારસિક સમાજ એવી નવલકથાઓનું ઉમળકાભેર સ્વાગત કરતો જણાય છે. એનું એક કારણ એ છે કે લાગણીવેડાથી પરિતૃપ્ત થઈ ગયેલા ચિત્તને હવે કોઈ નવા પ્રકારની લાગણીની તરસ છે. ભય, ધ્રુજારી, વિસ્મયના ભાવોમાં રાચતી નવલકથામાં રજૂ થતી નવીન પ્રકારની લાગણી વાચકોના કથારસને ઉત્તેજે છે, સમકાલીન સમાજની વિષમતાઓમાંથી તેને એક વિસ્મયકારક સૃષ્ટિમાં દોરી જઈ તેમાં રમમાણ કરે છે. અલબત્ત, આ નવી ઉદ્ભવેલી લાગણીને પણ છેવટે વાર્તાકારો એવી અતિશયમતા અને કૃત્રિમતા તરફ ખેંચી જાય છે કે આજના વાચકને તે મિથ્યા (absurd) જ લાગે. વૉલપોલની પહેલી નવકતા 'ધ કૅસલ ઑફ ઓટ્રાન્ટો' (The Castle of Otronto - ૧૭૬૫)માં લેખકની કલ્પના દૂરના નિર્જન એકાંતમાં, ખંડેરમાં પહોંચી જાય છે. એવા વાતાવરણમાં ભૂત-પ્રેત, ભ્રમણા, કૌતુક, ધ્રુજારી, સનસનાટી વગેરેને ખીલવા માટે સારો અવકાશ રહે એ સ્વાભાવિક છે. મધ્યકાલીન રાસડામાં, શૌર્યસભર લોકકથાઓમાં આ પ્રકારનું વાતાવરણ રજૂ થતું જ હતું. વૉલપોલે પણ મધ્યકાલીન ઇટાલીને નવલકથાની ભૂમિકા માટે પસંદ કર્યું છે. એમાં એક જાદુઈ શિરસ્ત્રાણ (helmet), એની મદદથી શત્રુઓનો સંહાર, છબીમાંથી સાચુકલા માણસનું પ્રાકટ્ય, એના મુખે રાજગાદી ખોટી રીતે પચાવી પાડનાર ઓટ્રેન્ટોના રાજકુમારની કહાણી. અને ચમત્કારોની ભરમાર - આ નવલકથાની મુખ્ય ઘટનાઓ છે.

વૉલપોલે આ નવલકથામાં પ્રાચીન રોમાન્સ અને અર્વાચીન રોમાન્સને ભેગા ગૂંથવાનો મિથ્યા પ્રયાસ કર્યો છે. નવલકથામાં નોકરોની વાતચીત, ભૂત સાથે મુલાકાત અને એવી કેટલીક ઘટનાઓ શેક્સપીઅરના 'હેમ્લેટ', 'મૅકલેથ' નાટકની કંઈક યાદ આપી જાય; અને લેખકે એ મહાન નાટ્યકારને અનુસરવાનો દાવો પણ કર્યો છે. તેમ છતાં નવલકથા નિષ્ફળ જ છે. શેક્સપીઅરનાં ઉપર્યુક્ત બે નાટકોનાં પાત્રો અને એમાંની કવિતા બાદ કરી નાખો અને પછી એમાં જે બાકી રહે તેવી આ નવલકથાની સ્થિતિ છે - મતલબ કે કૃતિ નિર્જીવ છે. પ્રાચીન અને અર્વાચીન એ બે યુગનાં વાતાવરણ ગૂંથવાનું તેને ફાવ્યું નથી. અલબત્ત, મધ્યકાલીન કિલ્લાની આસપાસનું અને ભૂત-પ્રેતાદિના ચમત્કારોમાં તેની ગતિ છે. આ નવલકથા, બીજું કંઈ નહિ તો ય સામાન્ય વાર્તારસિયા વાચકને એક આનંદભરી ઉદાસીનો અનુભવ કરાવી શકે છે ને એ એની વિશેષતા છે. ભય અને વિસ્મયની, ઉદાસીની

આવી આરંભની નવલકથામાં બીજાઓ માટે ભરપૂર પ્રેરણા અને સામગ્રી પડેલી છે. - ભવિષ્યમાં કવિ કીટ્સની (Keats) 'ઇવ ઑફ સેન્ટ એગ્નીસ' (Eve of St. Agnes) ક્યાંથી રચાત જો આ પ્રકારની ટેરર (terror) અથવા ગૉથિક (Gothic) નવલકથા ન હોત તો ?

ઓગણીસમી સદીના આરંભમાં આ નવલકથાની બોલબાલા હતી. બાયરન (Byron) જેવો કવિ તેના પર વારી ગયો હતો અને સ્કોટ (Scott)ને તો એમાં પ્રાચીન સાથે અર્વાચીન વાતાવરણના સંયોજનની, ચમત્કારક તત્ત્વોની સાથે માનવસંવેદનોની સંયોજના, ભાષા, શૈલી બધું જ આકર્ષક લાગ્યું હતું. સ્કોટને તો આ પ્રકારની નવલકથાઓ રચવા માટે મબલખ પ્રેરણાસામગ્રી વૉલપોલ દ્વારા પૂરી પડી હતી; પણ સ્કોટ પોતે ય આ પ્રકારની - મધ્યકાલીન વાતાવરણની-નવલકથાઓમાં ક્યાં મોટી નામના કમાયો છે ? એણે પોતાના યુગની નવલકથાઓમાં જ વધુ ખ્યાતિ મેળવી છે. ગમે તેમ પણ વૉલપોલની આ કૃતિએ અનેક ભાવી નવલકથાકારોને માટે મધ્યયુગમાં જવાનો રસ્તો ખુલ્લો કરી આપ્યો.

ક્લેરા રીવ (Clora Reeve : ૧૭૨૯-૧૮૦૭)

ક્લેરા રીવે તો પોતાની નવલકથાઓ માટે વૉલપોલનું ઋણ સ્વીકાર્યું જ છે; જો કે એની નવલકથાની મર્યાદાઓની તેણે ટીકા, પણ કરી છે. તેની 'ધ ચૅમ્પિયન ઑફ વર્ચ્યુ, અ ગૉથિક સ્ટોરી' - (The Champion of Virtve, a Gothic Story - ૧૭૭૭) વૉલપોલની નવલકથામાંથી પ્રેરણા પામીને લખાઈ હોવા છતાં તેણે માત્ર અનુકરણનો રાહ પસંદ કર્યો નથી. ક્લેરા રીવની નવલકથાકાર તરીકેની વિશેષતા એ છે કે તેણે 'ટેરર'ની નવલકથા લખવામાં પણ રંગ તો એના પોતાના સમાજના મધ્યમવર્ગની લાગણીના પૂર્યા છે. એની નવલકથાનો વ્યાપક સૂર (tone) સચ્ચાઈનો છે; એણે લાગણીની બાબતમાં રિચાર્ડસનની નવલકથાનો નમૂનો લક્ષમાં રાખ્યો છે અને નૈતિકતા ઉપસાવી છે. ચમત્કારક તત્ત્વોના નિરૂપણમાં પણ તેણે સાવધાની દાખવી છે. એમની તે કથામાંથી બાદબાકી કરતી નથી, પણ બુદ્ધિ સાથે તેનો મેળ બેસાડવાનો તેનો પ્રયત્ન છે. કલાકૃતિ તરીકે તે ભલે મધ્યમ છે તેમ છતાં વૉલપોલની કૃતિ કરતાં તે થોડીક આગળ જાય છે અને મિસિસ રેડક્લિફ (Mrs. Radcliffe)ની નવલકથાના વાચકો માટે તે ભૂમિકા તૈયાર કરી આપે છે.

ઉપર્યુક્ત કૃતિનું બીજી આવૃત્તિ વખતે લેખિકાએ 'ધી ઓલ્ડ ઇંગ્લિશ બેરન' (The old English Baron) શીર્ષક આપ્યું હતું. મિસિસ રેડક્લિફની પૂર્વે બીજા પણ કેટલાકનો નિર્દેશ અહીં થવો ઘટે શાર્લૉટ સ્મિથ (Charlotte Smith)ના 'એમેલિન, ઓર ધી ઑર્ફન ઑફ ધ કેસલ' (Emmeline, or The Orphan of the Castle - ૧૭૮૮), 'એથેલિન્ડ ઑફ ધ રિક્લ્સ' (Etlhelinde of the Reculse - ૧૭૮૯); સોફિયા લી (Solpia Lee)ની 'ધ રિસેસ' (The Recess - ૧૭૮૫); વિલિયમ બેકફોર્ડની 'ધ વથેક' (The Vathek - ૧૭૮૬) જેવી કૃતિઓ ટેરર પ્રકારની નવલકથાઓ સાથે સામ્ય ધરાવનારી છે. આ અરસામાં રચાયેલી નવલકથાઓમાં ઘણીવાર એશિયાના - પૂર્વના-દેશોને ભૂમિકારૂપે લેવાનું વલણ જોવા મળે છે. વિલિયમ બેકફોર્ડની 'ધ વથેક' પૂર્વના પ્રદેશની ભૂમિકા પર રચાયેલી તરંગસભર નવલકથા છે. એમાં એક ખલીફ એની માતા અને બીજાં અનિષ્ટની સહાયથી પોતાની વાસનાઓની તૃપ્તિ અર્થે ક્રૂરતા આચરે છે એવું કથનાક છે. આ કૃતિમાં થોડાક મનને પ્રસન્ન કરે તેવા અંશો છે ખરા, પણ એકંદરે એ એક 'ફેન્ટેસ્ટિક' કૃતિ છે. □

'કુમાર'માંથી પ્રાપ્ય અન્ય પ્રકાશનો

યોગાસનો : શ્રી દામુભાઈ શુક્લની કલમે આલેખાયેલ શરીર, મન અને જ્ઞાનતંતુઓ ત્રણેયને સ્વસ્થ રાખતી અનન્ય અને શ્રદ્ધેય વ્યાયામ પદ્ધતિની સચિત્ર પુસ્તિકાની ૭મી આવૃત્તિ. રૂ. ૧૦ + રૂ. ૧ ટપાલ ખર્ચ.

દેવો ધાધલ : 'કુમાર'માં અગાઉ પ્રકટ થઈ ગયેલી ને ખૂબ ચાહના પામેલી શ્રી 'સુકાની'ની દરિયાઈ જીવનને લગતી સાહસપૂર્ણ અને રસપ્રદ નવલકથા. પાકું પૂઠું, રૂ. ૨૦ + રૂ. ૪ ટપાલખર્ચ (આજના બજારભાવે જેની કિંમત રૂ. ૫૦થી પણ વધુ જાય છે.)

ધમ્મપદ : બુદ્ધનાં ઉપદેશ-વચનોનો વિજયશંકર કામદારે કરેલો સરલ અનુવાદ. સુશોભિત ગુટકા કદમાં ભારે કાગળ પર સુઘડ દ્વિરંગી મુદ્રણ. પૃ. ૯૬, ડિલક્સ આવૃત્તિ રૂ. ૧૦ + રૂ. ૧ ટપાલખર્ચ.

મારી ચિત્રસૃષ્ટિ : 'કુમાર'ના સ્થાપક સ્વ. કલાગુરુ રવિશંકર રાવળની જન્મશતાબ્દીના આ વર્ષમાં, આર્ટ પેપર ઉપર તેમના એક રંગી અમૂલ્ય ૨૪ ચિત્રોની પુસ્તિકા માત્ર રૂ. ૫ + રૂ. ૧ ટપાલખર્ચ.

ભારતીય કલાકલાપ - ભાગ ૩, : ભારતીય કલાના ઉત્તમ નમૂનાના ત્રિરંગી ચિત્રોનાં ત્રણ અમૂલ્ય આલબમો માંથી હવે પ્રાપ્ય રહેલો આ માત્ર ત્રીજો ભાગ. આ આલ્બમમાં ૭" x ૯"નાં આર્ટ કાર્ડ પર છ ચિત્ર છે. કિંમત રૂ. ૫ રવાનગી ખર્ચ રૂ. ૨. આ કિંમતે આ ચિત્રો ફરી મળવા સંભવ નથી. ગણતરીની નકલો જ સિલકમાં છે. આજે જ 'કુમાર કાર્યાલય લિ.'ના નામે એમ. ઓ. કરો.

'કુમાર કાર્યાલય લિ.', ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ઈતિહાસધારા

અશોક હર્ષ

ભારતીય ઈતિહાસમાં બીજા શીખવિગ્રહ તરીકે ઓળખાતા અને ફીરોજશાહના મેદાનમાં લડાયેલા અંગ્રેજો અને શીખો વચ્ચેના યુદ્ધમાં શીખો એવા તો ઝનૂનપૂર્વક લડેલા કે અંગ્રેજોને આ યુદ્ધ પોતાની વિરુદ્ધ નિર્ણાયક નીવડવાની દહેશત ઊભી થયેલી. પંજાબને ગળી જવાની અંગ્રેજોની દાનત કળાઈ જતાં શીખો મરણિયા થઈને મેદાને પડેલા, પરિણામે કલકત્તાથી ખુદ ગવર્નર-જનરલને આ યુદ્ધના સંચાલન માટે દોડી આવવું પડ્યું હતું.

જે યુદ્ધે અંગ્રેજોને તેમની માનું ધાવણ મોઢે આણી દીધું હતું એ યુદ્ધમાં ઘવાયેલો એક અંગ્રેજ સૈનિક ડેનિસ ડેલેની અંધારામાં ઠંડી ધરતી પર કરાંજતો પડ્યો હતો ત્યાં તેની જોડે જ એક અંગ્રેજ આવીને બેસી પડ્યો અને પૂછ્યું, 'તારું નામ શું, દોસ્ત ?'

'ડેનિસ ડેલેની', તેણે જવાબ આપ્યો, જો કે અંધારામાં તે પોતાના પડખે આવી બેઠેલાનો ચહેરો ઓળખી ન શક્યો.

'યુદ્ધમાં જખ્મી થયો લાગે છે.'

'હા, પગમાં સામાન્ય જખમ છે, ઘા બહુ ઊંડો નથી.'

'જો ને, દોસ્ત, તું આમ લોટતો તો પડ્યો છે, તને વાંધો ન હોય તો તારી પીઠ પર માથું ટેકવી હું જરા ઊંઘી લઉં.'

'ખુશીથી, એમાં શો વાંધો હોય ?'

આગંતુક યુદ્ધથી ખૂબ થાકેલો હોયો તેમ માથું ઢાળી થોડી વારમાં તો ઘસઘસાટ ઊંઘી ગયો.

એકાએક સામેથી તોપના ધણધણાટ સાથે એક ઝગઝગતા ગોળો છૂટ્યો. એ જ વખતે હાથમાં પાણીના પાત્ર સાથે ડેલેનીએ પોતાની પીઠ પર માથું ઢાળી ઊંઘનારને સંબોધતો એક જણનો અવાજ સાંભળ્યો, 'યૉર એક્સેલન્સી !' તોપગોળાના ક્ષણિક ઝબકારામાં ડેલેનીએ તેને ઓળખી કાઢ્યો. તે હતો લડી રહેલી અંગ્રેજ ફોજનો સેનાપતિ કર્નલ બાર. ફોજનો સેનાપતિ જેના માટે પાણી લઈને હાજર થાય એ વ્યક્તિ કોણ હોઈ શકે તે સમજતાં ડેલેનીને વાર ન લાગી.

'નામદાર, જેમ તેમ કરી આટલું પાણી મેળવી શક્યો છું,' કહેતા બારે પાણીનું પાત્ર એટલી ચીવટથી પકડેલું કે જાણે કોઈ મહામૂલી વસ્તુ ન હોય ! અને હતું પણ એવું જ, કેમ કે ફીરોજશાહમાં જેટલા કૂવા હતા તે બધા જ શીખોના કબજામાં હતા.

ડેલેનીની પીઠે આરામ કરનાર પાણી માટે બેઠો થતાં તેણે જોયું કે એનો એક હાથ કપાયેલો હતો. કેટલુંક પાણી પીને બાકીનું ડેલેની તરફ લંબાવતો એ બોલ્યો, 'સુકાને ગળે ને થાકથી તૂટતા શરીરે તેં મને ખૂબ આરામ આપ્યો હોઈને આટલું પાણી તારા માટે.'

'આપની આ મહત્તા હું જિંદગીભર નહીં ભૂલું, યૉર એક્સેલન્સી !' ડેલેની કંપિત સ્વરે બોલ્યો.

'તો તું મને ઓળખે છે, ડેલેની ?' કપાયેલા હાથવાળી વ્યક્તિએ સાશ્ચર્ય પૂછ્યું.

'સમ્રાટ નેપોલિયન સામેના તુમુલ યુદ્ધમાં જે મહાપુરુષે પોતાનો હાથ ગુમાવેલો અને અત્યારે જે આ વિશાળ દેશના ગવર્નર-જનરલના પદે છે એ સર હેન્રી હાર્ડિંજને કોણ ભૂલી શકે એમ છે, યૉર એક્સેલન્સી ! અંધારામાં આપને ઓળખી ન શક્યો એ મારી બેઅદબી બદલ મને માફ કરશો.'

'હું યે તારો ઉપકાર કદી નહીં ભૂલું, ડેલેની !' હાર્ડિંજે હસતાં હસતાં કહ્યું. ત્યાં તો કર્નલ બારે અંગ્રેજ સૈન્યની તોપો બેકાર બની ગયાની વાત કાઢતાં ગવર્નર-જનરલ હાર્ડિંજ અત્યંત ઉત્તેજિત બની ઊભો થઈ જતો બોલ્યો, 'યુદ્ધમાં તોપો ઠંડી રહે એ કેમ ચાલે ? ચાલો, તપાસ કરીએ.'

અને ભારતનો ઈતિહાસ બદલાવાની અણી પર પહોંચેલા એ યુદ્ધમાં શીખોમાં ફૂટ પડાવવામાં અંગ્રેજ ફૂટનીતિ વિજયી નીવડી અને સર હેન્રી હાર્ડિંજનો જયઘોષ ભારતભરમાં ગાજી ઊઠ્યો. રાણી વિક્ટોરિયાએ તેને ઉમરાવપદથી નવાજતાં તે 'લૉર્ડ હાર્ડિંજ' બન્યો. ગવર્નર-જનરલના પદની મુદત પૂરી થતાં તેને વરસે ત્રણ હજારના સાલિયાણાનું વચન આપવામાં આવ્યું. નિવૃત્તિ સમયે પૂરા સન્માન ઉપરાંત ઈ.૧૮૫૬માં તેને ઈંગ્લંડનો સરસેનાપતિ બનાવવામાં આવ્યો.

સ્વદેશ તો હાર્ડિંજની જેમ ડેલેની પણ પાછો ફરેલો, પરંતુ એક માજી સૈનિકના રૂપે, જેને માટે નિયમ મુજબ રોજના નવ પેન્સનું પેન્શન તેને મળતું. ગુમનામી અને ભૂખમરો વેઠતાં તેણે આ દુનિયાની વિદાય લીધી ત્યાં સુધી લૉર્ડ હાર્ડિંજે તેને યાદ સુધ્ધાં ન કર્યો, જેણે યુદ્ધક્ષેત્રે તેનો ઉપકાર ન ભૂલવાની બડાશ હાંકેલી

કાશીનરેશ ચેતસિંહે અંગ્રેજોની આ દેશમાં વધતી જતી પેશકદમી સામે માથું ઊંચક્યું ત્યારે ગવર્નર-જનરલ વૉરન હેસ્ટિંગ્સે ઈ. ૧૭૮૧માં કાશી પર ચડાઈ કરતાં તેના શા હાલ થયા તે અંગે 'પુરાણા કલકત્તાનો પોકાર' નામના પોતાના પુસ્તકમાં તેના લેખક બડરસ્ટીડે વર્ણવવા સાથે હેસ્ટિંગ્સનો ખુદનો તેના પરનો પત્ર તેમાં છાપેલો છે, જેમાં હેસ્ટિંગ્સે જણાવેલું : '૨૧મી ઑગસ્ટના રોજ હું વારાણસીથી ચાર સો સૌનિકો સાથે નાસી છૂટ્યો, કેમ કે મારા પર આક્રમણ કરવા હજારો સૈનિકો તૈયાર થઈ ગયેલા.' તે જે ગભરાટમાં વારાણસીથી જીવ બચાવી ચુનાર નાસી છૂટેલો એ વિષેની એક લોકોક્તિ આજે પણ ઉત્તર ભારતમાં પ્રસિદ્ધ છે કે -

'ઘોડે પર હોદ્દા, હાથી પર જીન,
ઐસા ભાગા વોરન હેસ્ટિન !'

પરંતુ છેવટે મહારાજા ચેતસિંહનો પરાજય થતાં તેમણે નાસી છૂટી ગ્વાલિયરનો આશ્રય લીધો. ત્યાંના મહારાજા માધોજી સિંધિયાએ તેમને પાંચ લાખ રૂપિયાની એક જાગીર કાઢી આપી, જે પાછળથી અંગ્રેજ જનરલ લેકે આગરા પર કબજો મેળવીને ઝૂંટવી લીધી. મહારાજા ચેતસિંહે જીવનનાં અંતિમ ૨૯ વર્ષ ગ્વાલિયરમાં જ વીતાવ્યાં, જ્યાં ઈ. ૧૮૧૦માં તેમનું અવસાન થયું. અવસાન બાદ તેમના પુત્ર બલવાનસિંહ ગ્વાલિયર છોડી આગરામાં રહેલા.

પિતાના મૃત્યુ બાદ તે આગરા કેમ રહેવા લાગ્યા તેનું કારણ હજુ સુધી અજ્ઞાત છે, પરંતુ આગરામાં એમની હવેલી આજે પણ મોજૂદ છે, જે તેમના વંશજના અધિકાર નીચે છે. અંગ્રેજોએ તેમને રૂ. ૨૦૦૦નું સાલિયાણું બાંધી આપેલું. આગરાની એમની વિશાળ હવેલી એટલે શાયરોનું મિલનસ્થાન, જેમાં નઝીર અકબરાબાદીના પુત્ર ખલીફા ગુલઝારખાં 'અમીર'થી માંડીને મિર્ઝાં હાતિમઅલી બેગ 'મહેર' સુધીના શાયરો ઉપસ્થિત રહેતા.

આગરાની પતંગબાજી ભારતભરમાં મશહૂર છે. ઉર્દૂના મહાકવિ ગાલિબે પોતાની પૂર્વાવસ્થાના વર્ણનમાં લખેલ છે કે પોતે રાજા બલવાનસિંહ સાથે આગરામાં પતંગ લડાવતા. પતંગબાજી ઉપરાંત બલવાનસિંહ સાથે આગરામાં પતંગ લડાવતા. પતંગબાજી ઉપરાંત બલવાનસિંહ શાયરીના પણ એટલા જ શોખીન હતા. મુશાયરામાં પોતાની ઓળખાણ આપવાના ચાલતા શિરસ્તા મુજબ તેમણે એક મુશાયરામાં આ રીતે પોતાની ઓળખાણ આપેલી : 'રાજા કાશી, તખલ્લુસ ઉર્દૂમેં રાજા ઔર ભાખા (હિંદી ભાષા) મેં કાશીરાજ. ફારસીમેં મિયાં નઝીર અકબરાબાદી કે શાગીર્દ ઔર ભાખામેં લાલ ભટ્ટી ઉમ્ર સત્તર સાલ, શાયરી કી મુદ્દત ૩૭ સાલ. સકૂનતે કદીમ બનારસ, સકૂનતે હાલ આગરા, તસનીફાન તીન દીવાન ઔર એક મસનવી ઉર્દૂમેં, ઔર ચેતચન્દ્રિકા તથા રસસમંદર ભાખા મેં.'

રાજા બલવાનસિંહે સર્જેલું તમામ સાહિત્ય આગરાના ઉર્દૂ શાયર મયકશ અકબરાબાદી પાસે સુરક્ષિત હોવાનું વર્ષો પહેલાં બહાર આવેલું. બાદ તેનું શું થયું તે કોઈ જાણતું નથી. અંગ્રેજ ઈતિહાસકાર બિલના જણાવ્યા પ્રમાણે પોતાના એકમાત્ર પુત્રના ઈ. ૧૮૭૧ના ડિસેમ્બરની ૧૭મીએ થયેલા અવસાનનો આઘાત ન જીરવાતાં રાજા બલવાનસિંહ એ પછી થોડા જ દિવસમાં એ જ મહિનાની તા. ૨૬મીએ અવસાન પામેલા.

*

શિવાજી ઔરંગઝેબની નજરકેદમાંથી આગરાથી ઈ. ૧૬૬૬માં નાસી છૂટ્યા ત્યારે સીધો પૂનાનો માર્ગ ન લેતાં પગે ચાલતા આડાઅવળા રસ્તે આગળ વધતા રહ્યા. ઓરિસ્સા પહોંચતાં તો તે એટલા બધા થાકી ગયા કે ત્યાં આગળની મુસાફરી એમણે પગપાળાને બદલે ઘોડા પર બેસીને પૂરી કરવાનું નક્કી કર્યું અને ઘોડાના એક સોદાગર પાસે પહોંચ્યા. સોદાગરે એક ઘોડો લાવી લગામ શિવાજીના હાથમાં સોંપતાં તેમણે ભેટે બાંધેલી વાંસળીમાંથી મૂઠી ભરીને સોનામહોરો તેના હાથમાં આપી. શિવાજી કેદમાંથી નાસી છૂટ્યાની વાત ત્યાર સુધીમાં સારા યે દેશમાં ફેલાઈ ચૂકી હોઈને ઘોડાના સોદાગરના કાને પણ તે પહોંચેલી. ઘોડાના કશા ભાવતાલ વિના આટલી બધી સોનામહોરો આપનારને વિસ્મયથી જોતો સોદાગર બોલ્યો, 'તમે શિવા હો એમ લાગે છે, એ સિવાય એક સામાન્ય ઘોડાનાં આટલાં નાણાં કોઈ ન આપે.' ઓળખાઈ જવા પાછળનો ભય શિવાજી જાણતા જ હતા, એટલે બાકીની સોનામહોરોમાંથી બીજી મૂઠી ભરીને તેને આપી, અને આ વાત ત્યાં જ દાટી દેવાનું વચન લઈ તેમણે તે જ ઘડીએ ઘોડો દોડાવી મૂક્યો.

કેદમાંથી શિવાજી નાસી છૂટ્યાનો પ્રસંગ ઔરંગઝેબને આખી જિંદગી પીડતો રહ્યો. સર જદુનાથ સરકારના જણાવ્યા પ્રમાણે, ઔરંગઝેબે તેના છેલ્લા વસિયતનામામાં લખેલું : 'હકૂમતનો મોટામાં મોટો આધારસ્તંભ રાજ્યમાં જે કંઈ બનતું હોય તેની તાત્કાલિક માહિતી મેળવવા પર રહેલો છે - એક ક્ષણની પણ ગફલત જિંદગીભરની શરમમાં પરિણમે છે. શિવાનું નાસી છૂટવું એવી ક્ષણિક ગફલતને આભારી હતું, પણ એને લીધે મને મારી જિંદગીના અંતિમ દિવસો સુધી આ બધી લડાઈઓમાં જ પરોવાયેલા રહેવું પડ્યું.'

*

ગ્વીલિયરના મહારાજા દોલતરાવ સિંધિયાના સૈન્યની બાપ્ટીસ્ટ્સ બ્રિગેડ નામની એક ટુકડીમાં જોરાવરસિંહ નામનો એક વીર સૈનિક બેત્રણ વરસથી જોડાયેલો. પાછળથી ટુકડીમાંના એક સૈનિકને જાણ થવા પામી કે જોરાવરસિંહ પુરુષ નહીં પરંતુ પુરુષના વેશમાં સ્ત્રી હતી. મહારાજાના કાને આ વાત નાખતાં તેમણે જોરાવરસિંહને બોલાવીને પૂછતાં તેણે હકીકતનો સ્વીકાર કરતાં જણાવ્યું કે પોતાના ભાઈને દેવું ન ચૂકવી શકવા બદલ ભોપાલમાં કેદમાં નાખવામાં આવ્યો છે, અને પોતે એ દેવું ભરપાઈ કરી પોતાના ભાઈને છોડાવવા બ્રિગેડમાં દાખલ થયેલ છે. દોલતરાવ સિંધિયાનું દિલ આથી દ્રવી ઊઠ્યું, એમણે જોરાવરસિંહને સારી એવી રકમ આપી સૈન્યમાંથી મુક્ત કરવા સાથે ભોપાલના નવાબ પર ખાસ પત્ર લખીને તેને આપ્યો કે તેના ભાઈને સત્વર કેદમાંથી મુક્ત કરવામાં આવે. □

'કુમાર'ના ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવી હાર્દિક અપીલ છે.
¤
આપ પેટ્રન (રૂ. ૧૦૦૦) કે સંવર્ધક (રૂ. ૫૦૦૦) સભ્ય બની 'કુમાર'ને સહાયભૂત થઈ શકો.

ભારતીય ગણિતજ્ઞ ડી. આર. કાપ્રેકર

મોહનભાઈ એચ. વિરોજા

ભારતીય ગણિતજ્ઞોમાં જેમની આગવી ખ્યાતિ છે તે દત્તાત્રેય રામચંદ્ર કાપ્રેકરનો જન્મ ૧૭ જાન્યુઆરી, સન ૧૯૦૫ના મુંબઈ પાસેના દહાનમાં થયો હતો. એમની ૮ વર્ષની વયે જ તેમની માતાનો સ્વર્ગવાસ થતાં તેમનો ઉછેર ક્લાર્કની નોકરી કરતા તેમના પિતાની દેખરેખ નીચે થયો. તેમના પિતાને જ્યોતિષમાં ખૂબ જ રસ હતો. પોતાનો પુત્ર પણ જ્યોતિષમાં ખૂબ જ આગળ વધે એવી એમની ઇચ્છા હતી. એટલે દત્તાત્રેયને તે જ્યોતિષશાસ્ત્ર શીખવતા. જ્યોતિષ ગણિતમાંથી બાળ દત્તાત્રેયને સંખ્યાઓ અને અંકો સાથે ખૂબ જ દોસ્તી થઈ ગઈ. ગણિતના કોયડાઓ અને સમસ્યાઓના ઉકેલ મેળવવામાં તેમને ખૂબ જ રસ પડતો. તેમની આ અભિરુચિને લીધે તે અદ્દભુત વિશ્વવિખ્યાત ગણિતજ્ઞ બન્યા અને ગણિતના અંકોના જાદુગર તરીકે સુખ્યાત થયા.

સન ૧૯૨૭માં વિદ્યાર્થીકાળમાં જ ગણિતમાં મૌલિક શોધ માટે તેમને રેંગલર પુરુષોત્તમ પરાંજપે ગણિત પુરસ્કાર વડે સન્માનિત કરવામાં આવ્યા. કોલેજમાં અભ્યાસકાળ દરમિયાન પણ મૌલિક નિબંધ માટે તેમને પુરસ્કાર મળ્યો હતો.

સન ૧૯૨૯માં તેમણે પૂનાની ફર્ગ્યુશન કોલેજમાંથી બી.એસસી.ની પરીક્ષા ઉત્તીર્ણ કરી અને એક શાળામાં શિક્ષકની નોકરી સ્વીકારી.

સન ૧૯૪૬માં તેમણે વિશ્વપ્રસિદ્ધ 'કાપ્રેકર નિયતાંક'ની શોધ કરી. આ શોધ એટલે નિયતાંક ૬૧૭૪. આ એક અચળ અને અદ્દભુત સંખ્યા છે. તે સંખ્યાની અદ્દભુતતા નીચે પ્રમાણે છે :

'આ અદ્દભુત નિયતાંક પ્રાપ્ત કરવા માટે આપણે એક સરખા (સમાન) ન હોય તેવા અંકની સંખ્યા લેવી પડે. તે મૂળ સંખ્યાના અંકોને ઊતરતા ક્રમમાં ગોઠવી, જે સંખ્યા મળે તેને ઊલટા ક્રમમાં લખો. જે નવી સંખ્યા મળી તે ઊતરતા ક્રમમાં ગોઠવેલી સંખ્યામાંથી બાદ કરો. પછી જે સંખ્યા પ્રાપ્ત થાય તેને માટે ફરીથી ઉપર વર્ણવેલી પ્રક્રિયા કરતા રહો. આપણે જોઈ શકીશું કે ચાર કે તેથી વધુ વખત ઉપર મુજબની પ્રક્રિયા કરતાં તે અદ્દભુત નિયતાંક ૬૧૭૪ પ્રાપ્ત થશે. આ પ્રક્રિયાને સ્પષ્ટ રીતે સમજવા અહીં એક ઉદાહરણ લઈએ :



ધારો કે ચાર અંકોની સંખ્યા	૬૭૧૨ છે.
ઊતરતા ક્રમમાં ગોઠવેલી સંખ્યા	૭૬૨૧ થશે.
ઊલટાવેલી નવી સંખ્યા	૧૨૬૭ મળે.
તફાવત	૬૩૫૪
	પ્રથમ પગલું
ફરીથી ઊતરતા ક્રમમાં ગોઠવેલી સંખ્યા	૬૫૪૩
ઊલટાવેલી નવી સંખ્યા	૩૪૫૬
તફાવત	૩૦૮૭
	બીજું પગલું
ફરીથી ગોઠવેલી સંખ્યા	૮૭૩૦
ઊલટાવેલી સંખ્યા	૦૩૭૮
તફાવત	૮૩૫૨
	ત્રીજું પગલું
ફરીથી ગોઠવેલી સંખ્યા	૮૫૩૨
ઊલટાવેલી સંખ્યા	૨૩૫૮
તફાવત	૬૧૭૪
	ચોથું પગલું

જો ઉપરની પ્રક્રિયા 'કાપ્રેકર નિયતાંક'ને લઈને કરીએ તો :

મૂળ સંખ્યા	૬૧૭૪
ગોઠવેલી સંખ્યા	૭૬૪૧
ઊલટાવેલી સંખ્યા	૧૪૬૭
તફાવત	૬૧૭૪
	પ્રથમ પગલું

આ અદ્દભુત નિયતાંક કાપ્રેકરની ત્રણ વર્ષની મહેનતનું પરિણામ છે, જેના વડે તેઓ દુનિયામાં અમર બની ગયા છે. આ નિયતાંક મેળવવા માટે કાપ્રેકરે સેંકડો સંખ્યાઓની સાથે રાત-દિવસ મથામણ કરેલી. ત્યાર પછી આ નિયતાંક મેળવ્યો. સન ૧૯૪૯માં પહેલીવાર આ સમસ્યા ઉપર તેમનો શોધપત્ર 'મદ્રાસ, ગણિતસંમેલન'માં રજૂ કર્યો હતો. 'સ્ક્રિપ્ટા મૅથેમૅટિકા' નામની અમેરિકાની ખ્યાતનામ પત્રિકાએ તે શોધપત્ર છાપ્યો અને આ શોધ આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે મહત્ત્વની બની ગઈ.

'સ્વયંભૂ સંખ્યા' અથવા 'સેલ્ફ નંબર' એ કાપ્રેકરની બીજી એક શોધ છે. આ શોધને તેઓ 'સ્વયંભૂ સંખ્યા' અથવા 'સેલ્ફ નંબર' સંજ્ઞા એટલા માટે આપે છે કે તે સંખ્યાસમૂહ સ્વયં અદ્દભુત છે. એટલે કે તે અન્ય કોઈ સંખ્યાની નીપજ નથી. આપણે તે 'સેલ્ફ નંબર'ને ઉદાહરણ વડે સમજીએ.

કોઈ એક ધન પૂર્ણાંક લો. ધારો કે તે સંખ્યા ૭ છે. તેના અંકોનો સરવાળો કરો. તે ૭ જ થશે. તેમાં તે સંખ્યા ઉમેરો. તેથી ૧૪ મળશે, જેના અંકોનો સરવાળો ૧ + ૪ = ૫ થશે. એ ૧૪માં ઉમેરો તેથી ૧૯ થશે. આવી પ્રક્રિયા આગળ કરતા રહો. કેટલાક ક્રમ નીચે મુજબ થશે :

૭ - ૧૪ - ૧૯ - ૨૯ - ૪૦ - ૪૪ - ૫૨ - ૫૯ - ૭૩ - ૮૩ - ૯૪ - ૧૦૭..... વગેરે

અહીં ક્રમમાં ૧૪ થી લઈને ૧૦૭ સુધીની સંખ્યાઓને 'જનિત સંખ્યા' કહે છે. કારણ કે તે બધી સંખ્યાઓ એક ખાસ પ્રકારની રીત વડે ક્રમશઃ ૭માંથી ઊપજી છે અને ૭ એ એવી સંખ્યા છે કે જે ઉપરની રીતથી કોઈ પણ સંખ્યા વડે જનિત થઈ શકે નહીં; તેથી ૭ને 'સેલ્ફ નંબર' અથવા 'સ્વયંભૂ સંખ્યા' કહે છે.

વળી, ૧૦૭ને એક અન્ય સંખ્યા ૮૯માંથી પણ નીચે મુજબ, ઉપર દર્શાવેલી રીત વડે મેળવી શકાય છે :

૮૯ - ૧૦૦ - ૧૦૧ - ૧૦૩ - ૧૦૭... વગેરે

૧૦૭ને 'સંધિ સંખ્યા' અથવા 'જંક્શન સંખ્યા' કહે છે. કારણ કે ૭ અને ૮૯ માંથી ક્રમશઃ જનિત બધી જ સંખ્યાઓ કોઈ બિંદુ (૧૦૭) ઉપર જ મળે છે. ૮૯ પણ ૭ ની માફક 'સ્વયંભૂ સંખ્યા' છે. સ્વયંભૂ સંખ્યાઓ ઉપર કાપ્રેકરે ખૂબ જ મોટું કાર્ય કર્યું છે. ૧૦૦ સુધીની સંખ્યામાં નીચે મુજબની ૧૩ સંખ્યાઓ એવી છે જેને સ્વયંભૂ સંખ્યાઓની સંજ્ઞા આપવામાં આવે છે. આ સંખ્યાઓ ક્રમશઃ

૧, ૩, ૫, ૭, ૯, ૨૦, ૨૧, ૩૧, ૪૨, ૫૩, ૬૪, ૭૫, ૮૬ અને ૯૭ છે.

કાપ્રેકરે તેમનાં ઘણાં પુસ્તકોમાં ઉપર્યુક્ત 'સ્વયંભૂ સંખ્યાઓ'ની વિશિષ્ટતાઓ દર્શાવી છે.

'ઉમલો સંખ્યાઓ' પણ કાપ્રેકરની જ એક મનોરંજક શોધ છે, જેને આપણે સમજીએ :

$$૯^{૫} = ૫૯૦૪૯ \text{ ; અથવા}$$

$$૯૯૯^{૫} = ૯૯૫૦૦૯૯૯૦૦૦૪૯૯૯$$

ઉપરની ઉત્પન્ન થયેલી બંને સંખ્યાઓ ૫૯૦૪૯ અને ૯૯૫૦૦૯૯૯૦૦૦૪૯૯૯ વચ્ચે કાપ્રેકર સંબંધોનું રહસ્ય બતાવે છે.

મોટી સંખ્યાને નાની સંખ્યા વડે મેળવી શકાય, મોટી સંખ્યાને મેળવવા માટે નાની સંખ્યાના અંકોને ફેલાવવા પડે અને ક્રમશઃ ૯૯ તથા ૦૦, નીચે મુજબ લખવા :

૯૯ ૫ ૦૦ ૯ ૯૯ ૦ ૦૦ ૪ ૯૯ ૯

અહીં ઉપરની સંખ્યામાં નાની સંખ્યાના અંકોને અધોરેખાથી દર્શાવ્યા છે.

આવ ઘણી બધી મનોરંજક ગણિતીય શોધો કાપ્રેકરના સંશોધન અને અભ્યાસનો વિષય છે. હમણાં જ ૧૯૯૦ના વર્ષમાં તેમણે ગાંધીશતાબ્દી જાદુઈ વર્ગની શોધ કરી છે. તે વર્ગોની વિશિષ્ટતાઓ તે છે કે પહેલાં વર્ગોને ઊર્ધ્વ અને ક્ષૈતિજ સ્તંભોમાં વહેંચી દો અને તે ખાનાંઓમાં એવી સંખ્યાઓ મૂકો કે કોઈ પણ સ્તંભના અંકોનો સરવાળો, આડો ત્રાંસો, ઉપર અને નીચે સમાન આવે.

દત્તાત્રેય રામચંદ્ર કાપ્રેકર હાલમાં મહારાષ્ટ્રની દેવલાલી કેમ્પ નામના નાના કસ્બામાં રહે છે. તેમનું વય આજ ૮૮ વર્ષનું છે. તેમનું ભોજન તે જાતે જ બનાવે છે. પોતાનાં વસ્ત્રો પણ પોતે જ ધુએ છે. તેટલું જ નહીં તેઓ દરરોજ ૧૫ કલાકથી વધુ ગણિતીય પહેલિયોને ઉકેલવામાં મશગુલ રહે છે. વિદ્યાર્થીઓને ભણાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓ તેમની ગણિતીય દુનિયામાં ખૂબ જ ખુશ છે.

કાપ્રેકરની શોધોએ છેલ્લાં ૪૦ વર્ષોથી દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. તેમના જાદુઈ અંકો, મનોરંજક ગણિતીય પહેલીઓ, કોયડાઓ, જાદુઈ ચોરસો વગેરે બાળકો, જુવાનો અને વૃદ્ધોના મનને આનંદ અને આશ્ચર્ય એકી સાથે પૂરા પાડે છે, પ્રેરણાસ્રોત પણ બન્યા છે. □

'કુમાર' માટેના આગામી ફેરફારો

વાચકો અને ચાહકોના સારા પ્રતિભાવથી પ્રોત્સાહિત 'કુમારે' ઓગસ્ટ ૧૯૯૦થી પુનર્યાત્રામાં બે વર્ષથી યે જરા આગળ સુધીની મજલ તો પૂરી કરી અને તેને જે આવકાર મળી રહ્યો છે તેનો આનંદ પણ છે જ, પરંતુ 'કુમાર'ને જે સ્વરૂપે ઘડવું છે તે લક્ષ્ય સુધી હજી નહિ પહોંચાયું હોવાનો એક અસંતોષ પણ રહ્યા કરે છે. આનાં અનેક કારણ હોઈ શકે એ સૌ કોઈ સમજી શકશે, પણ તેમાંનું મુખ્ય એક કારણ છે વધુ મજબૂત આર્થિક પગભરતા. પ્રચાર-પ્રસાર, જાહેરખબરો, મોટી ગ્રાહકસંખ્યા, હાલ છે તેથી વધુ સારું સ્વરૂપ વગેરે તેમાં જરૂર સહાયક નીવડે, પરંતુ આર્થિક મર્યાદાઓ એમાં નડે જ છે. કેવળ ત્રણચાર જણ દ્વારા જ ચાલતો 'કુમાર'નો તેના સંપાદન અને વહીવટનો બધો જ વ્યવહાર આર્થિક ભીંસને કારણે સહેજે સીમિત જ રહે એ સૌ સમજી શકે તેમ છે. આના એક ઉપાય તરીકે શક્ય તે જોખમ ઉઠાવીને પણ અમે આ વર્ષથી 'કુમાર'નું લવાજમ વધાર્યું છે. 'કુમાર'ના ચાહકોએ અત્યાર સુધી જે પ્રેમ દાખવ્યો છે તેનાથી અમને શ્રદ્ધા છે કે તેઓ આ વધુકો બોજ પણ અપનાવી લઈ અમને સહાયક બની રહેશે. હવે આ વર્ષથી 'કુમાર'નું લવાજમ રૂ ૧૦૦ રહેશે. (અને આજીવન લવાજમ રૂ. ૯૦૦ રહેશે) અલબત્ત, જે જૂના ગ્રાહકોનાં લવાજમો અમને મળી ચૂક્યાં છે તેમને આ બોજ તાત્કાલીક ઉઠાવવાનો નથી જ, અને માર્ચ ૧૯૯૩ સુધી તેમનું વાર્ષિક લવાજમ રૂ ૭૫ તરીકે પણ અમે સ્વીકારીશું, પરંતુ તે પછી નવા દરનું લવાજમ લેવાશે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'ના ચાહકો આ વધારો સ્વીકારી લઈને 'કુમાર'ને વધુ પગભર બનવવામાં સહાયક બની રહેશે.

સ્ટાફની ખેંચ, કામનો બોજ તથા ખર્ચની દૃષ્ટિએ કરકસરના એક અનિવાર્ય પગલા રૂપે આપનું લવાજમ પૂરું થયું હોવાની જાણ કરતો અલગ યાદીપત્ર મોકલવાનું પણ અમે બંધ કરવા વિચાર્યું છે. હવે પછી 'કુમાર'ની કોથળી ઉપર આપના ગ્રાહક નંબરને ફરતું કુંડાળું કરેલું હોય તો તે અંક સાથે આપનું લવાજમ પૂરું થાય છે તેનું સૂચન સમજવું. આ નવી રસમનો અમલ હવે પછીથી અમલી બનશે, એટલે આપને મળતા 'કુમાર'ની કોથળી ઉપર જોતા રહેવા વિનંતિ છે.

આપનો ગ્રાહક નંબર પણ નોંધી રાખશો. 'કુમાર' અંગેના પત્રવ્યવહાર વખતે આપના પૂરા નામ સાથે તે દર્શાવવો જરૂરી છે. અન્યથા સૂચના કે ફરિયાદનો નિકાલ કરવામાં વિલંબ થવો શક્ય છે. આ જ રીતે અંક ન મળ્યાની ફરિયાદોમાં અમારી પાસે અંક સિલકમાં હોય ત્યારે તો રૂપિયા બેનું વધારાનું પોસ્ટેજ ભોગવી લઈને પણ અમે બીજો અંક મોકલીએ છીએ, જો કે બીજો અંક મોકલવો તે અમારે માટે બંધનકર્તા નથી. ઘણીવાર બે ત્રણ માસ પહેલાંના અંકની માગણીને પહોંચવું શક્ય નથી બનતું. કારણ, અંકો મર્યાદિત સંખ્યામાં જ છપાય છે.

અને ખાસ વિનંતિ કે લવાજમ મોકલતી વેળા આપનું પૂરું નામ, સરનામું અને ગામનો પિનકોડ નંબર વગેરે અંગ્રેજીમાં હોય તો કેપિટલ અક્ષરે અને ગુજરાતીમાં હોય તો એ છૂટા સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવો. મનીઑર્ડરના ફોર્મમાં નીચેની સ્લિપની પાછળ આપનું નામ-સરનામું અવશ્ય અને સ્પષ્ટ લખવું અને રબર સ્ટેમ્પ પણ વાંચી શકાય તેટલો સ્પષ્ટ હોય એ જોવું પણ જરૂરી છે.

કલાવાર્તા

સ્વેતોસ્લાવ રોરિક - સ્વર્ગસ્થ

પ્રફુલ્લ રાવલ



હિમાલયનું ભવ્ય સૌંદર્ય કોઈ પણ વ્યક્તિને અભિભૂત કરે તેવું છે. એનું દર્શન કરનાર સદાય એનો ચાહક બની રહે છે, કોઈ પણ સર્જકને માટે એ પ્રેરણાસ્રોત છે. વિખ્યાત રશિયન કલાકાર - નિકોલસ રોરિકે પોતાનું વતન છોડી અહીં કાયમી વસવાટ કર્યો હતો. હિમાલયના એ જબરા ચાહક હતા અને સંખ્યાબંધ ચિત્રોમાં એમણે હિમાલયના સૌંદર્યને ઉતાર્યું છે. એમના પુત્ર સ્વેતોસ્લાવ પણ હિમાલયના એવા જ પ્રેમી હતા. ગઈ ૩૦ જાન્યુઆરી (૧૯૯૩)માં બેંગ્લોરમાં એમનું નિધન થતાં હિમાલયપ્રેમી એક કલાકારે આપણી વચ્ચેથી વિદાય લીધી.

સ્વેતોસ્લાવનો જન્મ રશિયામાં પીતર્સબર્ગમાં ઈ.૧૯૦૪માં થયેલો. રશિયામાં અને સ્વીડનમાં એમણે શિક્ષણ લીધું. ૧૯૧૭માં રશિયામાં ક્રાન્તિ થતાં રોરિક પરિવાર સ્થળાંતર કરી અહીં આવી વસેલો. સ્વેતોસ્વાલે ઈંગ્લંડમાં પણ થોડો સમય અભ્યાસ કરેલો. વિદ્યાર્થી તરીકે તેઓ લગભગ આખું યુરોપ અને અમેરિકામાં ભમેલા. કોલંબિયા યુનિવર્સિટી અને હાર્વર્ડની ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાં પણ એમણે અભ્યાસ કરેલો. એ સ્થપતિ કે શિલ્પી બન્યા હોત, પરંતુ એમનું મન ચિત્રકળા તરફ વળ્યું. જો કે ચિત્રકળાનું રીતસરનું શિક્ષણ એમણે લીધું નહોતું પણ પિતા નિકોલસની કલા-આરાધના જોઈ એમને સતત ચિત્રકળા તરફ ખેંચાણ થતું રહેલું અને પછી તો ચિત્રકળા જ એમનું જીવન બની ગયું અને એમણે પિતાનો આ કલાવારસો જાળવ્યો, અને ચિત્રકલાક્ષેત્રે દુનિયામાં એમનું નામ સિદ્ધિ પામતું ગયું. ભારતની ભૂમિ ઉપર એમણે ઈ. ૧૯૨૩માં પહેલી વાર પગ મૂક્યો અને તુરત જ પિતાની જેમ એ પણ હિમાલયના સૌંદર્યથી મંત્રમુગ્ધ બની ગયા. એમના જ શબ્દોમાં કહીએ તો 'હિમાલયના પ્રેમમાં જ પડી ગયા.'

અમેરિકામાં એમનાં ચિત્રોનું પ્રથમ પ્રદર્શન થયું અને ન્યૂ યૉર્કના 'આંતરરાષ્ટ્રિય કલાકેન્દ્ર'ના નિયામક તરીકે એમની નિમણુક થઈ. પણ અવારનવાર એ ભારત આવતા અને હિમાલયનાં દર્શન કરતા રહ્યા. કોઈ પ્રાચીન વિચારધારાનાં મૂળ એમને હિમાલયદર્શનમાં જોવા મળતાં. ભારત પ્રત્યેના પોતાના પ્રેમનો સ્રોત આ હિમાલય માટેના પ્રેમમાં જ હોવાનું એ કહેતા.

ઈ.૧૯૩૬માં ભારતમાં એમનાં ચિત્રોનું પ્રદર્શન ગોઠવાયું અને તેઓ ભારતીય ચિત્રજગતમાં ખ્યાત બની ગયા. ભારત સાથેનો એમનો નાતો વધુ ગાઢ બન્યો. ઈ.૧૯૪૫માં એમણે એ કાળની ભારતની સુવિખ્યાત ફિલ્મ અભિનેત્રી દેવિકારાણી સાથે લગ્ન કર્યાં. એ પછી તો સ્વેતોસ્લાવ વધુ ને વધુ ભારતના બનતા ગયા. ૧૯૫૦માં એમણે ભારતમાં કાયમી વસવાટ કરવા વિચાર્યું અને બેંગ્લોરમાં પોતાનો નિવાસ કર્યો, જ્યાં તેઓ જીવનભર રહ્યા.

બેંગલોરથી બાવીસ કિલોમીટર દૂર 'તાતગુની એસ્ટેટ' નામની પાંચસો એકરમાં પથરાયેલી એક જાગીર એમણે ખરીદી લીધી. આ જાગીર એ ચંદનવૃક્ષનું વન હતું. સદી પહેલાં કોઈ અંગ્રેજે એ ખરીદેલું અને ચંદનનું વાવેતર કરી સુખડ (ચંદન)ના તેલનું એ ઉત્પાદન કરતો. સ્વેતોસ્લાવે એ જાગીર ખરીદી લઈ ચંદનના વાવેતરને વધુ વિકસાવી એના તેલની નિકાસમાંથી ધૂમ કમાણી કરવા માંડેલી. એ જાગીરમાં એક તળાવ પણ બનાવ્યું અને ત્યાં હાથીઓને પણ વસાવ્યા.

આ જાગીર સ્વહસ્તક કરવા ૧૯૭૦માં કર્ણાટકના ત્યારના મુખ્ય પ્રધાન દેવરાજ ઉર્સે બહુ પ્રયત્નો કરેલા, પણ ઈન્દિરાજીએ એમને એમ કરતા વાર્યા હતા. આ પછી બીજા મુખ્ય પ્રધાન બાંગરપ્પાએ પણ એ મહામૂલી જાગીર હાથ કરવા પેરવી કરેલી અને સોનિયા ગાંધીની તથા રશિયાના પ્રમુખ બોરિસ યેલત્સીનની સહાય લઈ સ્વેતોસ્લાવે પોતાની જાગીર બચાવી લીધી. જો આ જાગીર બચાવી ન શકાય તો રશિયામાં વસવાટ કરવા યેલત્સીને એમને આમંત્રણ પણ આપેલું.

ચીક મંગલુરના કોફીના બગીચાઓના માલિક કે. ટી. ભગતે પણ આ જાગીર પર નજર બગાડી જ છે. પણ હાલ તો આ જાગીર બચી ગઈ છે. આગળ ઉપર હવે શું થશે એ કહી શકાય નહીં.

અહીં સ્વેતોસ્લાવે પિતા નિકોલસનાં ચિત્રો તથા અમૂલ્ય ગ્રંથોનો સંગ્રહ રાખ્યો છે. હાલ તો જાગીર અને આ સંગ્રહ દેવિકારાણીના હસ્તક છે, જેનો વહીવટ તેઓ એક સેક્રેટરી બાઈની સહાયથી સંભાળે છે. પણ તેઓ પણ હવે વયને કારણે આ બધું સંભાળવામાં મુશ્કેલી અનુભવે છે.

ભારત પ્રત્યેના પોતાના અનહદ સ્નેહને કારણે અહીંના પોતાના વસવાટ અંગે સ્વેતોસ્લાવ કહેતા કે 'મને લાગે છે કે ભારતમાં વસવું એ એક સમૃદ્ધ અનુભૂતિ છે, જે આપણા પોતાના અસ્તિત્વને એક નવું જ પરિમાણ આપે છે.'

એક ચિત્રકાર તરીકે તેઓ વ્યક્તિચિત્રો - પોર્ટ્રેટ્સ તરફ વિશેષ રુચિ ધરાવતા. પોતાનાં પત્ની દેવિકારાણીનાં એમણે અનેક ચિત્રો કર્યાં છે. આવાં ચિત્ર બનાવતાં પહેલાં જે તે વ્યક્તિના આંતરવ્યક્તિત્વને બારબર પામવું જરૂરી હોવાનું એ માનતા હતા, અને આ માટે નિરીક્ષણશક્તિ કેળવવાને તેઓ મહત્ત્વ આપતા હતા. છબિચિત્રને સારી રીતે બનાવવા માટે ચિત્રકારે જે તે પાત્રના આંતરમનની અંદર ઊંડે સુધી ડોકિયું કરવું જોઈએ એમ તે કહેતા. આ રીતે એમણે કરેલાં છબિચિત્રો બેનમૂન રહ્યાં છે.

મોટે ભાગે તેઓ વહેલી સવારે ચિત્રો કરતા. બહુધા વ્યક્તિચિત્રો માટે તેઓ તૈલરંગોનો ઉપયોગ કરતા. આ ઉપરાંત તેઓ બીજા વિષયોનાં ચિત્રો પણ કરતા જ અને તેમાં બહુધા ટેમ્પેરાનો વિનિયોગ કરતા.

પંડિત નેહરુના પરિવાર તથા ડૉ. રાધાકૃષ્ણન જેવા તત્ત્વચિંતક સાથે તેમને સારો ઘરોબો હતો. ટાગોર કુટુંબ તો એમના શ્વસુરગૃહ સમું હતું. એમનો ચાહકવર્ગ પણ વિશાળ હતો. ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'ના માનથી નવાજ્યા હતા.

ચિત્રકાળમાં એમનો વાસ્તવિક આલેખન પ્રતિ વિશેષ લગાવ રહ્યો હતો. આથી એમની ચિત્રકૃતિમાં આધુનિક અમૂર્તકલાની અસર જોવા મળતી નથી. રંગોના સાયુજ્યમાં એમની કલાનું એક નવલું રૂપ પામી શકાય છે. એમની કલ્પનાસૃષ્ટિમાં પણ એક અભિજાત સૌમ્યતા જોવા મળે છે. પિતાની જેમ એમનાં કથન તથા સર્જનમાં હિમાલય પ્રત્યેનો એમનો પ્રેમ પ્રકટ થતો જ રહેતો. ભારતને જ પોતાના દેશ તરીકે સ્વીકારી આજીવન

તેને ચાહનાર આ કલાકારની એક ઇચ્છા પોતાની જન્મભૂમિમાં જ પોતાની અંતિમક્રિયા કરાવવાની હતી, પરંતુ દેવિકારાણીએ રશિયાના દૂતની ઉપસ્થિતિમાં એમની જાગીરમાં એ વિધિ કરાવ્યો હતો. આપણે ઇચ્છીએ કે એમનું પ્રિય ચંદનવન હસ્તગત કરવાના કાવાદાવાઓથી બચી જઈને ચંદનની સુગંધ પ્રસારતું એમનું સુયોગ્ય સ્મારક બની રહે.

ચીનની એક લોકકળા

હાથવણાટના સફેદ કાપડ ઉપર ઘરઆંગણે ઉગાડેલી ગળીમાંથી બનાવેલા ઘેરા ભૂરા રંગની ભાતવાળાં રોજિંદા વપરાશનાં વસ્ત્રો અને ચાદર, રૂમાલ વગેરે જેવી ચીજો એ ચીનની - ખાસ કરીને મધ્ય ચીનની એક જૂની લોકકળા છે.

આ લોકકળાનો ઈતિહાસ આમ ઘણો લાંબો છે. આવાં છાપેલાં વસ્ત્રો તૈયાર કરવાનો વિધિ કંઈક આવો છે :

પ્રથમ જાડો મજબૂત કાગળ પસંદ કરી તેના ઉપર તેલનો એક હાથ ચોપડી દેવામાં આવે છે. પછી એ કાગળમાં કોઈ સુંદર ભાત કોતરવામાં આવે છે. આવી કાગળ-કોતરણી એ તો આમેય ચીનની આગવી હસ્તકળા છે જ. ભાત કોતરી લીધા પછી એ કાગળને સફેદ કાપડ ઉપર મૂકે છે અને પછી તેના ઉપર ચૂના અને સોયાબીનના લોટનું ઘટ્ટ મિશ્રણ ચપ્પુ કે એવા કોઈ સાધન વડે લગાડે છે. અને પછી કાગળ ઉપાડી લે છે. આ મિશ્રણ બરાબર સુકાઈ જાય પછી એ વસ્ત્ર ગળીના રંગમાં બોળી દઈ રંગ ચડાવાય છે. આમાં જ્યાં જ્યાં લોટ-ચૂનાનું મિશ્રણ લાગેલું હોય તે ભાગ કોરો રહી બાકીની ભાતમાં રંગ લાગી જાય છે. રંગ લાગેલું કાપડ સુકાવા દઈને પછી પેલું મિશ્રણ ઉખાડી લે છે. આમ, મિશ્રણ તળેનો ભાગ સફેદ રહી કોરાએલી ભાત પ્રમાણે સુંદર છાપ ઊપસી આવે છે.

બહુધા આમાં ફૂલપાન, પક્ષીપ્રાણી તેમ જ ધાર્મિક સંજ્ઞાઓ વગેરેની ભાત છપાય છે. ક્યારેક એક કરતાં વધારે કાગળ કોરીને પણ ઉપયોગમાં લેવાય છે. સરળ તથા સુંદર આ ક્રિયા આપણે પણ અજમાવી શકીએ. થોડી વધુ ચાતુરી વાપરીને આ ચીની લોકકળાને પ્રયોજી વધુ અટપટી ને ગળીના બદલે બીજા રંગો વાપરીને વધુ સુંદર પરિણામ મેળવી શકીએ. આ અંકના પૂઠા ઉપરની ભાત ચીનની આ લોકકળાનું એક ઉદાહરણ છે. □

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar' as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication . .	Mouthly
3. Printer's Name & Nationality Address	Haresh Patel, Darshan Printers, Computer Typesetting-PRINTOGRAPH 334, Salapas Raod, Ahmedabad-1
4. Publisher's Name & Nationality Address	Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian 1454 Raipur Ahmedabad-1
5. Editor's Name & Nationality Address	Dhiru Parikh, Indian 1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N.Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champaklal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros. 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chembers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan, K. Desai, 47 C.P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Maun Appartments, Near Bhatt Mevada Chhatralaya, Mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (21) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Gopika' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 16) New Cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (27) Hitenkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (28) Rajivkumar B. Trivedi C/o J. A. Trivedi Bros. Balaghat (M.P.) (29) Bhuvnesh M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (30) Nikhilish M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M.P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Ashok B. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 29th day of Feb. 1993

Sd. / A. B. Rawat, Publisher

અતીતમાં અવગાહન

(અત્યારે લગ્નગાળો ચાલે છે ત્યારે સ્વ. ગટુભાઈ ધ્રુવે દર્શાવેલા ખયાલો આજે વિચારવા જેવા છે.)

હિન્દુલગ્નનો ધાર્મિકવિધિ

હિન્દુસમાજમાં લગ્ન એક બહુ અગત્યનો ધાર્મિક સંસ્કાર ગણાય છે. બ્રાહ્મણોમાંની ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં જે ધાર્મિકવિધિ લગ્ન અંગે કરવાનો હોય છે તે સંક્ષેપમાં જોઈએ.

ખરી રીતે તો આ વિધિમાં મોટે ભાગે કન્યાના પિતા અને વર એ બેને જ વેદમંત્રો ઉચ્ચારવાના હોય છે. માત્ર વિવાહ-હોમના મંત્રો મોટે ભાગે લગ્નવિધિ કરાવનાર પુરોહિતને બોલવાના હોય છે. પણ હાલ તો બધું બોલવાનું પુરોહિત જ કરે છે; અને એ પુરોહિતોમાંના પણ નેવું ટકા મંત્રોના અર્થ સમજતા નથી હોતા, એટલે ઉતાવળથી ગાડું ગબડાવ્યે જાય છે.

મૂળ ગુહ્યસૂત્ર નામના વેદના અંગ ઉપરથી આ સર્વ વિધિ થાય છે. આચાર અને લૌકિક રિવાજ તથા ક્રિયાઓનો આ લેખમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

મધુપર્ક : લગ્નવિધિ થયા અગાઉ વર અને કન્યા તેમ જ કન્યાદાન દેનાર માતાપિતા (અગર બીજું કોઈ વડીલ) સ્નાન કરે છે અને લગ્નવિધિને સ્થળે આવીને બેસે છે. કન્યાદાન દેનાર વરને મધુપર્કથી આવકાર દેતાં કહે છે: 'મધુપર્કથી સ્નાતક વરની હું પૂજા કરીશ.'

બ્રહ્મચારીના બે વર્ગ છે : (૧) નૈષ્ઠિક બ્રહ્મચારી - એટલે કે ગુરુને ત્યાં અભ્યાસ પૂરો કરી હમેશ ગુરુને ઘેર રહે અને બ્રહ્મચર્ય જ પાળે તે; (૨) ઉપકુર્વાણ બ્રહ્મચારી-વેદાદિનો અભ્યાસ પૂર કરી, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા પોતાને ઘેર પાછો આવે તે. એ ઉપકુર્વાણ બ્રહ્મચારી પોતાને ઘેર જવા નીકળ્યા પહેલાં ગુરુને ઘેર સ્નાન વગેરેની ક્રિયા કરે ત્યારે તે સ્નાતક કહેવાય. એવા સ્નાતક વરને જ કન્યાદાન દેવાય એવો આર્યોનો નિયમ હતો. અર્થાત્ વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી જ તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી શકે. આ ઉપરથી જણાય છે કે બાળલગ્નો થાય નહિ, અને અભ્યાસ કરતો વિદ્યાર્થી અગર અભણ હોય એવાને કન્યાદાન દઈ શકાય નહીં.

મધુપર્કના વિધિમાં તે જમાનામાં જેમ બીજા માનનીય અતિથિની પૂજા કરવાનો રિવાજ હતો તેમ, સ્નાતકના પગ ધોવા, ચાંલ્લો કરવો, પુષ્પ અને પૂજાની બીજી સામગ્રીથી તેની પૂજા કરે છે; અને પછી મધુપર્ક (એટલે એક પળી ઘી, બે પળી દહીં અને અર્ધી પળી મધનું મિશ્રણ) તેને આપે છે. પછી તે 'ગૌ ગૌ ગૌ' (વર માટે ગાય આણો) એમ મોટેથી બોલે છે; પરંતુ વર કહે છે આ નિર્દોષ ઉપયોગી પ્રાણીને મારશો નહીં, એને છોડી મૂકો, એને ઘાસ આપો. (પૂર્વ કાળમાં ગાયનું માંસ મધુપર્કમાં આપવાનો ચાલ હશે પણ પાછળના આચારને લઈને ગાયને ન મારવાની વિનંતી તે કરે છે.)

કન્યાદાન : પછી કન્યા આવીને વરની જમણી બાજુએ બેસે છે. વરકન્યા બન્ને પૂર્વાભિમુખ બેસે છે. કન્યાદાન દેનાર પિતાની જમણી બાજુએ મા બેસે છે, જે બન્ને ઉત્તરાભિમુખ બેસે છે. પિતા વર તથા કન્યાની પૂજા કરે છે અને બ્રાહ્મણોના આશીર્વાદ દેવાય છે. કન્યાનો પિતા કન્યાદાનનું નિવેદન કરે છે. કન્યાને વસ્ત્રાભૂષણથી શણગારેલી હોય છે અને તેને અમુક ભેટ આપવામાં આવે છે. બે જોડ કપડાં અને પગરખાં વરને પણ આપવાનાં હોય છે. પિતા 'હવે કન્યા મારી નથી' એમ કહી કન્યાનો જમણો હાથ વરના જમણા હાથમાં મૂકે છે. તે બે હાથની વચ્ચે દર્ભની એક સળી મૂકે છે. વરની માતા આ દાનને અનુમોદન આપે છે. પિતા કહે છે આ દાનનું પુણ્ય મને થાય. માતા કહે છે : 'મયાપિદત્તા'. આ પછી દર્ભની સળી લઈ લેવામાં આવે છે.

પછી અનામિકા આંગળીથી કન્યાના જમણા ખભાને અડકી વર કહે છે : 'આ કન્યાને કોણ આપે છે, કોને આપે છે ? કામ આપે છે, કામને આપે છે, કામ આપનાર છે, કામ પ્રતિગ્રહણ કરનાર છે. કામ, આ સહુ તારું છે.' આ વાક્યનું તાત્પર્ય એ છે કે આ બધું પ્રેમનું સામ્રાજ્ય છે, પ્રેમ આપનાર છે, લેનાર છે; આ સર્વ પ્રેમનો મહિમા છે.

કૌતુકગૃહ : કન્યાદાનનો વિધિ પૂરો થયા પછી વરકન્યા ઘરમાં જ્યાં ગણપતિ તથા લગ્નમંડપ વગેરેનું ભીંત ઉપર આલેખન કરેલું હોય છે ત્યાં જાય છે. (આ સ્થળને હાલ 'કોબું' કહેવામાં આવે છે.) ત્યાં વરકન્યા એકબીજાને મીંઢળ બાંધે છે અને અન્યોન્ય આંખમાં કાજળ આંજે છે, તથા વર કન્યાને આરસી આપે છે. પછી કન્યાનો ઘૂમટો વર ઉઘાડી દે છે અને તેને હારડો (ટોપરાં, ડાંગર, ખારેક વગેરેનો બનાવેલો) પહેરાવે છે. વરને માથે મુકુટ મૂકવામાં આવે છે. પછી વરકન્યા પાછાં વિવાહ-હોમ વિધિ માટે ચોરીમાં આવે છે.

વિવાહહોમ : ત્યાં વરને ઊંચા આસન ઉપર બેસાડવામાં આવે છે અને તેની સાથે કન્યા વરની જમણી બાજુએ બેસે છે. પાસે વેદિમાં અગ્નિ પ્રદીપ્ત કરવામાં આવે છે. તેમાં ઘી નાખના કંઈ હોમની ક્રિયા કરવામાં આવે છે. કન્યાના પિતા અથવા ભાઈ કન્યાના માથા પર થોડું ઘી નાખે છે અને કહે છે : 'સાસરામાં રાજ્ય કરનારી થજે, સસરા પર રાજ્ય કરનારી થજે, સાસુ પર રાજ્ય કરનારી થજે, નણંદ પર રાજ્ય કરનારી થજે, જેઠ તથા દિયર પર રાજ્ય કરનારી થજે.' તે પછી વર કન્યાનો હાથ પકડી કહે છે : 'હું તારો સ્વીકાર કરું છું જેથી તું મને તારો પતિ માની મારી સાથે રહે. તને દેવોએ મને આપી છે જેથી હું ગૃહસ્થ બનું.' વળી વર કહે છે : 'જેમ "સામ" શબ્દમાં "સા અને મ" એક બીજા સાથે જોડાયેલા અને એકબીજાના આધારભૂત અક્ષરો છે તેમ આપણે બન્ને એકબીજા સાથે જોડાયેલાં અને એકબીજાંનાં આધારભૂત છીએ.'

પછી વરકન્યા અગ્નિની આસપાસ ચાર વખત પ્રદક્ષિણા કરે છે. પ્રદક્ષિણાં શરૂ થાય ત્યાં એક પથરો મૂકવામાં આવે છે તેના પર કન્યા પગનો અંગૂઠો મૂકે છે, ને એ રીતે ફેરો શરૂ કરવામાં આવે છે. વર કહે છે : 'આ પથ્થર જેથી તું સ્થિર થજે.' વર આ દરેક વખતે કન્યા પાસે અગ્નિમાં આહુતિ મુકાવે છે અને કહે છે : 'આ સ્ત્રી પ્રાર્થના કરે છે કે હું વરના કુટુંબમાં કલ્યાણકારી થાઉં ને મારા પતિ દીર્ઘાયુષી થાય.'


સપ્તપદી : આ મહત્ત્વની વિધિમાં ચોખાની સાત નાની ઢગલી થોડેથોડે છેટે કરવામાં આવે છે. વર કન્યાનો હાથ ઝાલી દરેક પર તેનો પગ મુકાવે છે અને કહે છે : 'પહેલું પગલું ભર અને મારા જલપાનની ભાગિયણ બન; બીજું પગલું ભર અને

(અનુસંધાન પાન ૯૯ ઉપર)

સાહિત્યસંપર્ક

ભોળાભાઈ પટેલને સાહિત્ય અકાદમી એવૉર્ડ

પ્રસાદ બ્રહ્મભટ્ટ



સુપ્રસિદ્ધ નિબંધકાર, વિવેચક અને અનુવાદક ભોળાભાઈ પટેલને તેમના ભ્રમણવૃત્ત 'દેવોની ઘાટી' માટે ૧૯૯૨નો રાષ્ટ્રિય સાહિત્ય અકાદમીનો એવૉર્ડ એનાયત થયો છે.

ભોળાભાઈ શંકરભાઈ પટેલનો જન્મ ૭મી ઑગસ્ટ ૧૯૩૪ના રોજ તેમના વતન મહેસાણા જિલ્લાના સોજા ગામે થયો હતો. ૧૯૫૨માં તેઓ એસ.એસ.સી. અને ૧૯૫૭માં બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી બી.એ. તથા ૧૯૬૦માં હિન્દી-સંસ્કૃત વિષયો સાથે એમ.એ. થયા. ૧૯૭૦માં તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી અંગ્રેજી-ભાષા વિજ્ઞાન વિષયોમાં પુનઃ એમ.એ. કર્યું. ૧૯૭૮માં હિન્દીમાં 'અજ્ઞેય: એક અધ્યયન' વિષય પર તેમણે પીએચ.ડી. કર્યું.

ભોળાભાઈ ૧૯૬૦ થી '૬૯ દરમ્યાન અમદાવાદની સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજમાં હિન્દીના અધ્યાપક રહ્યા. ૧૯૬૯માં તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં હિન્દીના વ્યાખ્યાતા તરીકે જોડાયા. ૧૯૮૦માં તેઓ રીડર થયા અને ૧૯૮૭માં પ્રોફેસર. ત્યારથી તેઓ હિન્દી વિભાગના અધ્યક્ષ રીકે કામ કરે છે. ૧૯૮૩-૮૪ દરમ્યાન તેઓ વિશ્વભારતી, શાંતિનિકેતનમાં તુલનાત્મક ભારતીય સાહિત્યના ફેલો હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી પણ તેઓ રહી ચૂક્યા છે.

ભોળાભાઈ ઈ. ૧૯૭૨માં 'સુરદાસની કવિતા' નામક પરિચય પુસ્તિકાથી વિવેચનક્ષેત્રે પ્રવેશ કરે છે. બીજા વર્ષે (૧૯૭૩માં) તેમનો પ્રથમ વિવેચનસંગ્રહ 'અધુના' અને 'ભારતીય ટૂંકી વાર્તા' બહાર પડે છે. તે પછી 'પૂર્વાપર' (૧૯૭૬), 'કાલપુરુષ' (૧૯૭૯) અને 'આધુનિકતા અને ગુજરાતી કવિતા' (૧૯૮૭) પ્રકટ થાય છે. આ ગ્રંથો ભોળાભાઈના વિવેચક તરીકેના પાસાને સુપેરે પ્રકટ કરે છે.

વિવેચનામાં ભોળાભાઈની સમતોલ દૃષ્ટિ અને સ્વસ્થ અભિગમ ધ્યાનાકર્ષક છે. તેઓ ક્યારેય આત્યંતિકતામાં સરી પડતા નથી. આ વિવેચન સંગ્રહોમાંથી તેમની એક સ્વચ્છ સન્નિષ્ઠ અભ્યાસી તરીકેની પ્રતિમા ઊપસી આવે છે. અંગ્રેજી, જર્મન, હિન્દી, મરાઠી, બંગાળી, ઓડિયા, અસમિયા વગેરે ભાષાસાહિત્યનો એમનો અભ્યાસ એમના વિવેચનને તુલનાત્મક બનાવે છે તો એમની ઊંડી રસજ્ઞતા અને સહૃદયતા તેને શુષ્ક થતું અટકાવી આસ્વાદ્ય બનાવે છે. બહુશ્રુત અભ્યાસવૃત્તિને કારણે એમની રુચિદૃષ્ટિમાં ઔદાર્ય અને આભિજાત્ય સહજપણે પ્રકટ્યાં છે.

અનુવાદક તરીકેની ભોળાભાઈની કામગીરી પણ ઉલ્લેખનીય છે. એમણે વિનાયક આઠવલેકૃત 'વિષ્ણુ દિગમ્બર' (૧૯૬૭), ગોપાલસિંગકૃત 'ગુરુ નાનક' (૧૯૬૯), મહેશ્વર નેઓગ કૃત 'શંકર દેવ' (૧૯૭૦), જીવનાનંદ દાસકૃત કાવ્યસંગ્રહ 'વનલતા સેન' (૧૯૭૬), સુનીલ ગંગોપાધ્યાયની નવલકથા 'સ્વર્ગની નીચે મનુષ્ય' (૧૯૭૭), બુદ્ધદેવ બસુ રચિત નાટક 'તપસ્વી અને તરંગિણી' (૧૯૮૨), સુકુમાર સેન લિખિત 'બંગાળી સાહિત્યના ઈતિહાસની રૂપરેખા' (૧૯૮૨)ના અનુવાદો આપ્યા છે. આ ઉપરાંત તેમણે રઘુવીર ચૌધરી સાથે ઉમાશંકર જોશીકૃત કાવ્યસંગ્રહો 'પ્રાચીના' (૧૯૬૮) અને 'નિશીથ' (૧૯૬૮)ના હિન્દી અનુવાદ તથા સુમિત્રાનંદ પંતના કાવ્યસંગ્રહ 'ચિદંબરા' (૧૯૬૯)નો ગુજરાતી અનુવાદ કર્યો છે. નગીનદાસ પારેખ તથા અન્ય અનુવાદકો સાથે મળીને એમણે રવીન્દ્રનાથ ઠાકુરકૃત 'ગીતપંચશતી' (૧૯૭૮)ને ગુજરાતીમાં ઉતારી છે. ભોળાભાઈ અનુવાદમાં બહુ છૂટ લેતા નથી અને મૂળ કૃતિને વફાદાર રહેવાનો પ્રયાસ કરે છે. છતાં તેમના અનુવાદ તરજુમિયા બન્યા નથી. તેમના મોટા ભાગના અનુવાદો એકંદરે પ્રવાહી, સુરેખ અને આસ્વાદ્ય બન્યા છે.

ભોળાભાઈએ પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કરેલ શોધપ્રબંધ 'અજ્ઞેય : એક અધ્યયન' ૧૯૮૩માં ગુજરાત યુનિવર્સિટીએ પ્રકટ કર્યો છે. આ શોધપ્રબંધમાં એમણે અજ્ઞેયના સર્જનાત્મક સાહિત્યનું આધુનિકતા તથા પાશ્ચાત્ય પ્રભાવોના પરિપ્રેક્ષ્યમાં અધ્યયન રજૂ કર્યું છે. એમણે 'રવીન્દ્રનાથની સાહિત્યસૃષ્ટિ', 'અજ્ઞેય' તથા 'ઉમાશંકર જોશી' નામક પરિચય પુસ્તિકાઓ પણ લખી છે.

પ્રથમ નિબંધસંગ્રહ 'વિદિશા' (૧૯૮૦)ના પ્રાકટ્ય સાથે ભોળાભાઈ પટેલ સર્જનાત્મક સાહિત્યક્ષેત્રે પદાર્પણ કરે છે. ૧૯૮૫માં તેઓ બીજો નિબંધસંગ્રહ 'કાંચનજંઘા' તથા ૧૯૯૨માં લગભગ એક સાથે બે સંગ્રહો 'બોલે ઝીણા મોર' તેમજ 'શાલભંજિકા' આપી ગુજરાતી સાહિત્યમાં મોટા ગજાના નિબંધકાર રીકે પ્રતિષ્ઠિત થાય છે.

'વિદિશા'ની અગિયારે રચનાઓમાં લેખકનું પરિભ્રમણ નહીં પણ સૌંદર્યભ્રમણ વિશેષ ધ્યાનાકર્ષક બને છે. પ્રવાસ, પ્રસંગ, સ્થળ વગેરે તો નિમિત્ત બની રહે છે. સર્જકની રસિકતા સંગ્રહની મોટા ભાગની રચનાઓનું ચાલકબળ બની છે. 'વિદિશા' અને 'માંડુ' સંગ્રહની ઉત્તમ કૃતિઓ છે. ભોળાભાઈની સર્જકતાના ઉન્મેષો આ કૃતિઓમાં અનુભવાય છે. લેખક કાલિદાસીય સૌંદર્યસૃષ્ટિ અને પ્રાચીન ઈતિહાસના ગૌરવનાં આહ્લાદક સંવેદનોની મનોહર ભાત પર સાંપ્રતની અતિ તુચ્છ, કર્કશ વાસ્તવિકતાઓને ઉપસાવીને આકર્ષક વિરોધાભાસ ખડો કરે છે. 'વિદિશા'ના પ્રવાસ નિબંધો એક પરિષ્કૃત રુચિવાળા સમૃદ્ધ વ્યક્તિત્વ સાથે ભાવકોનો સંબંધ ઉત્કટપણે જોડી આપે છે. 'વિદિશ'માં ભોળાભાઈ કાવ્ય-ઈતિહાસશબલિત

પ્રવાસકથન દ્વારા રસાભિવ્યક્તિ કરવામાં મહદંશે સફળ નીવડ્યા છે.

'કાંચનજંઘા'ના પૂર્વાર્ધના નિબંધોમાં પણ પ્રમુખ સંવેદના ભ્રમણની છે. અલબત્ત, આ નિબંધોનું આંતરબાહ્ય સ્વરૂપ 'વિદિશા'ના નિબંધો કરતાં ભિન્ન છે. 'કાંચનજંઘા'ના અધિકાંશ નિબંધો પત્રકારત્વની પેદાશ છે. છેલ્લા બે સંગ્રહોના નિબંધો પણ આ પ્રકારના છે. સમાચારપત્રની સાપ્તાહિક પૂર્તિ માટે લખાયેલા આ નિબંધો લેખકને સોંપવામાં આવેલ કોલમની નિશ્ચિત લંબાઈને ખ્યાલમાં રાખીને અને મહદંશે મર્યાદિત સમયગાળામાં તૈયાર કરવામાં આવ્યા છે એ કારણે મોટા ભાગના નિબંધોનું પોત પાતળું પડે એ સ્વાભાવિક ગણાય. અલબત્ત, લેખક સભાન નિબંધકાર છે, ધંધાદારી પત્રકાર નહીં. તેથી તેમણે નિબંધલેખન પાછળ ઠીકઠીક જહેમત ઉઠાવી છે અને કેટલાક નિબંધોને ગ્રંથસ્થ કરતાં પહેલાં પરિમાર્જિત પણ કર્યા છે. તેને લીધે પત્રકારત્વની પેદાશ હોવા છતાં નિબંધોમાં સાહિત્યિક સુષમાનો સંસ્પર્શ અનુભવાય છે. સૌંદર્યબોધ કરવો અને કરાવવો એ જાણે આ નિબંધોમાં લેખકનો ઉપક્રમ હોય એવું લાગે. લેખકની બહુશ્રુતતા સાહિત્યપૂરતી મર્યાદિત નથી. ઈતિહાસ, ભૂગોળ, શિલ્પ, સ્થાપત્ય, પુરાતત્ત્વ, નૃત્ય, સંગીત એમ અનેકવિધ વિષયોની વત્તી ઓછી જાણકારી લેખકને છે અને તે યોગ્ય સ્થળે મહદંશે ઉચિત રીતે વ્યક્ત થઈ છે. નિમિત્ત મળતાં જ ભોળાભાઈનો ભીનરી રસકોષ છલકાઈ ઊઠે છે. વર્ણ્ય વિષય સંબંધિત ઉદ્ધરણો, અધ્યાસો ગૂંથાવા લાગે છે અને લેખકની વિદગ્ધતા પ્રકટવા માંડે છે. ભિન્ન ભિન્ન દેશકાળના સર્જકોનાં અવતરણો, સંદર્ભો અકુતોભય આવતાં જાય છે અને રચનાને વિશિષ્ટ સાહિત્યિક પરિમાણ બક્ષે છે. નિબંધોમાં અનુભવાતી સર્જકની ઉપસ્થિતિમાં તેને અંગત નિબંધ બનાવે છે. ચારે સંગ્રહની રચનાઓને એક તાંતણે ગૂંથનાર અને તેને આકાર આપનાર તત્ત્વ છે લેખકનું પ્રસન્નમધુર, વિદગ્ધ, રસિક, મુગ્ધ, સ્વપ્નિલ વ્યક્તિત્વ અને પ્રેમસૌંદર્યની ખોજ. કલ્પનાની રમણીય છટાઓ, પ્રાસાદિક સુકુમાર ગદ્ય ભોળાભાઈની અનેક કૃતિઓને લલિત નિબંધની કોટિએ પહોંચાડે છે.

ભોળાભાઈએ પ્રવાસનિબંધોની સાથે કેટલાંક ભ્રમણવૃત્ત (Travelogue) પણ લખ્યાં છે. ભ્રમણવૃત્ત પૈકી 'પૂર્વોત્તર' (૧૯૮૧), 'રાધે તારા ડુંગરિયા પર' (૧૯૮), 'દેવોની ઘાટી' (૧૯૮૯) તથા 'દેવતાત્મા હિમાલય' (૧૯૯૦) પ્રકટ થયાં છે. 'યુરોપ-અનુભવ' પ્રકટ થવામાં છે.

'પૂર્વોત્તર'માં ઈશાન ભારતના સાત પ્રદેશનું ભ્રમણવૃત્ત પ્રાપ્ત થાય છે. અસમનું વૃત્ત સૌથી વધુ જગ્યા રોકે છે. 'દેવતાત્મા હિમાલય'ના બંને ખંડોમાં ભુવનમનમોહિની ભારત માતાની શોભાની વાર્તા છે. સ્વાભાવિક રીતે જ તેમાં હિમાલયનું વૃત્ત પ્રાધાન્ય ધરાવે છે. લેખકને પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત કરવામાં નિમિત્ત બનેલ 'દેવોની ઘાટી' પણ ચાર ખંડમાં વિભક્ત છે : સિમલા ડાયરી, દેવોની ઘાટી, કેરલ પત્રમ્ અને કૂડલ સંગમ દેવ. પ્રથમ બે ખંડોમાં લેખકે રોજનીશીનું સ્વરૂપ રાખ્યું છે જ્યારે છેલ્લા બે ખંડોમાં પત્રોનું સ્વરૂપ. આ બંને સ્વરૂપોમાં અનૌપચારિક્તા, આત્મીયતાનો સ્પર્શ અનુભવાય છે.

પ્રત્યેક ભ્રમણવૃત્તમાં ધ્યાન ખેંચી રહે છે લેખકની સૌન્દર્યરાગી દૃષ્ટિ. સૌન્દર્યદૃષ્ટિ હોય તો એ સૌન્દર્ય માણી શકાય, સર્ગશક્તિ હોય તો તેને આલેખી શકાય. ભોળાભાઈ પાસે આ બંને છે. ભોળાભાઈની આ ભ્રમણવૃત્તોની ભાષાશૈલી રોજનીશીના ગદ્યને અનુરૂપ એકંદરે પ્રવાહી પ્રાસાદિક છે. કેટલીક નોંધોમાં તત્ક્ષમતાનો સ્પર્શ પણ અનુભવાય છે. તત્સમ, તદ્ભવ, દેશ્ય, અંગ્રેજી, બંગાળી આદિ શબ્દોનો વિનિયોગ ક્યારેક તેમની શૈલીને શરબતી રંગ આપે છે. રોજનીશીના ગદ્યમાં આ બધું અમુક અંશે નિર્વાહ્ય પણ લેખી શકાય. લેખકે સ્વયં કહ્યું છે તેમ તેમનાં ભ્રમણવૃત્ત પ્રવાસીની આંતરચિત્રણા સવિશેષ છે. પરંતુ પ્રવાસી એક પ્રબુદ્ધ, બહુશ્રુત સાહિત્યકાર પણ છે. તેથી આ આંતરચિત્રણા અનેક સંદર્ભોથી ખચિત બની છે. આ બધા સંદર્ભો આ વૃત્તને સાહિત્યિક પરિવેશમાં મૂકી આપે છે અને છતાં આ વૃત્તની વિશેષતા એ છે કે તે માત્ર સાહિત્યિક કે સાંસ્કૃતિક વૃત્ત બની રહેતું નથી. કાકાસાહેબ કાલેલકર પછી મોટા અંતરાલ બાદ આપણને સંતર્પક પ્રવાસસાહિત્ય ભોળાભાઈ પટેલ પાસેથી સાંપડ્યું છે. □

સાહિત્યિક સંજ્ઞાઓ

પોઅટિક/ક્સ (કાવ્યાદર્શ/કાવ્યશાસ્ત્ર)

દિગીશ મહેતા

ઇંગ્લિશ સંદર્ભમાં 'પોઅટિક' અને તેની સમાન સંજ્ઞા 'પોઅટિક્સ' કુશલ કલમે લખાયલી સામગ્રીમાં ખૂબ જ ખૂબીથી ધ્વનિસભર રીતે પ્રયોજાય છે. 'પોઅટિક' સંજ્ઞા તેના પ્રાથમિક અર્થમાં તો વિશેષણ તરીકે વપરાય છે, જેમ કે આ કે તે વર્ણન કે શૈલી પોઅટિક એટલે કે કાવ્યાત્મક છે. પણ આ ઉપરાંત પોઅટિક સંજ્ઞા નામ તરીકે પણ પ્રયોજાય છે, જેમ કે વર્ડ્ઝવર્થ કે એલિયટનું પોઅટિક.

આવા વિશિષ્ટ અર્થમાં પોઅટિક માટે ગુજરાતીમાં તેનો સચોટ પર્યાય મળવો કદાચ અશક્ય છે. વર્ડ્ઝવર્થનું કે એલિયટનું કે અમુક ચોક્કસ એક કવિનું પોઅટિક એટલે તે કવિનું આગવું, પોતીકું કાવ્યદર્શન, કહો કે તેનો કાવ્યાદર્શ, તેને મતે કાવ્ય કોને કહેવાય, તેનાં લક્ષણો કયાં, તેનું પ્રયોજન શું, વગેરે બધા જ સંબંધિત મુદ્દાઓ વિશે, જે તે કવિનો અમુક ચોક્કસ બંધાયેલો અભિગમ. સામાન્ય શબ્દમાં મૂકીએ તો કંઈક એ સમજ કે આ કે તે કવિ, પછી તે ટૉમ ગન હોય કે ફિલિપ લાર્કીન હોય, પણ તે કવિ આ રીતે અને આ જ રીતે કાવ્ય, પોતાની કવિતા, લખે છે કેમ કે કાવ્ય વિશે, કવિતા વિશે તેમની વિશિષ્ટ દૃષ્ટિ, તેમની સમજ, આ પ્રકારનાં છે. આ આખીય દૃષ્ટિ એ એમનું પોઅટિક છે.

કવિઓના વૈયકિતક પ્રદાનની ચર્ચામાં તેમના આ પોઅટિકનો ઉલ્લેખ આવતો રહેતો હોય છે. અહીં પણ પરિસ્થિતિઓ વિવિધ રીતની હોય છે. વર્ડ્ઝવર્થ કે કોલરિજનું પોઅટિક તેમના ગદ્યમાં સભાન રીતે આલેખાયેલું છે. એ જાણીતું છે કે વર્ડ્ઝવર્થે તેમના પ્રેફેસમાં અને કોલરિજે તેમના 'બાયોગ્રાફિઆ લિટરેરિઆ'માં સંગૃહીત લખાણોમાં કાવ્યની વ્યાખ્યા, કવિ કોને કહેવો, કાવ્યની ભાષા, કાવ્યમાં વ્યક્ત થતી સર્ગશક્તિ - એ બધા વિષયો પર વિશદ એવી સિદ્ધાંતચર્ચા કરી છે.

શબ્દકથા

વાર્તા

આજે આપણે 'વાર્તા' શબ્દનો સામાન્ય અર્થ 'કથા' (અં.સ્ટોરી) તરીકે સ્વીકારેલ છે, પણ પ્રાચીન કાળમાં ખાસ તો કૌટિલ્ય (ઈ. પૂ. ૩જી સદી)ના સમય દરમ્યાન તે એક વિશિષ્ટ અર્થમાં પ્રયોજાયેલો જોઈ શકાય છે. આજના 'રાજ્ય' (સ્ટેટ) જેવો પ્રાચીન શાસનપ્રકાર 'જનપદ' હોવાનું મનાય છે. અલબત્ત, આ બન્ને એક તો નથી જ. આ 'જનપદ'ના કૌટિલ્યે બે પ્રકાર ગણાવ્યા છે : (૧) સંઘશાસનવાળું જનપદ અને (૨) રાજતંત્રવાળું જનપદ. આમાંના પ્રથમ પ્રકારના પુનઃ બે પેટા પ્રકાર પણ છે : (૧) વાર્તા - શસ્ત્રોપજીવી અને (૨) રાજશબ્દોપજીવી. જનપદઃ काम्भोज सुराष्ट्र क्षत्रियश्रेण्यादयो वार्त्ताशास्त्रोप–जीवि । (અર્થશાસ્ત્ર ૧૧-૧). અર્થાત્ કામ્ભોજ, સુરાષ્ટ્ર, ક્ષત્રિય, શ્રેણી વગેરે વાર્તાશસ્ત્રોપજીવિ. અહીં 'વાર્તા'નો અર્થ કૃષિ, પશુપાલન, વાણિજ્ય (વેપાર) ઇત્યાદિ થાય છે. આમ, જે જનપદવાસી ઉક્ત ત્રણથી જીવનનિર્વાહ ચલાવતા હોય તેમ જ આત્મરક્ષણ માટે શસ્ત્ર પણ ધારણ કરતા હોય તેને વાર્તાશસ્ત્રોપજીવિ કહેવાય. આમ, વર્તમાન 'વાર્તા'થી તદ્દન ભિન્ન પ્રકારનો અર્થ પ્રકટ થાય છે. □

હસમુખ વ્યાસ

પણ આથી આગળ ચાલી કવિનો આ કાવ્યાદર્શ એ સ્પષ્ટ નહિ પણ નિહિત હોય એમ પણ શક્ય છે. દરેક કવિ એ વિવેચક કે સિદ્ધાંતચર્ચામાં નિષ્ણાત ન પણ હોય. તે છતાં તેના પત્રોમાંથી કે તેનાં બહોળાં વિધાનોમાંથી કે તેણે આપેલી મુલાકાતોના હવાલા પરથી તેનો કવિતાનો ખ્યાલ આંકી શકાય. વળી, તેની કાવ્ય લખવાની રીતિ પરથી પણ તેના આ વિશેના અભિગમને, તેના પોઅટિકને અટકળી શકાય.

'પોઅટિક' સંજ્ઞા ખાસ કરીને મોડર્ન કવિતાના સંદર્ભમાં વધુ વપરાતી જોવા મળે છે, દાખલા તરીકે સી. કે. સ્ટેડ નામના વિદ્વાનનો સારો એવો પ્રભાવશાળી એક અભ્યાસ છે, જેનું શીર્ષક છે 'ધ ન્યૂ પોઅટિક' એટલે કે નવ્ય કાવ્યાદર્શ, જેમાં 'ટ્રૅડિશન' એટલે કે પરંપરા કે 'ઑબ્જેક્ટિવ કૉરિલેટિવ' એટલે કે વસ્તુગત પ્રત્યક્ષ જેવી મોડર્નિસ્ટ સંજ્ઞાઓના આખાય સંકુલની આસપાસ અનેક સાહિત્યિક તેમજ સાહિત્યેતર પ્રવાહોની અસર નીચે કેવી રીતે એક આખુંય નવ્યકાવ્યદર્શન રચાઈ પ્રભાવક બન્યું, તેની ચર્ચા કરાઈ છે.

પણ અહીં ગૃહીત એ છે કે કવિએ કવિએ અને સમયે સમયે કાવ્ય વિશેની વિભાવના બદલાતી જાય છે અને એ વિભાવના જાણે-અજાણે કવિતાના લેખનને આખરે તો ઘડે છે.

આથી જુદું 'પોઅટિક્સ' સંજ્ઞા ઍરિસ્ટોટલના ગ્રંથના સંદર્ભમાં વપરાય છે, ઍરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર એ અર્થમાં.

કંઈક આવી જ દ્વિધા 'ઇસ્થટિક' અને 'ઇસ્થટિક્સ' સંજ્ઞાઓના વપરાશમાં વ્યક્ત થતી જોવા મળે છે. આમાં 'ઇસ્થટિક્સ'નો પર્યાય તો સૌંદર્યશાસ્ત્ર સંજ્ઞામાં મળી રહે છે. આમ, જો જર્નલ ઑફ આર્ટ ઍન્ડ 'ઇસ્થટિક્સ' છે તો તેમાં મુખ્યત્વે સૌંદર્યશાસ્ત્રના વિષયો ચર્ચાતા રહેવાના. સૌંદર્યશાસ્ત્ર, 'ઇસ્થટિક્સ' એ સ્પષ્ટતયા ફિલસૂફીની શાખા છે, અને એમાં કવિતા ઉપરાંત સ્થાપત્ય કે શિલ્પ જેવી અન્ય કલાઓનો પણ સમાવેશ થાય છે. આ સામે 'પોઅટિક્સ' ભલે સિદ્ધાંતચર્ચા સાથે સંકળાયેલી સંજ્ઞા છે, પણ તે પોઇટ્રિ એટલે કે કવિતા અને સાહિત્યને અનુલક્ષીને ચાલતી સિદ્ધાંતચર્ચાના સંબંધમાં વપરાય છે. 'પોઅટિક' સંજ્ઞાને સમાંતર 'ઇસ્થટિક' સંજ્ઞા વિશેષણ તરીકે મુખ્યતઃ વપરાય છે, જ્યાં તેનો કલાગત, કલાધર્મી એવ અર્થ નીપજે છે, જેમ કે આ કે તે સંસ્પર્શની 'ઇસ્થટિક ઇફેક્ટ', એટલે કે કલાગત અસર કે તે રીતની છે, એમ પ્રયોગ થાય છે.

'ઇસ્થીટ' કે 'ઇસ્થીટ્સ' શબ્દ આથી સ્વતંત્ર રીતે પણ પ્રયોજાય છે. ઓગણીસમી સદીના અંતના દશકમાં ઑસ્કર વાઈલ્ડના નામ સાથે સંકળાયેલી 'કલા ખાતર કલા'ની જે આખીય હલચલ હતી તેમાંની મુખ્ય પ્રતિભાઓને 'ઇસ્થીટ્સ' તરીકે ઓળખાવાય, જેમાં નીતિમૂલક બંધનોથી મુક્ત, કલાનુભવ કેન્દ્રી, કંઈક અંશે અતિરેકભર્યાં, જરાક જોખમી વલણોના સંકુલને નિર્દેશવામાં આવે છે.

અનુસંધાન] અતીતમાં [પૃ. ૯૬ પરથી


મારા અનાજ તથા ખોરાકની ભાગિયણ બન; ત્રીજું પગલું ભર અને મારાં ધન તથા માલમિલકતની ભાગિયણ બન; ચોથું પગલું ભર અને મારા આરોગ્યની ભાગિયણ બન. પાંચમું પગલું ભર અને મારાં ઢોરઢાંખરની ભાગિયણ બન; છઠું પગલું ભર અને દરેક ઋતુમાં મારી સોબતી બન; સાતમું પગલું ભર અને મારી સખી બન.' આ સાથે લગ્નવિધિ પૂરો થાય છે.

આ વિધિનો વિચાર કરતાં જણાશે કે આર્ય લોકોએ લગ્નને કેવો ઉન્નત અને પવિત્ર સંસ્કાર ગણ્યો હતો. 'આ સર્વ પ્રેમનું સામ્રાજ્ય છે' વગેરે બોલનાર વર બાળક કે કિશોર તો ન જ હોય. કન્યાનું સાસરામાં કેવું ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે ! સાસરા પક્ષની તે દાસી નથી પણ તેમાં તેનું પ્રતિષ્ઠિત સ્થાન છે. વરની તે 'સખી' છે, રાંધનારી અને કેવળ પ્રજા ઉત્પન્ન કરનારી નથી.

આ વિધિ હાલ તો પરણનારાં, કન્યાદાન દેનારાં અને પુરોહિતો પણ સમજ્યા વિના ચલાવ્યે જાય છે, પરંતુ એ જીવનનો અતિ ગંભીર પ્રસંગ છે. આ બધો વિધિ સંસ્કૃતમાં હોવાથી કોઈ સમજતું નથી, તો પછી એ ગુજરાતીમાં કરવામાં આવે એ વધારરે ઇષ્ટ નથી ? મધુપર્કના વિધિમાં વરની પૂજા - પાદપ્રક્ષાલન વગેરે - નો વિધિ છોડી દેવો જોઈએ. એ વિધિ વરના પિતાને અપમાનજનક લાગે છે.

કન્યાદાનનો વિધિ પણ આ જમાનામાં અસ્થાને છે. કન્યા કોઈ દાન આપવાનો પદાર્થ કે પ્રાણી હોય એવો ભાવ દર્શાવે છે તેથી તે રદ કરવાની જરૂર છે. કન્યા સાથે લગ્ન કરવામાં વર કન્યાના પિતા પર મોટો ઉપકાર કરે છે એવી લઘુગ્રન્થિ દૂર થવી જોઈએ. આજના જમાનામાં યુવક-યુવતી પોતે જાતે જ પોતાને કરવાનો વિધિ કરે એ જરૂરનું છે. પરંતુ હિંદુ લગ્ન કાયદા પ્રમાણે 'કન્યાદાન', 'વિવાહ-હોમ' વગેરે આવશ્યક ગણવામાં આવ્યા છે એટલે એ કાયદામાં ફેરફાર ન થાય ત્યાં સુધી એ બધું કરવાની જરૂર રહે છે. - ગ. ગો. ધ્રુ.

('કુમાર' સળંગ અંક ૪૮૧માંથી)




ફાલ્યાં ફૂલ્યાં છે તારાં વન, હો વસંતરાજ,
આપે તો એક ફૂલ આપજે,
મારે તો એક ફૂલ ગ્રાઝું, વસંતરાજ,
સૌને વસંત તારી આપજે.

સુન્દરમ્


ડૉ. દોલતસિંહ (ડી.એસ.) કોઠારી

ગત સદીનું સંસ્કૃત વિદ્યાધામ જેવું કાશી તેવું વિજ્ઞાનધામ કલકત્તા. સ્વાતંત્ર્ય પૂર્વે કલકત્તાએ જગદીશચંદ્ર બોઝ, સત્યેન્દ્રનાથ બોઝ, મેઘનાદ સહા અને ચંદ્રશેખર રામન જેવા કેટલાક ખ્યાતનામ ભૌતિકશાસ્ત્રીઓની ભારતને ભેટ આપી. સ્વાતંત્ર્યોત્તર કાળમાં દિલ્હી, મુંબઈ, બૅંગ્લોર અને અમદાવાદે અનુક્રમે ડૉ. ડી. એસ. કોઠારી, રાજા રમન્ના, હોમીભાભા, એમ.જી.કે મેનન અને વિક્રમ સારાભાઈ જેવા ભૌતિકશાસ્ત્રીઓ આપ્યા.

ડૉ. ડી. એસ. કોઠારીનો જન્મ ૬-૭-૧૯૦૬ના રોજ ઉદેપુર ખાતે થયો હતો. તેમણે ઉદેપુર અને ઈંદોર ખાતે શાલેય શિક્ષણ લીધું. ઉચ્ચ શિક્ષણ માટે તેમણે અલ્હાબાદ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. ભૌતિકશાસ્ત્રના વિષયમાં એમ.એસસી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. અહીં ડૉ. કોઠારીને જગજાણીતા ન્યૂક્લિઅર અને ખગોળભૌતિકશાસ્ત્રી મેઘનાદ સહાના વિદ્યાર્થી બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. ત્યારબાદ તે આધુનિક ભૌતિકશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસાર્થે કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં દાખલ થયા, જ્યાંથી તેમણે પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. અન્ય થોડાક ભારતીય વિજ્ઞાનીઓની જેમ વિદેશને પોતાનું વતન ન બનાવતાં ડૉ. કોઠારીએ સ્વદેશાગમન કર્યું અને દિલ્હી યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના રીડર તરીકે જોડાયા. ત્યારબાદ પ્રાધ્યાપક અને તે જ વિભાગના અધ્યક્ષ તરીકે વર્ષો સુધી સેવાઓ આપી. દિલ્હીમાંથી ભૌતિકશાસ્ત્રના શિક્ષકો અને સંશોધકોની વણઝાર બહાર પડી. નિવૃત્ત થતાં સુધીમાં તો દિલ્હી યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગને ભારતના નકશા ઉપર દિવાદાંડીની જેમ ખડો કરી દીધો.



સ્વાતંત્ર્ય બાદ શિક્ષણના માળખાને સુગ્રથિત અને સમૃદ્ધ કરવા માટે બે શિક્ષણપંચો નિમવામાં આવ્યાં હતાં. પ્રથમ શિક્ષણપંચના અધ્યક્ષ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને બીજા શિક્ષણ પંચના અધ્યક્ષ તરીકે ડૉ. કોઠારીએ ૧૯૬૪-૬૬ સુધી કામગીરી બજાવી. આ સાથે સાથે તેમણે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અધ્યક્ષ તરીકે ૧૯૬૧-૭૩ સુધી કામ કર્યું. આ સમયગાળા દરમ્યાન ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધતાં કોલેજો અને યુનિવર્સિટીઓની સંખ્યા ઘણી મોટી થઈ ગઈ. યુનિવર્સિટીઓની તંદુરસ્તી માટે તેમણે શૈક્ષણિક અને ઉદાર અભિગમ અપનાવ્યો હતો. પ્રાથમિક શિક્ષણની સઘનતા અને સમૃદ્ધિ માટે



ઉત્તર ધ્રુવપ્રદેશમાં તરતા હિમખંડોની કંઠાર પાસે રહેતાં વૉલરસ ખાસ ધ્યાન ખેંચે છે. ૩૦૦૦ રતલની ભારે અને કરચલીઓવાળી ઢીલીઢફ કાયા, ખભાથી માંડી છેક સુધી એકસરખું ગોળાકાર ૧૦ થી ૧૧ ફુટ લાંબું કદ અને એના ઉપલા બલડતા હોઠ પરના મૂછોનાં થોભિયાંવાળો ચહેરો એ તેની લાક્ષણિકતા છે. જોતાં જ સમજાઈ જાય કે આ કાયામાં સ્ફૂર્તિને સ્થાન ન જ હોય. એના જ વર્ગના અન્ય પ્રાણી 'સીલ' કરતાં વૉલરસ ઓછું ચપળ લાગે. એની જાડી ચામડી નીચે લગભગ ૫૦૦ રતલ જેટલું બ્લબર (ચરબીયુક્ત પદાર્થ) ભર્યું હોય છે. એક કાળે આ વૉલરસ દક્ષિણમાં છેક ફ્રાંસના કિનારા સુધી વસતા હોવાના પુરાવા મળી આવ્યા છે. વૉલરસના મોંમાં બે લાંબા દંતૂશળ હોય છે, જે ખોરાક ચાવવા સિવાય તેને અનેક રીતે કામ લાગે છે. આ સસ્તન પ્રાણી સ્વભાવે ઘણું નરમ અને અનાક્રમક છે. દંતૂશળ, ચામડી અને બ્લબરના તેલને માટે એનો ઘણો શિકાર થાય છે. એસ્કિમો લોકો એને મારી ખાય છે. માદા એક જ બચ્ચાને જન્મ આપે છે અને તેને બહુ પ્રેમપૂર્વક જતનથી ઉછેરે છે. અહીં પ્રાણીસંગ્રહસ્થાનમાં રાખેલા વૉલરસનું ચિત્ર આપ્યું છે. કુતૂહલથી પ્રેરાઈ એ પોતાના સ્થાનની આસપાસ રાખેલી આડશની બહાર જોવા મથી રહ્યું છે. શું એ આસપાસ ક્યાંય બરફીલી ભૂમિ કે સાગરની કંઠાર ખોળતું હશે ?

તેમણે તેમના હેવાલમાં ખાસ ભાર મૂક્યો છે. ત્યારબાદ તેમને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

ડૉ. કોઠારીનું વ્યક્તિત્વ એટલે શિક્ષણ અને સંશોધનનો અદ્‌ભુત યોગ. તેમણે વિવિધ કક્ષાએ પોતાની શક્તિઓનો ખજાનો ખુલ્લો રાખ્યો હતો. વિજ્ઞાન અને તકનિકી શબ્દકોશ-પંચના અધ્યક્ષ, રિસર્ચ કાઉન્સિલ ઑફ ગાંધી પીસ ફાઉન્ડેશનની કારોબારીના સભ્ય તથા સંરક્ષણ મંત્રાલયના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે એક દશકો સેવાઓ આપી છે. આ સાથે સાથે તે ઇન્ડિયન ફિઝિકલ સોસાયટી, ઇન્ડિયન નેશનલ એકેડેમી અને ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસના પ્રમુખ તરીકે રહ્યા હતા.

કોસ્મોલોજિ, ન્યૂક્લિઅર અને સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર તેમના શિક્ષણ અને સંશોધનના વિષયો હતા. આ વિષયોનાં ઘણાં સંશોધન-લેખો જગવિખ્યાત સામાયિકોમાં પ્રસિદ્ધ થયા છે. તેમના પુસ્તક 'ન્યૂક્લિઅર એક્ષપ્લોઝન એન્ડ ધેર ઇફેક્ટ્સ'એ રાજકીય વિચારકો, બૌદ્ધિકો અને માનવહિત-ચિંતકોની આંખો ખોલી નાખી છે. આ મહામૂલા ગ્રંથનો રશિયન, જર્મન અને જાપાની ભાષાઓમાં અનુવાદ થયો છે.

ડૉ. કોઠારી પ્રવર્તમાન સદીના મહાન રાષ્ટ્રવાદી શિક્ષણશાસ્ત્રી અને વિજ્ઞાની હતા. તેમનામાં ઉચ્ચ કોટિના 'શિક્ષકનો જીવ' પડ્યો હતો. (જેનો આ લખનારને અનુભવ છે). રાષ્ટ્રોન્નતિની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમણે સક્રિય સહકાર આપ્યો છે. તેમની શૈક્ષણિક શક્તિઓ, ઉમદા પ્રવૃત્તિઓ અને સંશોધન સિદ્ધિઓના ઉપલક્ષમાં ભારત સરકારે તેમને પદ્મભૂષણ તથા પદ્મવિભૂષણના ખિતાબો એનાયત કર્યા છે.

ડૉ. કોઠારી જૈન ધર્મના ઊંડા અભ્યાસી હતા. જૈન ધર્મના કેટલાક ખ્યાલોનું તેમણે પાંડિત્યપૂર્ણ વૈજ્ઞાનિક અર્થઘટન કર્યું છે. જૈન ધર્મના વૈજ્ઞાનિક અભિગમને અનુલક્ષી તેમને અણુવ્રત એવોર્ડ આપવામાં આવ્યો હતો.

અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ સાથે ડૉ. કોઠારીનું વર્ષોથી તાદાત્મ્ય રહેલું છે. એક વખત ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠમાં ડૉ. કોઠારીને એવા ઝાડુની રચના કરવાનું સૂચન કર્યું કે જેનાથી વાળનારના મોઢામાં ધૂળ ન જાય, કમ્મરએ કનડગત ન થાય અને વાળવામાં કાર્યક્ષમતા જળવાય. ગાંધીજીનું આ સૂચન અત્યંત માર્મિક હતું. એટલે કે ગાંધીજીએ આપણા દેશ તથા સમાજને અનુરૂપ પ્રદૂષણરહિત, સ્વદેશી અને કાર્યક્ષમ ટેકનોલોજિનો આગ્રહ રાખ્યો હતો. ગાંધીજીનું આ સૂચન ડૉ. કોઠારીના હૃદયને સ્પર્શી ગયું. પરિણામે ડૉ. કોઠારીના જીવનમાં અને વિવિધ કાર્યક્ષેત્રોમાં સ્વદેશીપણાની ભાવના જળવાઈ રહી. આથી ડૉ. કોઠારી ઘણી વખત અદ્યતન ટેકનોલોજિ ઘરઆંગણે વિકસાવવા હિમાયત કરતા હતા. ડૉ. કોઠારી અને ગાંધીજી એક વાતે સંપૂર્ણપણે સહમત હતા કે વિકાસ અટકતો હોય તો જ વિદેશી ટેકનોલોજિ આયાત કરવી. ગાંધીવિચારોને અનુકૂળ એવા ડૉ. કોઠારીએ ગુજરાત વિદ્યાપીઠના 'વિજ્ઞાન અને અહિંસા' વિભાગને વર્ષોથી માર્ગદર્શન આપી તેની માવજત કરી છે.


ભારતની સ્વાતંત્ર્યોત્તર પેઢીના બહુમુખી પ્રતિભાશાળી ભૌતિકશાસ્ત્રીઓના 'તાનશ્રી' ડૉ. દોલતસિંહ કોઠારી તા. ૪-૨-૯૩ની વહેલી સવારે અનંત અંતરિક્ષની યાત્રાએ નીકળી પડ્યા. દિવંગત ડૉ. કોઠારીને દિલની સલામ!

- પ્રહલાદ છ. પટેલ

નગીનદાસ પારેખ, સદ્‌ગત

૧૯ જાન્યુઆરી ૧૯૯૩ના રોજ રાત્રે જેમનું દેહાવસાન થયું તે નગીનદાસ નારણદાસ પારેખ ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે વિવેચક, અનુવાદક અને સંપાદક તરીકે ચિરસ્મરણીય રહેશે. 'ગ્રંથકીટ' તખલ્લુસથી ગ્રંથાવલોકનો લખનાર નગીનદાસનો જન્મ ૩૦ ઑગસ્ટ ૧૯૦૩ના રોજ વલસાડ ખાતે થયો હતો. માતાનું નામ જીવકોરબહેન. જ્ઞાતિ શ્રીમાળી વણિક સોની. પ્રાથમિક માધ્યમિક શિક્ષણ વલસાડમાં. કિશોરવયથી જ રાષ્ટ્રિય પ્રવૃત્તિઓમાં સંકળાયા. દારૂનાં પીઠાં પર પિકેટિંગ અને સ્વદેશીનો પ્રચાર કરતા. શ્રી વિદ્યામૃતવર્ષિણી પાઠશાળામાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ડ્રૉઇંગ એલિમેન્ટરી અને ઇન્ટરમિડિયેટ ગ્રેડની બે પરીક્ષાઓ આપી. ૧૯૨૧માં ગુજરાત વિદ્યાપીઠની 'વિનીત'ની પરીક્ષા પાસ કરી. ૧૯૨૧ થી '૨૫ સુધી ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત ગુજરાત મહાવિદ્યાલયમાં અભ્યાસ કર્યો. મહાવિદ્યાલયના ત્રૈમાસિક 'સાબરમતી'માં 'તળપદી સુરતી' નામથી ઉત્તમ લેખ લખવા માટે ૧૯૨૩માં તારાગૌરી ચંદ્રક એનાયત થયો. રા.વિ.પાઠકના હાથ નીચે ગુજરાતીનો અને ઇન્દુભૂષણ મજમુદારના હાથ નીચે બંગાળીનો અભ્યાસ કરી 'ભાષાવિશારદ'ની પદવી દ્વિતીય વર્ગમાં પ્રાપ્ત કરી. ૧૯૨૫-'૨૬માં બંગાળીના વિશેષ અભ્યાસ માટે વિશ્વભારતી, શાંતિનિકેતન ગયા. રવીન્દ્રનાથના માર્ગદર્શન પ્રમાણે ક્ષિતિમોહન સેનશાસ્ત્રી પાસે બંગાળીનો તથા રવીન્દ્ર-સાહિત્યનો અભ્યાસ કર્યો.

નગીનદાસ ૧૯૨૬માં ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક બન્યા. ૧૯૩૦માં દાંડીકૂચ પછી તેમણે કપડવંજ તાલુકામાં પ્રચારકાર્ય કર્યું. લસુંદ્રામાં છાવણી નાખી અને ધરપકડ વહોરી. જેલવાસ દરમ્યાન અધ્યાપન કર્યું. સાબરમતી અને વિસાપુરમાં જેલવાસ દરમ્યાન બંગાળીના વર્ગો ચલાવ્યા. ૧૯૩૮થી '૪૧ સુધી તેમણે વિદ્યાપીઠમાં અધ્યાપન કાર્ય કર્યું. ૧૯૪૧-'૪૨માં મહાગુજરાત પબ્લિશિંગ કંપનીમાં સંપાદક બન્યા. ૧૯૪૪ થી '૪૭ દરમ્યાન તેમણે નવજીવન પ્રકાશન મંદિરમાં કામ કર્યું. પછી ગુજરાત વિદ્યાસભા સંચાલિત ભો. જે. વિદ્યાભવનમાં અધ્યાપક થયા. ૧૯૫૫ થી '૧૯૬૯ સુધી હ.કા.આર્ટ્સ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકેની કામગીરી બજાવી નિવૃત્ત થયા. ૧૯૭૦માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર 'અભિનવનો રસવિચાર અને બીજા લેખો' માટે મળ્યો. 'ન હન્યતે'ના અનુવાદ માટે તેમને ૧૯૯૦નો



અનુવાદ માટેનો પુરસ્કાર કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ આપ્યો. ૧૯૯૨માં ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમનું બહુમાન કર્યું. કલકત્તાની ટાગોર રિસર્ચ ઇંન્સ્ટિટ્યૂટે એમને 'રવીન્દ્ર-તત્ત્વાચાર્ય'ની ઉપાધિ આપી છે.

નગીનદાસ વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા હતા ત્યારથી જ તેમની લેખન-પ્રવૃત્તિ શરૂ થઈ ગયેલી. મહાવિદ્યાલયના સાપ્તાહિક 'પંચતંત્ર'માં તેમનાં ગદ્યપદ્ય લખાણો, અનુવાદો પ્રકટ થતાં. એ સમયગાળામાં તેમણે 'ડાકઘર'ના આરંભિક ભાગનો, ઉપેન્દ્રની 'આત્મકથા'નો અને 'પરિણીતા'નો અનુવાદ કરેલો જે પાછળથી પ્રકટ થયેલ. એ વખતે તેઓ 'સાબરમતી' તથા 'યુગધર્મ'માં પુસ્તક-પરિચય લખતા. ૧૯૨૮માં તેમનું પ્રથમ પુસ્તક 'ચુંબન અને બીજી વાતો' પ્રસિદ્ધ થયું. એ જ વર્ષે રા.વિ.પાઠકની સાથે તેમણે 'કાવ્યપરિચય'ના બે ભાગોનું સંપાદન કર્યું.

'અભિનવનો રસવિચાર અને બીજા લેખો' (૧૯૬૯) એમના અભ્યાસ-લેખોનો સંગ્રહ છે. ભારતીય કાવ્યશાસ્ત્રને લગતા અભ્યાસલેખોમાં ૧૬૨ પૃષ્ઠ સુધી વિસ્તરતો 'અભિનવનો રસવિચાર' સંગ્રહનો મૂર્ધન્ય લેખ છે. આ લેખોમાં લેખકે મૂળ ગ્રંથોમાં જે તે કાવ્યશાસ્ત્રીએ કરેલી વિચારણાની વિવરણપૂર્વક મીમાંસા કરી છે. લેખકના બીજા એક વિવેચનસંગ્રહ 'વીક્ષા અને નિરીક્ષા' (૧૯૮૧)માં નાનાંમોટા ત્રેવીસ લેખો છે. 'ક્રોચેનો કલા વિચાર' અને 'ઑબ્જેક્ટિવ કોરિલેટિવ અને વિભાવાદિ' એ લેખોમાં પાશ્ચાત્ય કાવ્યવિચારની તથા અન્ય બે લેખોમાં ભારતીય કાવ્યવિચારની વિશદ મીમાંસા લેખકે કરી છે. આ ઉપરાંત 'પરિચય અને પરીક્ષા' (૧૯૬૮), 'સ્વાધ્યાય અને સમીક્ષા' (૧૯૬૯), 'ક્રોચેનું ઇસ્થેટિક અને બીજા લેખો' (૧૯૭૨) વગેરે એમના અન્ય વિવેચન-ગ્રંથો છે. સ્પષ્ટ અને વિશદ નિરૂપણ-શક્તિનાં સુભગ દર્શન એમની વિવેચનામાં થાય છે.

નગીનદાસ પાસેથી 'નવલરામ' (૧૯૬૧), 'મહાદેવ દેસાઈ' (૧૯૬૨), 'પ્રેમાનંદ' (૧૯૬૩), 'ગાંધીજી' (૧૯૬૪) જેવાં ચરિત્રલક્ષી પુસ્તકો પ્રાપ્ત થયાં છે. 'સાત ચરિત્રો' (૧૯૪૭)માં ચીનના તત્ત્વજ્ઞાની કોન્ફ્યુશિયસ, સંગીતસમ્રાટ તાનસેન, ઉદ્યોગવીર દાદાભાઈ નવરોજજી વગેરેનાં લઘુચરિત્રો ગ્રંથસ્થ થયાં છે. 'સત્તાવન' (૧૯૩૮)માં ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામનું યથાર્થ ચિત્ર ઊપસ્યું છે. 'અનુવાદની કળા' (૧૯૫૮)માં એમણે અનુવાદ વિશે સૂક્ષ્મ વિચારણા કરી છે. 'હિન્દુસ્તાની વ્યાકરણપ્રવેશ' (૧૯૪૭) એમનું તદ્વિષયક પુસ્તક છે. 'ગુર્જર સાહિત્ય સરિતા' (૧૯૬૨)માં એમણે મહાદેવ દેસાઈના પાંચ મહત્ત્વપૂર્ણ લેખોનું સંપાદન કર્યું છે. 'સાબરમતી' ત્રૈમાસિકના નવ વર્ષોના લેખોનો સંચય તેમણે 'સાબરમતી' પ્રથમ ખંડમાં કર્યો છે. વર્ષો સુધી તેમણે 'કિશોર' માસિકના તંત્રી તરીકે કામ કર્યું હતું. અન્યના સહયોગમાં એમણે 'સરકારી વાચનમાળા' (૧૯૪૯-'૫૧), 'વિશેષ વાચનમાળા' પુ. ૫-૬-૭ (૧૯૫૨-'૫૩), 'વાર્તાલહરી' ભા. ૧, ૨ (૧૯૫૫), 'સાહિત્ય પાઠાવલિ' ભા. ૧-૨-૩ વગેરે સંપાદનો કર્યાં છે.

અનુવાદક તરીકેની નગીનદાસની કામગીરી મહત્ત્વપૂર્ણ છે. બંગાળી સાહિત્યનાં વિવિધ પ્રકારનાં સંખ્યાબંધ પુસ્તકોના એમણે ગુજરાતી અનુવાદ કર્યા છે. રવીન્દ્રનાથ ઠાકુરની કૃતિઓમાં 'વિસર્જન' (૧૯૩૨), 'પૂજારિણી અને ડાકઘર' (૧૯૩૨), 'સ્વદેશી સમાજ' (૧૯૩૪), 'ઘરેબાહિરે' (૧૯૩૫), 'ચતુરંગ અને બે બહેનો' (૧૯૩૬), 'નૌકા ડૂબી' (૧૯૩૮), 'ગીતાંજલિ અને બીજાં કાવ્યો' 'પૂર્વ અને પશ્ચિમ' (૧૯૪૨), 'વિશ્વપરિચય' (૧૯૪૪), 'લક્ષ્મીની પરીક્ષા', 'પંચભૂત' 'સતી' (૧૯૪૭) વગેરે અનુવાદો એમણે આપ્યા છે. આ ઉપરાંત અન્યના સહયોગમાં એમણે રવીન્દ્રનાનાં અન્ય પુસ્તકોનાં 'ચારિત્ર્યપૂજા' (૧૯૫૦), 'એકોત્તર શતી', 'રવીન્દ્ર નિબંધમાળા-૧', 'રવીન્દ્રનાથનાં નાટકો - ૧ (૧૯૬૩) વગેરે અનુવાદ પણ એમણે કર્યા છે. 'પલ્લીસમાજ' (૧૯૩૩), 'ચંદ્રનાથ' (૧૯૩૩), 'પરિણીતા' (૧૯૩૧) વગેરે. આ ઉપરાંત બંગાળીમાંથી એમણે કરેલ અન્ય અનુવાદોમાં વિશેષ નોંધપાત્ર છે દિલીપકુમાર રૉય કૃત 'તીર્થસલિલ' (૧૯૪૨), સુરેન્દ્રનાથ દાસગુપ્તકૃત 'કાવ્યવિચાર' (૧૯૪૪), અતુલચંદ્ર ગુપ્ત કૃત 'કાવ્યજિજ્ઞાસા' (૧૯૬૦), મૈત્રેયી દેવીની આત્મકથનાત્મક નવલકથા 'ન હન્યતે' (૧૯૭૮), જરાસંઘની નવલ 'લૌહકપાટ'નો અનુવાદ 'ઊજળા પડછાયા, કાળી ભોંય' (૧૯૬૪), 'ન્યાયદંડ' (૧૯૬૬) ઇત્યાદિ. રવીન્દ્ર સાહિત્યના અભ્યાસી અબૂ સઈદ ઐયૂબના બે વિવેચનગ્રંથોના અનુવાદ પણ એમણે કર્યા છે : 'કાવ્યમાં આધુનિકતા' અને 'પાન્થજનના સખા' (૧૯૭૭). બંગાળીમાંથી સીધા થયેલા આ અનુવાદો મૂળને વફાદાર, પ્રાસાદિક અને વિશદ છે. અલબત્ત, ગદ્યાનુવાદમાં એમને જે સફળતા મળી છે તે પદ્યાનુવાદમાં મળી નથી.


એમણે કેટલાક ઉપયોગી અંગ્રેજી ગ્રંથોના પણ અનુવાદો આપ્યા છે : રાધાકૃષ્ણન કૃત 'કલ્કી અથવા સંસ્કૃતિનું ભાવિ' (૧૯૩૯), જવાહરલાલ નેહરુ કૃત 'રાષ્ટ્રભાષાનો સવાલ' (૧૯૪૯), એબરક્રોમ્બિના પુસ્તકનો અનુવાદ 'સાહિત્યવિવેચનના સિદ્ધાંતો' (૧૯૫૭), વર્સફોલ્ડના પુસ્તકનો અનુવાદ 'સાહિત્યમાં વિવેક' (૧૯૫૮), યુરોપની ઉત્તમ ગણાતી ત્રણ દીર્ઘ નવલિકાઓનો અનુવાદ 'નિ:સંતાન' (૧૯૪૨), જે. સી. કુમારપ્પાના પુસ્તકનો અનુવાદ 'ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ' (૧૯૪૫) વગેરે. 'વામા' (૧૯૪૭) નવે નામે ને ચાર નવી વાર્તાઓના ઉમેરણ અને એકની બાદબાકી સાથે પ્રકટ થયેલ 'ચુંબન અને બીજી વાતો'ની બીજી આવૃત્તિ છે. અનુવાદના ક્ષેત્રમાં એમનું શકવર્તી કામ તો બાઈબલનો સંપૂર્ણ અનુવાદ. અંગ્રેજીમાંથી થયેલા અનુવાદો પણ મૂળને વફાદાર અને શ્રદ્ધેય છે.

નગીનભાઈએ કાવ્યતત્ત્વવિચારને લગતાં મહત્ત્વના સંસ્કૃત ગ્રંથોના અનુવાદો પણ આપ્યા છે. એમાં 'ધ્વન્યાલોક : આનંદવર્ધનનો ધ્વનિવિચાર' (૧૯૮૫) ઉલ્લેખનીય છે. એમણે 'વિદ્યાર્થ પોતે વાંચીને સમજી શકે એવા વિવરણ સાથે' અનુવાદ આપ્યો છે. અનુવાદની સાથે વિસ્તૃત ટિપ્પણ પણ આપ્યું હોઈ મૂળ ગ્રંથના બધા મુદ્દા સ્પષ્ટ થાય છે. કુન્તકના 'વક્રોક્તિજીવિત' તથા 'મમ્મટનો કાવ્યવિચાર' (૧૯૮૭)ના અનુવાદો સટિપ્પણ છે. આ સર્વ અનુવાદો દ્વારા એમણે ભારતીય કાવ્યાચાર્યોની વિચારણાને ગુજરાતીમાં સુલભ બનાવી છે.

નવ દાયકાનું એમનું જીવન એટલે અવિરત શબ્દયોગ. શબ્દના આ સાચા પારેખે જીવનનાં પચાસ વર્ષ તો રીતસર અધ્યાપનનું કામ કર્યું. એમણે મૌલિક અને અનુવાદના થઈ દોઢસો જેટલા ગ્રંથો આપ્યા છે. એમના જેટલી નિષ્ઠાથી બહુ ઓછા સાહિત્યકારોએ ગુજરાતી ભાષાને ખેડી હશે. આજે આવા યોગી અધ્યાપકનું અસ્તિત્વ વિરલ બન્યું છે.

- પ્રસાદ બ્રહ્મભટ્ટ

ગોકળગાય



ગ્રેટ આફ્રિકન લેન્ડ સ્નેઈલ' નામે ઓળખાતી ગોકળગાયની આ એક જાત તેના નામ પ્રમાણે ખરેખર મોટા કદનની હોય છે. ૧૫ ઈંચ (૪૨.૫ સે.મી.) જેટલી તેની લંબાઈ હોય છે. કેટલેક સ્થળે તેનો ખાસ ઉછેર થાય છે, કારણ તે ખાવામાં સ્વાદિષ્ટ મનાય છે. વર્ષ દરમિયાન એ ૫૦૦ જેટલાં ઈંડાં મૂકે છે. આ ઈંડાંનો પણ ઘણો સારો ભાવ ઊપજે છે, કેમ કે તે અચ્છા વાજીકર ગણાય છે. આ ગોકળગાય બધું જ ખાય છે. એટલે ખેતીવાડી માટે એ આફત સર્જી શકે. પણ નિષ્ણાતો કહે છે કે ખાવા કરતાં યે પ્રજનનમાં તેને વધુ રસ છે અને એ માટે તેને ઉષ્ણ હવામાન જોઈએ છે, એટલે એનો ઉછેર એટલો ભયપ્રદ નથી. વળી, એમની લાક્ષણિક ધીમી ચાલને કારણે પણ એ આસપાસમાં ઝડપથી ફેલાઈ શકતી નથી.

ગ્રીષ્મનું અમૃતફળ-કેરી

ભારતને મળેલાં વરદાનોમાંથી એક છે આમ્રફળ - કેરી. દુનિયાભરમાં સૌથી વધુ, સૌથી સારી અને સૌથી વધુ પ્રકારની કેરી આપણા દેશમાં છે, અને પ્રત્યેક ભારતવાસી - ગરીબ કે તવંગર - હર ગ્રીષ્મ ઋતુમાં તેનો સ્વાદ અચૂક માણે છે. ઉનાળા જેવી અરુચિકર, અશક્તિજનક ઋતુમાં કેરી અમૃત સમાન ફળ ગણાય છે. કેરીના મુખ્ય બે પ્રકાર છે : કાપીને ખાવાની કેરી અને ચૂસવાની કેરી. ચૂસવાની કે રસની કેરી પચવામાં હળવી, હૃદયને વધુ હિતકારી અને રસ તથા રક્તધાતુને વધારનારી છે. જ્યારે કાપવાની કેરી પચવામાં જરા ભારે, કફકારક તેમ જ માંસમેદને વધારનારી છે. દૂબળા માણસનું વજન સપ્રમાણ કરે છે ને જાડા માણસને વધુ જાડા કરે છે.

કેરી વાયુનું શમન કરતી હોઈ આમવાત સિવાયના વાયુના રોગોમાં પણ છૂટથી ખાઈ શકાય. મધુર અને ખૂબ પાકી કેરી પિત્તનું શમન કરે છે. તાસીરમાં એ ઠંડી છે. બરફમાં મૂકીને ઠંડી કરેલી કેરી કે તેનો ઠંડો રસ ઘી-ખાંડ મેળવીને ખાવાથી પિત્તનું સવિશેષ શમન થાય છે. છતાં મંદાગ્નિ કે અજીર્ણવાળી વ્યક્તિએ કાપવાની કેરીના વપરાશમાં વિવેક રાખવો જોઈએ. કેરીનો વાસી કે ડબામાં તૈયાર મળતો રસ અને કમોસમમાં ખવાતો રસ વાયુ અને કફના રોગો પેદા કરે છે. કાપવાની કેરીનો વધુ પડતો ઉપયોગ જડતા આણે છે. વિદ્યાર્થી, બુદ્ધિજીવી અને સતત પ્રવૃત્તિશીલ લોકોએ આ કેરીના ઉપયોગમાં વિવેક જાળવવો જોઈએ. સહેજ ખટાશવાળી ચૂસવાની કેરી જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. લાંબી માંદગી અને મંદાગ્નિને કારણે રુચિ અને પાચન ઘટ્યાં હોય તેવા લોકો સવાર-બપોર-સાંજે એકાદ કેરી ચૂસવાનું રાખે તો ભૂખ, પાચન અને રુચિમાં વધારો થાય છે.

પાકી કેરી અનેક રીતે હિતકારક હોવા છતાં તેનો અતિ ઉપયોગ કરાય તો સ્થૂળતા, આળસ, અતિનિદ્રા, ગૌરવ, અરુચિ, મંદાગ્નિ, કૃમિ, પ્રમેહ, માંસવૃદ્ધિ, ખજવાળ, સ્રોતાવરોધ, સ્તબ્ધતા, કબજિયાત, મેલેરિયા, આંખો દુખવી, સોજા, ગૂમડાં, ખીલ, માંસદુષ્ટિ વગેરે રોગો થાય છે.

કેરીનો ઉપયોગ કરતાં પહેલાં તેને બે-ત્રણ કલાક પાણીમાં બોળી રાખવાથી તેની આંતર-બાહ્ય શુદ્ધિ થાય છે.

ચતુર સ્ત્રીઓ કેરીના રસને સૂકવી તેના પાપડ બનાવે છે. એ જ રીતે કેરીનાં છાલગોટલા ફેંકી ન દેતાં તેને સ્વચ્છ પાણીમાં ધોઈ તે પાણી વાપરી સ્વાદિષ્ટ કઢી બનાવે છે.

કેરીની સૂકવેલી છાલને વાટી અતિસાર, રક્તાતિસાર, કોલેરા, પ્રદરમાં આપી શકાય છે. કેરીની ગોટલી પણ ઘણી જ ઉપયોગી છે. પોષક આહાર તરીકે તેનો ઉપયોગ થાય છે. આ ગોટલીને સૂકવીને તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી રાખવું. તે રક્તાર્શમાં નાગકેસર, કડુ, માખણ કે છાશ સાથે; અજીર્ણમાં મધ, હરડે કે સિંધવ સાથે; કૃમિમાં વાવડિંગ, દાડમ કે ઇન્દ્રજવ સાથે; રક્તાતિસાર, આમાતિસાર અને અતિસારમાં સૂંઠ અને છાશ સાથે; ઊલટીને અટકાવવા મધ સાથે; હૃદયદાહમાં ઘી અને સાકર સાથે; પ્રદરમાં આમળાંનો રસ, સૂંઠ, નાગકેસર, લોધર, માયું કે શુદ્ધ થોડી ફટકડી સાથે અપાય છે. વધારે પડતો પસીનો થતો હોય તો ગોટલીનું ચૂર્ણ ચોળીને ઠંડા પાણીથી સ્નાન કરવું. રક્તપિત્ત અને ઉર:ક્ષતમાં અરડૂસીના રસ સાથે; અત્યાર્તવમાં સૂંઠ, ફટકડી કે છાશ સાથે; બહુમૂત્રતામાં મધ સાથે લઈ શકાય છે. અવાળુ ફૂલ્યાં હોય તો માયું, લાખ, લોધર અને તે સર્વ સમાન ગોટલી ચૂર્ણ મેળવી ઘસવું. રક્તસ્રાવમાં લોધર, હરડે અને ગેરુ સાથે મેળવી ઘા ઉપર દાબીને પાટો બાંધી દેવો. નસકોરી ફૂટવામાં અન રક્તપિત્તમાં બકરીના દૂધમાં મેળવીને નસ્ય આપવું.

કેરીની ગોટલીમાંથી કાઢેલું તેલ જીર્ણ સંધિવા, દાહરહિત શૂળ, મુખરોગ, ખજવાળ વગેરેમાં વપરાય છે.

કેરીની શેકેલી ગોટલીનો મુખવાસ તરીકે પણ ઉપયોગ થાય છે.

કેરીનો મુરબ્બો રક્તશોધક, રક્તવર્ધક, હાથપગનો દાહ શમાવનાર, આંખોની ખોટી ગરમીનો નાશ કરનાર છે.

કાચી કેરીના વધૂકા ઉપયોગથી રક્તદોષ, દાંત અંબાઈ જવા, માથાનો દુખાવો, સાંધા ઝલાઈ જવા, કળતર, શુક્રક્ષય, વિદાહ, આમવાત, જ્વર વગેરે અમ્લરસથી થતા ઉપદ્રવો પેદા થાય છે.

કેરી અમૃત-ફળ હોવા છતાં -

કોઈ પણ પ્રકારના તાવમાં કેરી ન ખાવી. શરીરમાં આંતર કે બાહ્ય કોઈ પણ પ્રકારના સોજામાં જડત્વ, ગુરુત્વ સ્નિગ્ધત્વથી અને અમ્લમધુર રસથી કેરી સોજાને વધારે છે. આમવાતના દર્દીએ કેરી થોડી પણ ખાવી નહીં; અન્યથા તેને થતો દુખાવો અને સોજો વધ્યા વિના રહેતો નથી. સવારે થતા કેડ, ઢીંચણ, ગરદન, ખભા વગેરેના શૂળવાળાએ પણ કેરી ખાવી નહીં. મેદસ્વી માણસોએ પણ કેરીને વર્જ્ય ગણવી. કફજ, પિત્તજ કે કૃમિજ હૃદયરોગ તેમ જ રુમેટિક હાર્ટમાં પણ કેરી પ્રતિકૂળ છે. ડાયાબિટીસમાં કેરી ખાવી નહીં. આંખોના આંજણી, આંખો આવવી, ખીલ વગેરેમાં પણ કેરી હિતાવહ નથી. અમ્લપિત્ત, અથવા વિદગ્ધાજીર્ણમાં ખાટી કેરી અને વધુ પડતી કેરી નુકસાન કરે છે. કૃમિ, કાકડા, શરદી કે શ્વાસમાં કેરી ખાવાથી કફ વધીને રોગવૃદ્ધિ થાય છે. ધોળો કોઢ, સોરાયસીસ, ખસ, ખરજવું, ગૂમડાં, દાદર, કરોળિયો, ખીલ, ખોડો વગેરે તમામ ચર્મરોગમાં પણ કેરી વર્જ્ય છે.

દૂધ સાથે અથવા એ બંને વચ્ચે બેએક કલાકનું અંતર રાખ્યા વિના કેરી ખાવામાં આવે તો વિરુદ્ધ આહારજન્ય ચામડીના રોગો, શીળસ, અમ્લપિત્ત, અળાઈ, આમવાત વગેરે થાય છે. આ રીતે કેરીના રસમાં દૂધ નાખીને કે કેરી નાખીને દૂધમાં બનાવેલું ફ્રૂટ સલાડ તેમજ કેરીનો મિલ્કશેઈક પણ વિરુદ્ધ આહાર સમાન જ છે. દૂધની સાથે કે તેમાં નાખીને કોઈ પણ ફળ ખાવું જોઈએ નહીં.

- શોભન

સજજન ધાગા પ્રીતકા, ખેંચો મત તૂટ જાય;
તૂટે ફિર જો સાંધીએ, બિચ ગાંઠ પડ જાય.

આપણા એક રાષ્ટ્રપતિના જીવનનો આ પ્રસંગ છે. એક વાર એમના પગરખામાં ખીલીની ઘોંચ અસહ્ય બનતાં એમણે પોતાના અંગત મંત્રીને નવાં પગરખાં લઈ આવવા જણાવ્યું. એમના રોકાણસ્થાનથી આઠ-દસ માઈલ દૂર આવેલા પગરખાંના કારખાનેથી મંત્રીશ્રી ગાડી હંકારી નવાં પગરખાં લઈ આવ્યા. રાષ્ટ્રપતિએ પૂછ્યું, 'કેટલામાં આવ્યાં ?'

'ઓગણીસ રૂપિયામાં.' મંત્રીએ જવાબ આપ્યો. રાષ્ટ્રપતિએ જણાવ્યું, 'અગાઉ તો અગિયાર રૂપિયામાં લીધાં હતાં. એ પણ સારું ચાલ્યાં.'

'સાહેબ, જોડાં મોંઘાં છે, પણ આપને શોભા આપે તેવાં છે.' મંત્રીએ ખુલાસો કર્યો.

રાષ્ટ્રપતિએ જણાવ્યું, 'ના, પણ મારે તો ગામડાનો માણસ પહેરે તેવાં સાદાં જોડાં જ ચાલે.'

'આપ કહેતા હો તો બદલી લાવું.' મંત્રીએ કહ્યું.

રાષ્ટ્રપતિ બોલ્યા, 'આજે નહિ; આવતી કાલે આપણે ત્યાંથી પસાર થવાના છીએ ત્યારે બદલી લઈશું.'

આઠદસ માઈલ દૂરના કારખાને ફરીથી પેટ્રોલ બાળીને જવાનું અયોગ્ય ગણતા અને એ રીતે રાષ્ટ્રિય મૂડીનો દુર્વ્યય ન કરવાનું વિચારતા એ હતા સાદગીના હિમાયતી બાબુ રાજેન્દ્રપ્રસાદ.

¤

ભારતની સૌપ્રથમ નેરોગેજ રેલવે વડોદરા રાજ્યે શરૂ કરી હોવાનું મનાય છે. ઈ. ૧૮૯૨માં ગાયકવાડ સ્ટેટ રેલવેના નામથી એ ઓળખાતી હતી.

¤

છૂંદણાં કંઈ આપણે ત્યાં જ નથી છૂંદાવાતાં. ન્યૂ જર્સીના નોર્થ પ્લેઈનફિલ્ડના રહેવાસી વોલ્ટર સ્ટીગ્લીસે પોતાના શરીર પર ૫,૫૫૨ છૂંદણાં છૂંદાવ્યાં છે !

¤

જાંબુનાં કુમળાં પાન વાટીને પીવાથી ઊલટીમાં રાહત થાય છે.

¤

આપણા રાષ્ટ્રપતિ ભવનના બેંક્વેટ હૉલમાં સાગનું બનેલું જે વિશાળ ટેબલ છે તેને ફરતા એકસાથે ૧૦૪ માણસ ભોજન લેવા બેસી શકે તેટલું એ મોટું છે.

¤

લિવરપુલ (યુ.કે.)માં મર્સી નદીની પાસે ૧૯૮૪માં ઇન્ટરનેશનલ ગાર્ડન ફેસ્ટિવલ પ્રસંગે ભારત સરકારે વૃષભનું એક ભીમકાય શિલ્પ ભેટ આપ્યું હતું. કૉંક્રિટનું બનેલું ત્રણ મીટર લાંબું આ શિલ્પ ગુજરાતના કંજરી ગામના ધ્રુવ મિસ્ત્રીએ બનાવેલું છે.

¤

પુરુષે પોતાની દાઢી જાતે બનાવી હોય તેવો સૌપ્રથમ કિસ્સો લગભગ બે હજાર વર્ષ પહેલાંનો મનાય છે. એ દાઢી બનાવનાર એ વ્યક્તિ તરીકે રોમના સમ્રાટ ઑગસ્ટસના નામનો ઉલ્લેખ જોવા મળે છે.

¤

સ્કૉટલૅન્ડના તબીબ જેમ્સ મુઅટ (૧૬૫૬ થી ૧૭૭૬) ૧૨૦ વર્ષના આયુકાળમાં ૯૫ વર્ષ સર્જન તરીકે સક્રિય રહ્યા હતા.

¤

કોથમીર સાથે આદુ, લીલાં મરચાં, ફુદીનો, લસણ, ખજૂર, સિંધવ અને જીરું મેળવીને તૈયાર કરેલી ચટણી ભોજન સાથે લેવાથી ભૂખ ઊઘડે છે.

¤

૧૯૯૧માં રોડસ્ટર-બી.એમ.ડબ્લ્યુ. પ્રકારની મોટર કાર ઉપર ૬૫.૧૨ કૅરેટના હીરા મઢીને તેને જાપાનના ટોકિયો ખાતે પ્રદર્શનમાં મૂકવામાં આવી હતી. આ હીરાઓની કુલ કિંમત ૭,૩૦,૦૦૦ ડૉલર હતી !

¤

'કેટલી જહેમત લઈને મેં આ વાનગી તૈયાર કરી છે !' પત્નીએ પતિ સામે ડિશ ધરતા કહ્યું.

'અને કેટલી જહેમત લઈને મારે તે ગળે ઉતારવી પડશે !' પત્નીના હાથમાંથી ડિશ લેતા પતિએ ઉત્તર આપ્યો.

¤

યુધ્દ્માં આનંદ લેવો એ સૈનિક માટે સદ્ગુણ છે, સેનાપતિ માટે ભયજનક લક્ષણ છે અને રાજપુરુષ માટે મોટામાં મોટો ગુનો છે.

સાન્તાયાના

¤

ઓરેગોનના રોઝબર્ગમાં રહેતી નિના રસ્ટ નામની એક સ્ત્રીએ પોતાનો ૯૯મો જન્મદિવસ હાથી પર સવારી કરીને તથા ૧૦૬મો જન્મદિવસ મોટર સાઈકલની સવારી કરીને ઊજવ્યો હતો !

¤



કલાકણિકા : ઈ. ૯૧૮ થી ૧૩૯૧ દરમિયાન કોરીઆમાં કોરીઓ રાજવંશનું શાસન હતું. એ દરમિયાન ચીનનો કલાપ્રભાવ ઝીલ્યાં છતાં કોરીઆની આગવી કલાપ્રતિભા જળવાઈ રહી હતી. સુવર્ણશોભન જડિત ત્યાંનું આ અગિયારમી/બારમી સદીનું રૌપ્ય પાત્ર તેનું એક દુર્લભ ઉદાહરણ છે.